gujaratvandan.com

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

રવિવાર, 15 જાન્યુઆરી 2023 | પોષ વદ 08, વિક્રમ સંવત 2079 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 260 | વર્ષ : 06 | અંક : 36 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લીલીઝંડી બતાવી ક્રૂઝને પ્રસ્થાન કરાવ્યું...

# વારાણસીથી ડિબ્રુગઢ વિશ્વની સૌથી લાંબી રિવર ક્રૂઝ યાત્રાનો પ્રારંભ

### ગંગામૈયા માત્ર કોઈ એક નદી નથી પણ ભારત વર્ષની સદીઓની ઘોર તપસ્યાની સાક્ષી છેઃ મોદી

ગુજરાત | વંદન

સમગ્ર વિશ્વમાં સૌ પ્રથમ ભારતમાં સૌથી લાંબી રિવર ક્રૂઝ યાત્રાનું પ્રારંભ થયો છે. સામાન્ય રીતે સુખ-સુવિધા સાથેનું ક્રૂઝદરિયામાં ચાલતુ હોય છે, પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દીર્ઘદ્રષ્ટી અને આયોજનના કારણે ભારતમાં સાત નદીઓને જોડતી દુનિયાની સૌ પ્રથમ રિવર ક્રૂઝ યાત્રા શરુ થઈ છે, જે 51 દિવસમા અંદાજે 3200 કિલોમીટરનો પ્રવાસ કરશે. આ યાત્રાને સારો એવુ પ્રતિભાવ મળ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પોતાના મતવિસ્તાર અને ભારતની ધાર્મિક નગરી વારાણસીને બે ભેટ આપી હતી. પહેલી ભેટ ગંગા વિલાસ ક્રૂઝ અને બીજી 5 સ્ટાર ટેન્ટ સિટી. વડાપ્રધાને વર્ચ્યુઅલી ઉદઘાટન કર્યુ હતુ. ગંગા વિલાસ ક્રૂઝ દુનિયાની સૌથી લાંબી રિવર ક્રૂઝ યાત્રા પર નીકળશે. આ દરમિયાન એ 3200 કિલોમીટરની સફર કરશે. એ વારાણસીથી આસામના ડિબ્રુગઢ સુધી જશે. વડાપ્રધાને કહ્યું કે, “આ ક્રૂઝ યુપી, બિહાર, આસામ, બંગાળ અને બાંગ્લાદેશની મુલાકાત દરમિયાન તમામ પ્રકારની સુવિધાઓ પૂરી પાડશે. હું તે તમામ વિદેશી પ્રવાસીઓને ખાસ અભિનંદન આપું છું જેઓ પ્રથમ પ્રવાસ શરૂ કરવા જઈ રહ્યા છે. હું કહીશ કે ભારત તમે કલ્પના કરી શકો તે બધું છે. ભારતને શબ્દોમાં સમજાવી શકાતું નથી, તે આપણને હૃદયથી સમજાવી શકે છે.” વડા પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે, “ક્રુઝ પ્રવાસનનો નવો તબક્કો આ ક્ષેત્રમાં રોજગાર અને સ્વ-રોજગારની નવી તકો પ્રદાન કરશે. વિદેશી પ્રવાસીઓ તેમજ દેશના પ્રવાસીઓ માટે આ એક વિશેષ અનુભવ હશે. આ ક્રૂઝ લાવશે. જ્યાંથી પસાર થાય છે ત્યાં વિકાસની નવી રોશની. કાળજી.” નોધનીય છે કે આ ક્રૂઝ 5 રાજ્ય અને ...અનુસંધાન પેજ નં. 6 પર




**સુવિધાઓ**

18 સ્યૂટ્સ, રેસ્ટોરાં, બાર, સ્પા, સનડેક, જિમ. 40 સીટ ધરાવતી રેસ્ટોરાંમાં કોન્ટિનેન્ટલ અને ભારતીય ફૂડ સાથે બુફે કાઉન્ટર છે. આઉટડોર બેઠકમાં સ્ટીમર ચેર અને કોફી ટેબલ સાથેનો બાર છે. બાથટબ, કન્વર્ટિબલ બેડ, ફ્રેન્ચ બાલ્કની, LED ટીવી, સેફ, સ્મોક એલાર્મ, લાઈફ વેસ્ટ અને સ્પ્રિંકલર સાથેના બાથરૂમ પણ છે.

## ગંગા વિલાસની વિશેષતા

MV ‘ગંગા વિલાસ’ ક્રૂઝમાં 36 પ્રવાસીઓ અને તમામ સુવિધાઓ અને 18 સ્યુટની ક્ષમતા સાથે ત્રણ ડેક છે. ક્રૂઝમાં જિમ, સ્પા સેન્ટર, લાઈબ્રેરી અને અન્ય વસ્તુઓ છે. સ્વિટ્ઝર્લેન્ડ અને જર્મનીના 31 મુસાફરોનું એક જૂથ ક્રૂઝમાં સવાર છે અને જહાજના 40 ક્રૂ સભ્યો સાથે ક્રૂઝ માટે રવાના થઈ ગયું છે.

**યાત્રાનો સમય**
51 દિવસ
**અંતર**
3200 કિલોમીટર
**ભાડું**
19 લાખ રૂપિયા, સ્યૂટનું ભાડું 38 લાખ.

ક્રૂઝનો રૂટ-ગંગા-ભાગીરથી-હુગલી રિવર સિસ્ટમ(નેશનલ વોટર વે 1), કોલકાતાથી ધુબરી(ઈન્ડો બાંગ્લા પ્રોટોકોલ રૂટ) અને બ્રહ્મપુત્ર(નેશનવ વોટર વે 2). રસ્તામાં 27 નદીઓ પડે છે. ગંગા, ભાગીરથી, હુગલી, વિદ્યાવતી, માતલા, સુંદરવન રિવર સિસ્ટમ-5, મેઘના, પદ્મા, જમુના અને બ્રહ્મપુત્ર જેવી 27 નદી વચ્ચે આવે છે.

**ખાસિયત**

62.5 મીટર લાંબી અને 12.8 મીટર પહોળી, 40 હજાર લિટરની ઈંધણની ટાંકી અને 60 હજાર લિટરની પાણીની ટાંકી. અપ સ્ટ્રીમમાં ક્રૂઝની ઝડપ 10થી 12 કિમી પ્રતિ કલાક છે. ડાઉન સ્ટ્રીમમાં ક્રૂઝની ઝડપ 15થી 20 કિમી પ્રતિ કલાક છે.

## ન્યૂઝ બ્રિફ

### જેડીયૂના વરિષ્ઠ નેતા શરદ યાદવનું નિધન, 4 વાર રહ્યા કેબિનેટ મંત્રી



દેશના સમાજવાદી નેતા તરીકે ઓળખાતા 75 વર્ષીય શરદ યાદવનું ગુરુવારે મોડી સાંજે દિલ્હીમાં નિધન થયું હતું. શરદ યાદવ નથી રહ્યા પરંતુ તેમનો ઈતિહાસ દેશની રાજનીતિમાં ચોક્કસ અમર રહેશે. શરદ યાદવ સ્થાયી અને પ્રમાણિક છબી ધરાવતા નેતા હતા. તેઓ દેશના પહેલા સાંસદ હતા જે ત્રણ રાજ્યોમાંથી સાંસદ રહ્યા હતા. મૂળ તો તેઓ મધ્યપ્રદેશના જબલપુરના રહેવાસી હતા, પરંતુ બિહારના રાજકારણમાં પણ તેમણે અદ્ભુત કામ કર્યું છે. ચૂંટણી મેદાનમાં તેમણે આરજેડી સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવની ચાલને પણ નિષ્ફળ બનાવી છે.

### ક્રિકેટર ઋષભ પંતને મેદાનમાં પહોંચતા લાગી શકે છે લાંબો સમય

ઋષભ પંત હાલ ઈજામાંથી સાજો થઈ રહ્યો છે. વર્ષ 2022ના અંતમાં તેનો ભયંકર કાર અકસ્માત નડ્યો થયો. તે દિલ્હીથી રૂડકી સ્થિત પોતાના ઘરે જઈ રહ્યો હતો. જણાવી દઈએ કે, શરૂઆતમાં તેમની સારવાર દેહરાદૂનમાં ચાલી હતી. આ બાદ, BCCIએ તેને વધુ સારવાર માટે મુંબઈ રિફર કર્યો હતો. હાલ તેઓ કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે આ દરમિયાન પંતના સ્વાસ્થ્યને લઈને એક મોટું અપડેટ સામે આવ્યું છે. જેમાં જણાવવામાં આવી રહ્યું છે કે, તેમને પોતાના પગ પર ઉભા થવામાં ઘણો સમય લાગી શકે છે. શરૂઆતમાં તેનું ઓપરેશન વોકર દ્વારા કરવામાં આવશે. તાજેતરમાં તેના જમણા પગના લિગામેન્ટનું ઓપરેશન કરવામાં આવ્યું હતું.



### રાજધાની દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસ પહેલા આતંકી ષડયંત્ર નિષ્ફળ

પ્રજાસત્તાક દિવસ પહેલા રાજધાની દિલ્હીમાં આતંકવાદીઓના એક મોટા કાવતરાને નિષ્ફળ બનાવતા બે શકમંદોની ધરપકડ કરવામાં આવી છે. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે આતંકવાદી સંગઠનો સાથે જોડાયેલા બે લોકોની ધરપકડ કરી છે. પકડાયેલા શકમંદોએ ટાર્ગેટ કિલિંગનો પ્લાન બનાવ્યો હતો. સ્પેશિયલ સેલે શંકાસ્પદના મોબાઈલમાંથી આતંકવાદી પ્લાનિંગની બ્લુ પ્રિન્ટ મેળવી લીધી છે. સ્પેશિયલ સેલ બંનેની પૂછપરછ કરી રહી છે. પોલીસે જણાવ્યું કે આરોપીઓની ઓળખ ઉત્તરાખંડના ઉધમ સિંહ નગરના રહેવાસી જગજીત સિંહ ઉર્ફે જગ્ગા (29) અને દિલ્હીના જહાંગીરપુરીના રહેવાસી નૌશાદ (56) તરીકે થઈ છે. તેમની પાસેથી ત્રણ પિસ્તોલ અને 22 કારતૂસ મળી આવ્યા હતા.

## 31 જાન્યુ.થી સંસદનું બજેટ સત્ર, 6 એપ્રિલ સુધી ચાલશે

### નાણામંત્રી સીતારમન 1 ફેબ્રુઆરીએ બજેટ રજૂ કરશે

ગુજરાત | વંદન

સંસદનું બજેટ સત્ર 31 જાન્યુઆરીથી શરૂ થશે. આ સત્ર 6 એપ્રિલ 2023 સુધી ચાલશે. સત્રની શરૂઆત લોકસભા અને રાજ્યસભાના સંયુક્ત સત્રથી થશે. આ દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ બંને ગૃહોને સંબોધિત કરશે. નાણામંત્રી નિર્મલા સીતારમણ બજેટ સત્ર દરમિયાન 1 ફેબ્રુઆરી 2023ના રોજ બજેટ રજૂ કરશે.

કેન્દ્રીય સંસદીય બાબતોના પ્રધાન પ્રહલાદ જોશીએ શુક્રવારે ટ્વિટ કર્યું, “સંસદનું બજેટ સત્ર 31 જાન્યુઆરીથી શરૂ થશે અને સામાન્ય રજા સહિત 66 દિવસમાં 27 બેઠકો સાથે 6 એપ્રિલ સુધી ચાલશે. અમૃત કાલ વચ્ચે રાષ્ટ્રપતિના સંબોધન, કેન્દ્રીય બજેટ અને અન્ય વસ્તુઓ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચા કરવા માટે આતુર છીએ. તેમણે માહિતી આપી હતી કે બજેટ સત્ર 2023 દરમિયાન, 14 ફેબ્રુઆરીથી 12 માર્ચ સુધી રજા રહેશે, જેથી વિભાગ-સંબંધિત સંસદીય સ્થાયી સમિતિઓ અનુદાન માટેની માંગણીઓની તપાસ કરી શકે અને તેમના મંત્રાલયો અને વિભાગો સંબંધિત અહેવાલો તૈયાર કરી શકે.

66 દિવસના સમયગાળામાં 27 બેઠકો થશે અને નાણામંત્રી નિર્મલા સીતારમણ 1 ફેબ્રુઆરીએ કેન્દ્રીય બજેટ રજૂ કરે તેવી શક્યતા છે. આ



પાંચમું કેન્દ્રીય બજેટ હશે જે નાણામંત્રી સીતારમણ રજૂ કરશે. કેન્દ્રીય બજેટ 2024 ની રાષ્ટ્રીય ચૂંટણી પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર હેઠળના છેલ્લા સંપૂર્ણ વર્ષના બજેટ તરીકે રજૂ કરવામાં આવશે .

બજેટ સત્રના પ્રથમ ભાગ દરમિયાન, રાષ્ટ્રપતિના અભિભાષણ ...અનુસંધાન પેજ નં. 6 પર

**બજેટ સત્રનો બીજો ભાગ સંસદની નવી ઇમારતમાં યોજાય તેમ મનાય છે**

નવા સંસદ ભવનનું કામ સેન્ટ્રલ વિસ્ટાના વિકાસના ભાગરૂપે કરવામાં આવી રહ્યું છે. સંસદના નિર્માણ સાથે સંકળાયેલા લોકોને વિશ્વાસ છે કે બજેટ સત્રનો બીજો ભાગ સંસદની નવી ઈમારતમાં યોજવામાં આવી શકે છે. છેલ્લા સત્ર દરમિયાન નવ બિલ લોકસભામાં રજૂ કરવામાં આવ્યા હતા અને સાત બિલ સંસદના નીચલા ગૃહ દ્વારા પસાર કરવામાં આવ્યા હતા. રાજ્યસભાએ નવ ખરડા પસાર કર્યા અને સત્ર દરમિયાન સંસદના બંને ગૃહો દ્વારા પસાર કરાયેલા બિલોની કુલ સંખ્યા નવ હતી.

## કેન્દ્ર સરકારે 10 લાખ ટન તુવેર આયાત કરી મોંઘવારીમાં રાહતઃ ટૂંક સમયમાં દાળ સસ્તી થવાની શક્યતા

ગુજરાત | વંદન

કેન્દ્ર સરકારે ખાનગી વેપાર દ્વારા લગભગ 10 લાખ ટન શ્રેષ્ઠ ગુણવત્તાની તુવેર દાળની આયાત કરવાની આગોતરી યોજના બનાવી છે. તુવેર દાળની અછતની આશંકા વચ્ચે સરકારે આ પગલું ભર્યું છે. આવશ્યક ચીજવસ્તુઓ, ખાસ કરીને કઠોળ અને ડુંગળીના ભાવોની સમીક્ષા કરવા માટે કેબિનેટ સચિવ દ્વારા બોલાવવામાં આવેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં આ મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી.

કૃષિ મંત્રાલયના પ્રારંભિક અંદાજ મુજબ, પાક વર્ષ



2022-23 (જુલાઈ-જૂન)માં તુવેરનું ઉત્પાદન અગાઉના વર્ષના 43.4 લાખ ટનથી ઘટીને 38.9 લાખ ટન થવાની ધારણા છે. અરહર એ ખરીફ પાક છે. ગ્રાહક બાબતોના સચિવ રોહિત કુમાર સિંહે પત્રકારોને જણાવ્યું હતું કે, ગુલબર્ગા વિસ્તારોમાં (કર્ણાટકમાં) ...અનુસંધાન પેજ નં. 6 પર

## ગુજરાતીઓના પ્રિય સ્થળ હિમાચલમાં ભારે હિમવર્ષા

### બરફની સફેદ ચાદરથી ઢંકાયું કુલ્લુ-મનાલી

ગુજરાત | વંદન

હિમાચલ પ્રદેશના કુલ્લુમાં અદભૂત હિમવર્ષા થઈ રહી છે. અહીં મલાણા ગામમાં વૃક્ષો અને પર્વતો બરફની ચાદરથી ઢંકાયેલા છે. અહીં તાપમાન -3 ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટી ગયું છે અને સુંદર હિમવર્ષાને કારણે આખી ખીણ સફેદ થઈ ગઈ છે. રાજ્યના કેટલાક જિલ્લાઓમાં વરસાદની પણ શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર નારકંડામાં આજે હળવો વરસાદ પડી શકે છે અને તાપમાનમાં વધુ ઘટાડો થવાની સંભાવના છે.

હવામાન વિભાગના અહેવાલ મુજબ હિમાચલ પ્રદેશમાં આગામી દિવસોમાં વધુ હિમવર્ષા થઈ શકે છે. શનિવારે અહીંનું તાપમાન ઘટીને -5 ડિગ્રી સેલ્સિયસ અને રવિવારે -6 ડિગ્રી સેલ્સિયસ થવાની ધારણા છે. એટલું જ નહીં, પવનની ઝડપ પણ વધશે અને આગામી બે દિવસ સુધી 8 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ગુરુવારે કુલ્લી કોઠીમાં 15 સેમી હિમવર્ષા થઈ હતી. બીજી તરફ હંસામાં 10 સેમી, ગોંડલામાં 5.7 સેમી, કુસુમસેરીમાં 6.6 સેમી અને કીલોંગમાં 3.5 સેમી હિમવર્ષા નોંધાઈ છે. ખાદરાલા અને શિલારોમાં 5 સેમી અને 0.2 સેમી હિમવર્ષા થઈ છે. જો કે, પ્રવાસન ...અનુસંધાન પેજ નં. 6 પર

### TMCના MLAના ઘરેથી મળ્યો નોટોનો પહાડ,10.90 કરોડ રોકડા મળ્યા



ગુજરાત | વંદન

પશ્ચિમ બંગાળની રાજનીતિમાં ફરીવાર ચલણી નોટોનો પહાડ સામે આવ્યો છે. પાર્થ ચેટરજી અને તેમની સાથે જોડાયેલા શિક્ષણના ગોટાળા બાદ ફરીવાર તૃણમુલ કોંગ્રેસ વિવાદમાં ફસાઈ છે. મુર્શિદાબાદના ધારાસભ્ય જાકિર હુસૈનના ઘરમાંથી 10.90 કરોડ રોકડા મળી આવ્યાં છે. ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટે બુધવારે રાત્રે તેમના ઘરે, ફેક્ટરીઓ પર દરોડા પાડ્યા હતાં. આ દરોડા દરમિયાન કરોડો રૂપિયાની રોકડ મળી આવી છે. ...અનુસંધાન પેજ નં. 6 પર

## શું આખું જોશીમઠ શહેર એક સાથે જમીનમાં સમાઈ જશે?

### જોશીમઠને સૌથી વધારે નુકસાન પહોંચ્યું, ઈસરોએ જાહેર કરી સેટેલાઈટ તસવીર

ગુજરાત | વંદન

ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંસ્થા (ઈસરો)ના નેશનલ રિમોટ સેંસિંગ સેન્ટરે પહેલી વાર જોશીમઠની સેટેલાઈટ તસ્વીરો જાહેર કરી છે, જેમાં દેખાઈ રહ્યું છે કે, જોશીમઠ શહેર કેવી રીતે ધસી રહ્યું છે. આ તમામ તસ્વીરો કાટરેસૈટ-2 એસ સેટેલાઈટથી લેવામાં આવી છે. હકીકતમાં જોઈએ તો, જોશીમઠમાં જમીન ધસ્યા બાદ ઘરો અને રસ્તા પર મોટી મોટી તિરાડો પડી રહી છે, જેનું દેશના મોટા મોટા વૈજ્ઞાનિકો અધ્યયન કરી રહ્યા છે.




જોશીમઠ જમીન ધસવાના કારણે કેટલીય સેટેલાઈટ તસ્વીરો હૈદરાબાદના નેશનલ રિમોટ સેંસિંગ સેન્ટરે જાહેર કરી છે.

ઈસરોએ જાહેર કરેલી જોશીમઠની સેટેલાઈટ તસ્વીરમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે, જોશીમઠનો ક્યો ભાગ જમીનમાં સરકી જશે. આ તમામ તસ્વીરો કાટરેસૈટ-2એસ સેટેલાઈટથી લેવામાં આવી છે. ઈસરોએ પોતાની સેટેલાઈટથી જોશીમઠની ...અનુસંધાન પેજ નં. 6 પર

## નાસિક-શિરડી હાઈવે પર પ્રવાસી બસ ટ્રક સાથે અથડાઈ, અકસ્માતમાં 10ના મોત; 35 ઘાયલ

ગુજરાત | વંદન

મહારાષ્ટ્રમાં શુક્રવારે સવારે એક ભયાનક માર્ગ અકસ્માત થયો હતો. નાસિક-શિરડી હાઈવે પર મુંબઈથી શિરડી આવી રહેલી એક પ્રવાસી બસની ટક્કર થઈ હતી. આ બસમાં કુલ 45 મુસાફરો હતા. 10ના ઘટનાસ્થળે જ મોત થયા હતા. મૃતકોમાં 7 મહિલાઓ અને 3 પુરૂષોનો સમાવેશ થાય છે. અકસ્માતમાં 35 લોકો ઘાયલ થયા હતા. તમામ ઘાયલોને નજીકની સાંઈબાબા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘાયલોમાં કેટલાકની હાલત ગંભીર છે.

ઘટનાની જાણકારી મળતા જ પોલીસ અને પ્રશાસનના ઉચ્ચ



અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા છે. અકસ્માતના કારણોની તપાસ કરવામાં આવી રહી છે. આ બસ મુંબઈના અંબરનાથથી મુસાફરોને લઈને શિરડી દર્શન માટે જઈ રહી હતી. આ અકસ્માત સિન્નર-શિરડી હાઈવે પર આવેલા પાથેર ગામ પાસે થયો હતો. ઘટનાસ્થળે હાજર લોકોના જણાવ્યા અનુસાર ટક્કર એટલી જોરદાર હતી કે બસ અને ટ્રક બંનેને નુકસાન થયું હતું.

### કેન્દ્ર સરકારે 10 લાખ ટન તુવેર આયાત કરી

## કેન્દ્રએ જ નિર્ણય લેવા હોય તો દિલ્હીમાં ચૂંટાયેલી સરકાર શા માટે?

ગુજરાત | વંદન

સુપ્રીમ કોર્ટની બંધારણીય બેન્ચે ગુરૂવારના રોજ કેન્દ્ર અને દિલ્હી સરકાર વચ્ચે સત્તાના વિભાજન પર સુનાવણી દરમિયાન ટીપ્પણી કરી હતી કે, જ્યારે વહીવટને લગતા તમામ નિર્ણયો કેન્દ્ર સરકારના આદેશ પર લેવામાં આવે છે ત્યારે દિલ્હીમાં ચૂંટાયેલી સરકરાની શું જરૂર છે. તાજેતરમાં ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડની આગેવાની હેઠળની બેન્ચ કેન્દ્ર અને દિલ્હી સરકારના વિભાગો વચ્ચે સત્તાના વિભાજન પર સુનાવણી કરી રહી છે. બેન્ચની ટીપ્પણી પર સોલિસિટર જનરલ તુષાર મહેતાઓ કહ્યું હતું કે કેન્દ્ર સરકારનું અમલદારો પર વહીવટી નિયંત્રણ છે પરંતુ તેઓ માત્ર દિલ્હી સરકારના સંબંધિત વિભાગો માટે કામ કરે છે અને રિપોર્ટ કરે છે.



તેના પર ચીફ જસ્ટિસ ચંદ્રચૂડે કહ્યું હતું કે આ પ્રકારના અર્થઘટનથી વિચિત્ર પરિસ્થિતિ સમજાય છે. તેમણે કહ્યું હતું કે ધારો કે કોઈ અધિકારી પોતાનું કામ યોગ્ય રીતે નથી કરી રહ્યો પરંતુ તેની નિમણૂક, ટ્રાન્સફર, પોસ્ટિંગ વગેરેનો અધિકાર કેન્દ્ર સરકાર પાસે છે તો દિલ્હી સરકાર તે અધિકારી સામે કેવી રીતે પગલા લેશે? શું તે અધિકારીને બદલી ન શકે? શું તેના સ્થાને અન્ય અધિકારીની નિમણૂક ન કરી શકે? આ પ્રશ્નો પર કેન્દ્ર સરકાર તરફથી જવાબ આપવામાં આવ્યો ...અનુસંધાન પેજ નં. 6 પર

### વાંકી નજરે...



સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# 15 ફેબ્રુ. બાદ ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર

■ વર્ષ 2023-24નું વાર્ષિક બજેટ ત્રણ લાખ કરોડ પર પહોંચે તેવી શક્યતા

ગુજરાત | વંદન

તાજેતર ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ યોજાયા બાદ ફરીથી ભાજપની સરકાર બની છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકાર દ્વારા ફેબ્રુઆરી થી શરૂ થનાર બજેટ સત્રમાં નાણાંકીય વર્ષ 2023-24નું બજેટ રજૂ થશે.15 ફેબ્રુઆરી બાદ સત્ર શરૂ થાય તેમ મનાય છે. આ વખતે ગુજરાતનું બજેટ ત્રણ લાખ કરોડ પર પહોંચે તેમ મનાય છે. નોંધનીય છે કે, ગયા વર્ષે 2.43 લાખ કરોડનું વાર્ષિક બજેટ રજૂ કરવામાં આવ્યુ હતું. હર વર્ષે બજેટમાં વધારો થતો હોવાથી નાણાકીય વર્ષ 2023-24નું બજેટ 3 લાખ કરોડ સુધી જાય એમ સુત્રોએ જણાવ્યું હતું.

15 ફેબ્રુઆરી બાદ વિધાનસભામાં બજેટ સત્ર શરૂ થશે અને 20 ફેબ્રુઆરી એ નાણામંત્રી કનુભાઈ દેસાઈ સતત બીજી વખત બજેટ રજૂ કરશે.બજેટ સત્ર મા રાજ્યપાલ ના સંબોધન સંદર્ભે સિનિયર મંત્રીઓ ની કમિટી રચવામાં આવશે. નાણા મંત્રી કનુ દેસાઈ નાણા મંત્રી મંત્રી તરીકે બીજી વખત બજેટ રજૂ કરશે. નવી સરકાર નું પ્રથમ બજેટ સત્ર માર્ચ મહિના ના અંત સુધી ચાલશે.



## જમીન-મિલ્કત કૌભાંડો તથા કાનૂની વિવાદો રોકવા મહત્વપૂર્ણ કદમ

# દસ્તાવેજ નોંધણીમાં પાવર ઓફ એટર્ની આપનારનું સોગંદનામું ફરજીયાત

ગુજરાત | વંદન




પાવર ઓફ એટર્નીના આધારે જમીન-મીલ્કતના કૌભાંડ તથા કાનુની વિવાદ રોકવા માટે રાજય સરકારે મહેસુલી કાયદા નિયમોમાં મહત્વપૂર્ણ ફેરફાર કર્યો છે જે અંતર્ગત પાવર ઓફ એટર્નીના આધારે થનારા મિલકત વ્યવહારમાં હવે તે આપનારનુ સોગંદનામું ફરજીયાત બનાવવામાં આવ્યું છે. હવે અવસાન થયેલ વ્યકિતનાં નામે સાચી-ખોટી પાવર ઓફ એટર્નીના આધારે થતા વ્યવહારો અટકશે. રાજ્ય સરકારની ગાંધીનગર સ્થિત નોંધણી સર નિરીક્ષક દ્વારા જારી કરવામાં આવેલા પરિપત્ર પ્રમાણે અત્યાર સુધી પાવર ઓફ એટર્નીનાં આધારે થતા જમીન-મિલકત વ્યવહારોમાં પાવર ઓફ એટર્ની ધારકે સોગંદનામું કરવાનુ રહેતું નથી. પરંતુ હવે પાવર ઓફ એટર્ની આપનારે સોગંદનામું પેશ કરવાનું રહેશે. જેના આધારે પાવર ઓફ એટર્ની આપનારની હયાતીની સાબીતી મળશે. પાવર ઓફ એટર્ની આપનાર વ્યકિત હયાત હોવાની સાબીતી-સોગંદનામારૂપે રજુ કરવામાં આવી ન હોય તો દસ્તાવેજ નોંધણી અર્થે સ્વીકારાશે નહિં. પરિપત્રમાં એવુ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જમીન-મિલકત વ્યવહારમાં પાવર ઓફ એટર્ની રજુ કરનારને બદલે પાવર ઓફ એટર્ની આપનારનૂં સોગંદનામું અનિવાર્ય રહેશે અને તેના વિના દસ્તાવેજ નોંધણી નહિં થઈ શકે. કચેરી દ્વારા આ અંગેનો સોગંદનામાનો નિયત નમુનો પણ રજુ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત સરકાર દ્વારા 28-6-2022 નો પરિપત્ર પણ બદલાવવામાં આવ્યો છે. આ પરિપત્રમાં નોંધણી અર્થે રજુ થતાં લેખ કબુલાતના કારણ સિવાય મુલત્વી ન રાખવા જણાવવામાં આવ્યું હતું.

તેમાં વિદેશમાં એકઝીકયુટ કરાયેલા પાવર ઓફ એટર્નીનાં આધારે કોઈ લેખ નોંધણી અર્થે રજુ થાય ત્યારે પાવર ઓફ એટર્ની કરી આપનાર વ્યકિતનાં સોગંદનામા ન હોવાના કારણે મુલત્વી ન રાખવા સુચવાયું હતું. પરંતુ હવે લેખ સ્વીકાર્યાના એક મહિના સુધી મુલત્વી રાખી શકાશે. મહેસુલ ક્ષેત્રના નિષ્ણાંતોના કહેવા પ્રમાણે નિયમના આ બદલાવથી પાવર ઓફ એટર્નીના આધારે જમીન પ્રોપર્ટીનાં કૌભાંડો અટકી શકશે એટલુંજ નહિં તેના આધારે સર્જાતા કાનુની વિવાદોમાં પણ લગામ આવશે. અનેક કિસ્સામાં પાવર ઓફ એટર્ની લખાવી આપનાર વ્યકિતની હયાતી હોય કે ન હોય, બારોબાર વ્યવહારો થઈ જતા હતા હવે દસ્તાવેજ નોંધણીમાં પાવર ઓફ એટર્ની આપનારનું હયાતીનું સોગંદનામું ફરજીયાત થયુ હોવાથી હયાત વ્યકિતનું જ પાવર ઓફ એટર્ની માન્ય રહેશે.

## બજેટમા થશે જોગવાઈ

# સરકારમાં આઉટ સોર્સિંગ પ્રથા બંધ કરવા વિચારણા

ગુજરાત | વંદન

ફેબ્રુઆરીમાં યોજાનારા વિધાનસભાના બજેટ સત્રની તૈયારીઓ ચાલી રહી છે. આ વખતના બજેટમાં ખોટા ખર્ચા થતાં હોય એ પ્રકારની અને નકામી લાગતી હોય તેવી યોજનાઓને બંધ કરવામાં આવશે. સરકાર દ્વારા તમામ વિભાગોના IAS અધિકારીઓને આ સંદર્ભમાં સૂચના આપી દેવામાં આવી છે.



### સરકારી બાબુઓને આદેશ અપાયો

સચિવાલયના સૂત્રો જણાવે છે કે IASઅધિકારીઓને પોતાના વિભાગમાં હાલમાં કઈ કઈ યોજનાઓ ચાલી રહી છે તેની પાછળ વર્ષ દરમિયાન કુલ કેટલો ખર્ચ થાય છે અને તેનો લાભ કેટલા લોકો સુધી પહોંચે છે વગેરે જેવી ડીટેલ આપવાની રહેશે. આવી ભેગી થયેલી માહિતીને આધારે સરકાર કેટલીક યોજનાઓને બંધ કરવાનો તો અમુક યોજનાઓમાં અપાતા લાભો ઓછા કરવાનો નિર્ણય લેવામાં આવશે.

### કોન્ટ્રાક્ટ પદ્ધતિમાંથી પણ મુક્તિ મળી શકે

તે ઉપરાંત સચિવાલયના સુત્રો એવું પણ જણાવે છે કે, રાજ્યમાં મોટા પાયે ભરતી થઈ શકે છે. કોન્ટ્રાક્ટ પદ્ધતિમાંથી પણ મુક્તિ મળી શકે છે. આઉટ સોર્સિંગ પ્રથા પણ દૂર કરવાની સરકારમાં વિચારણા ચાલી રહી છે. આગામી બજેટમાં સરકાર જાહેરાત કરે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

## થોડી ઈધર કી / થોડી ઉધર કી

# એન. ચંદ્રશેખરનજી, એ વિમાનમાં તમારી કોઇ એર હોસ્ટેસની સાથે આવુ થયું હોત તો...?!



એર ઈન્ડિયાનું જમ્બો વિમાન જાણે કે યુરિનલ માટેનું મનગમતુ સ્થાન બની ગયુ છે... છેક નવેમ્બરમાં એર ઈન્ડિયાના વિમાનમાં એક હાઈફાઈ મુસાફરે અન્ય મહિલા પેસેન્જર પર જાહેરમાં પેશાબ કર્યાની ઘટનાને એરલાઈન્સ કંપનીના સત્તાવાળાઓએ દબાઈ દીધી અને હવે કંપનીના ઉચ્ચ સત્તાવાળાઓ ઓહ આવુ થયું...એમ ઠાવકા થઈને બચાવ કરે છે કે ઘટનાને લઈને ખૂબ ઝડપી પ્રતિક્રિયા આપવી જોઈતી હતી....I ઘટના 26 નવે.ના રોજ બની અને કંપનીના ચેરમેન એન. ચંદ્રશેખરન 8 જાન્યુઆરીએ બોલ્યા....!

ભાઈ એરઈન્ડિયાના ઉચ્ચ અધિકારીઓ, જ્યારે આ ભયાનક અને માનવજાત માટે શરમજનક ઘટના તમારા વિમાનમાં બની ત્યારે તમને વિમાનના કર્મચારીઓ દ્વારા જાણ કરવામાં આવી જ હશે ને...? .અને એ વખતે જો જાણ ન કરી હોય તો સમજી લો કે તમને વિમાન કંપની ચલાવવાનો કોઈ અધિકાર જ નથી..! ના બિલકુલ જ નહીં... અને તમને જાણ કરી હતી તો..

તમને જાણ થઈ છતાં પગલા ન ભર્યા અને મિડિયામાં આવ્યું ત્યારે આવુ થવુ ન જોઈએ....એમ કહેવુ એ વધારે શરમજનક છે. ઘટનાને લઈને લાંછન લાગ્યુ છે રતન ટાટાની કંપની અને પ્રતિષ્ઠાને...કેમ કે એમણે મોટા ઉપાડે મોટા ભા થઈને સરકાર પાસેથી આ વિમાની કંપની હસ્તગત કરી હતી અને તેના સંચાલનમાં શું થઈ રહ્યું છે...? મહિલા સાથે અઘટિત વર્તન...!? એન. ચંદ્રશેખરનજી, એ વિમાનમાં તમારી કોઈ એર હોસ્ટેસની સાથે આવુ થયું હોત તો...?! shame....shame....

### પાક્કો અમદાવાદી પતંગરસિયો ચંદ્ર પર જાય ને, તો પણ ત્યાં પહેલાં તો પતંગ જ ઉડાડે...!

મેરી જિંદગી હૈ ક્યા..એક કટીપતંગ હૈ....ચલી ચલી રે પતંગ મેરી ચલી રે..હોકે ડોર પે સવાર..ચલી બાદલો કે પાર... લો, પતંગોનો તહેવાર ઉતરાણ આવી ગઈ અને આકાશમાં રંગબેરંગી પતંગો ચઢ્યા...ચગ્યા...અને ધાબે તલડસાંકળી-ચિક્કી-બોર-તલના લાડુ ખાઈને...ડીજે પર ગીતો વગાડીને જબ સામ ઢલે આના... ની જેમ સાંજ પડતાં પડતાં...થાક્યા-પાક્યા...સાંજનું વાળુ કર્યું-ન કર્યું અને ટીવીમાં જોયુ ન જોયુ અને ઘરરરર... ઘોરી ગયા...!



પતંગોની પણ અજબ દુનિયા છે. સજીધજીને તૈયાર થાય...દોરી સાથે જોડાય..આકાશે જાય અને કોઈએ સટ...સટ..સટ...ખેચી કાઢે એટલે દૂર કહીં જાયેંગે દુનિયા નઈ બસાયેંગે...ની જેમ ક્યાંય પડે અને આગામી ઉતરાણ માટે ફરી આકાશે ચઢવા માટેની રાહ જુવે...

કોઈ પતંગ રસિયા અમદાવાદીને ચંદ્ર પર જવાની તક મળે તો પોતાની સાથે પતંગ દોરી ચોક્કસ લઈને જાય અને ત્યાં પતંગ ના ઉડાડે.. તો અમદાવાદી નહીં...એમાં વળી કોઈ એલિયન મળી જાય તો... એને પણ પતંગની કન્યા બાંધતા શિખવાડી દે...! અને રિવરફ્રન્ટને યાદ કરીને એલિયનને કહે-બે..રિવરફ્રન્ટ નથી જોયુ..ચલ મારી સાથે..ફલાવર શો જોવા...!

### અટલીં...બટલીં...સોઢી, હવે ઘર જાલીં....આરામ કલીં... જયેન મહેતા કામ સંભાળલી...!

અમૂલ એટલે સોઢી અને સોઢી એટલે અમૂલ. 40 વર્ષ અમૂલમાં સેવા આપ્યા બાદ(અલબત પગાર-ભથ્થાં, ટીએ-ડીએ અને અન્ય લાભો સાથે) તેમને કહી દેવામાં આવ્યું કે ચાર્જ છોડી દો...અમૂલના દૂધમાંથી માખી કાઢીને ફેંકવામાં આવે તેમ બિચ્ચારા સોઢીને દૂર કરી દેવાયા. પોતાની વ્યથા પણ વ્યકત કરી સોઢીએ. એમ કહ્યું કે છૂટા કરવાના પત્રમાં શબ્દપ્રયોગ યોગ્ય નહોતા..




અમૂલનું સૂત્ર છે- અમૂલ ધ ટેસ્ટ ઓફ ઈન્ડિયા. સોઢી માટે અમૂલ- ધ બેડ ટેસ્ટ ઓફ ઈન્ડિયા...બની રહ્યું અને અમૂલને અમૂલ્ય બનાવનાર સોઢીની કિંમત હવે અ-મૂલ બની ગઈ...! અટલીં...બટલીં...સોઢી, હવે ઘર જાલીં....આરામ કલીં...જયેન મહેતા કામ સંભાળલી...!

સોઢી જો એમ કહેશે કે મારો વાંક શું..મારો ગુનો શું ...તો સમજો કે એક પછી એક તેમના નિર્ણયોની સમીક્ષાના અહેવાલો આવતા રહેશે.. એટલે સોઢીને વણમાંગી સલાહ- ગામડે જયલી...આરામ કરલી...!

## શિક્ષણ મંત્રી ચંદ્રશેખરના વિવાદીત નિવેદન પર મચી ધમાલ

# બિહારના મંત્રીએ કહ્યું: રામચરિત માનસ નફરત ફેલાવે છે, રૂપાણી બોલ્યા: રાજીનામું લઈ લો...

ગુજરાત | વંદન



બિહારના શિક્ષણ મંત્રી ચંદ્રશેખરે વિવાદીત નિવેદન આપતાં રામચરિત માનસને નફરતનું પુસ્તક ગણાવ્યું છે. રાજધાની પટનામાં નાલંદા ઓપન યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં વિદ્યાર્થીઓને સંબોધતા તેમણે રામચરિત માનસને સમાજમાં ભાગલા પાડનાર પુસ્તક ગણાવ્યું હતું. આ તરફ હવે તેમના નિવેદનને લઈ રાજકારણ ગરમાયું છે. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કહ્યું કે, બિહારના શિક્ષણ મંત્રી આવું બોલી નફરત ફેલાવી રહ્યા છે. આવા શિક્ષણમંત્રીને મુખ્યમંત્રીએ દૂર કરવા જોઈએ. રાજધાની પટનામાં નાલંદા ઓપન યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં વિદ્યાર્થીઓને સંબોધતા બિહારના શિક્ષણ મંત્રી ચંદ્રશેખરે રામચરિત માનસને નફરતનું પુસ્તક ગણાવ્યું છે. રામચરિત માનસ ને સમાજમાં ભાગલા પાડનાર પુસ્તક ગણાવ્યું હતું. આ તરફ નિવેદન આપ્યા બાદ જ્યારે તેમને આ સંબંધમાં પૂછપરછ કરવામાં આવી તો તેમણે રામચરિતમાનસ વિશે પોતાની વાતને યોગ્ય ઠેરવી.

બિહારના શિક્ષણમંત્રીના વિવાદિત નિવેદન મામલે રાજકોટમાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પ્રતિક્રિયા આપતા કહ્યું કે, બિહારના શિક્ષણ મંત્રી આવું બોલી નફરત ફેલાવી રહ્યા છે. આવા શિક્ષણમંત્રીને મુખ્યમંત્રીએ દૂર કરવા જોઈએ. મહત્વનું છે કે, બિહારના શિક્ષણમંત્રીએ રામચરિત માનસ પર વિવાદિત નિવેદન આપ્યું હતું.

## નાના ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા સરકારનો નિર્ણય

# GIDCમાં અનઅધિકૃત બાંધકામો નિયમિત કરાશે

ગુજરાત | વંદન

સૂક્ષ્મ, નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા સરકારે જી.આઈ.ડી.સીમાં અનઅધિકૃત બાંધકામોને નિયમિત કરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. જેમાં ૫૦ ચો.મીથી લઈને ૩૦૦ચો. મીથી વધુ કદના બાંધકામો નિયત દર લઈ નિયમિત કરાશે એવી જાહેરાત ઉદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપૂતે કરી છે.

આ નિર્ણય અંગે તેઓએ જણાવ્યું કે ઔદ્યોગિક વિકાસના હેતુથી જી.આઈ.ડી.સી.ની રચના કરવામાં આવી હતી, પરંતુ ઝડપી ઔદ્યોગિક વિકાસના કારણે જી.આઈ. ડી.સી વસાહતમાં અનઅધિકૃત બાંધકામ વધી ગયા છે.

## પ્રજાની મુશ્કેલીઓ નિવારવા સરકારનો નવતર અભિગમ

# મુખ્યમંત્રીને સીધી ફરિયાદ મોકલવા વોટ્સઅપ નંબર છે 7030930344

■ કાર્યાલયમાં સંપર્ક, અરજી, ફરિયાદ માટે નંબરનો ઉપયોગ કરી શકાશે

ગુજરાત | વંદન

મુખ્યમંત્રી તરીકે ભૂપેન્દ્ર પટેલ બીજી વખત સત્તામાં આવ્યા બાદ સતત જનતાની સાથે સીધો સંવાદનો કાર્યક્રમ યોજી રહ્યા છે. આ વચ્ચે હવે નવા ટેક્નોલોજીના યુગમાં પહેલી વખત મુખ્યમંત્રી કાર્યાલય સીધા વોટ્સએપ(Whatsapp)ના માધ્યથી લોકોની સાથે જોડાવા જઈ રહ્યા છે. જેમાં લોકો સીધી ફરિયાદ પણ કરી શકશે અને પોતાની રજુઆત કરી શકશે.

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીએ પહેલી જ વખત જનતાની સાથે સીધો સંવાદ કરવા માટે અને લોકોની તકલીફનું સમયસર નિરાકરણ કરવા માટે આ પહેલ શરૂ કરી છે. જેમાં મુખ્યમંત્રી કાર્યાલયમાં સીધી ફરિયાદ થઈ શકશે.



મુખ્યમંત્રી કાર્યાલય સોશિયલ મીડિયા સાથે જોડી શકાય તેવો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં કાર્યાલય સાથે જોડાવવા એક વોટ્સએપ નંબર જાહેર કરાયો છે. જે વોટ્સએપના માધ્યમથી મુખ્યમંત્રી કાર્યાલયમા સંપર્ક કરી શકાશે. જેના મારફતે વિવિધ રજૂઆતો, અરજી, ફરિયાદ સહિતની બાબતો મુખ્યમંત્રી સુધી પહોંચાડી શકાશે. મુખ્યમંત્રી કાર્યાલયના વોટ્સએપ નંબર પરથી ઓટો જનરેટેડ મેસેજ મળશે. જે વોટ્સએપ નંબર 7030930344 જાહેર કરાયો છે.

# 21મી જાન્યુઆરીએ થ્રિલ એડિક્ટ નાઈટ મેરથોનનું ઉદ્ઘાટન કરશે ગૃહમંત્રી હર્ષ સંઘવી





ગુજરાત | વંદન

શહેરમાં ૨૧મી જાન્યુઆરીએ થ્રિલ એડિકટ નાઈટ મેરથોનનું આયોજન કર્યાની જાહેરાત શહેર પોલીસે કરી છે. રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી મેરથોનનું ઉદઘાટન કરશે. પાંચ, દસ અને ૧૫ કીલોમીટરની મેરથોનમાં ભાગ લેવા માટે ૭૨ હજાર લોકોનું રજીસ્ટ્રેશન થયાનું જાણવા મળ્યું છે.

શહેર પોલીસે અગાઉ રદ કરેલી થ્રિલ એડિકટ નાઈટ મેરથોનનું આયોજન ૨૧મી જાન્યુઆરીના સાંજેના સમયે કર્યાની જાહેરાત કરી હતી. સેક્ટર-૧ના એડી.સીપી નિરજ બડગુજરએ જણાવ્યું હતું કે, થ્રિલ એડિક્ટ નાઈટ મેરથોનની શરૂઆત રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતેથી ૨૧મી જાન્યુઆરીએ સાંજે થશે.ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી મેરથોનનું ઉદઘાટન કરશે. આ મેરથોનમાં ભાગ લેવા માટે અત્યાર સુધીમાં ૭૨ હજારથી વધુ લોકોનું રજીસ્ટ્રેશન થયું છે. ૫,૧૦ અને ૧૫ કીલોમીટરની મેરથોનમાં અનેક સેલીબ્રીટીઝ પણ હાજર રહેશે અને તેઓ માટે જૂદા જૂદા સ્ટેજ ઉભા કરવામાં આવશે. આ મેરથોનમાં ચીપથી ટાઈમ રજીસ્ટર કરવામાં આવશે તેમજ આ આયોજનને કારણે શહેરના અમુક માર્ગો બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે.

# ઉત્તરાયણ: દિવસે પશુઓને સૂકો ઘાસચારો ખવડાવો

ગુજરાત | વંદન

ઉત્તરાયણ પર્વમાં દાન-પુણ્ય કરવા જતા પાપ થાય નહી તેના માટે જિલ્લાવાસીઓને પશુઓને માત્ર સૂકો ઘાસચારો જ ખવરાવવા જિલ્લા પશુપાલન અધિકારીએ અપીલ કરી છે. જેમાં પશુઓને ગોળ, લાડુ, અનાજ અને લીલો ઘાસચારો ખવડાવવો નહી. તેનાથી પશુઓને આફરો ચડવાથી મોત થતું હોય છે.

હિન્દુ શાસ્ત્રોમાં દાન અને પુણ્યનું વિશેષ મહાત્મય રહેલું છે. તેમાં તહેવારોમાં લોકો પૂણ્યનું ભાથુ બાંધવા માટે દાન કરતા હોય છે. તેમાં ઉત્તરાયણ પર્વમાં દાન-પુણ્યનું વિશેષ મહાત્મય રહેલું છે. જેમાં પશુઓને લીલુ ઘાસની સાથે સાથે કૂતરા અને પશુઓને લાડવા, ગોળ, શીરો તેમજ ઘઉંની ઘુઘરી ખવડાવવામાં આવે છે.

# ગાંધીનગર મનપાના વોર્ડ નં.7ના સેવાસેતુ કાર્યક્રમમાં 1784 અરજીનો નિકાલ



■ વિવિધ વિભાગના પ્રશ્નોનો એક જ જગ્યાએ ઉકેલ આવવાથી રાહત

ગુજરાત | વંદન

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા વોર્ડ નંબર-7ના રહિશોના પ્રશ્નો માટે કચેરીમાં ધક્કા ખાવા પડે નહી તે માટે સેવાસેતુનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં અલગ અલગ પ્રશ્નોની 1784 અરજીઓનો તાત્કાલિક અસરથી સેવાસેતુ કાર્યક્રમમાં જ નિકાલ કરવામાં આવ્યો હતો.

રાજ્ય સરકાર દ્વારા લોકોના પ્રશ્નો તેઓને ઘર આંગણે ઉકેલવા માટે સેવાસેતુનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. જેનાભાગરૂપે ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા સેવાસેતુનો કાર્યક્રમ વોર્ડ નંબર-7 ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં વોર્ડ નંબર-7ના લોકોને સરકારી યોજનાઓનો લાભ ઘરે બેઠા આપવામાં આવ્યો હતો. તેમાં પીએમજેવાય, રસીકરણ સહિતના પ્રશ્નોનો ઉકેલ લાવવામાં આવ્યો હતો.

# કારમી હાર પછી પણ કોંગ્રેસ હજુ રાજાશાહીમાં મ્હાલે છે..

■ નઘરોળ અને આળસુ કોંગ્રેસનો વધુ એક નમુનો- વિપક્ષના નેતા હજુ અનિર્ણિત

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ગુજરાત કોંગ્રેસનું ખૂબ જ કંગાળ પ્રદર્શન રહ્યું છે. ભાજપે બધા રેકોર્ડ તોડી 156 બેઠકો પર વિજય મેળવ્યો હતો. કોંગ્રેસનો એટલી જ હદે સફાયો થયો છે. વિધાનસભા વિપક્ષના પદ માટે જરૂરી 19 બેઠકો પણ મેળવી નથી. માત્ર 17 ધારાસભ્યોનું સંખ્યાબળ હોવા છતાં કોંગ્રેસ હજુ સુધી વિધાનસભામાં વિપક્ષના નેતાની પસંદગી કરી શકતી નથી.આ અંગે ગુજરાત વિધાનસભાના સચિવે કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ જગદીશ ઠાકોરને પત્ર લખી તાકીદ કરી છે કે તેઓ વિધાનસભા વિપક્ષના પદના નેતાનું નામ મોકલી આપે. આ માટેની સમય મર્યાદા 19મી જાન્યુઆરી સુધીની છે. પોતાના વિપક્ષના નેતા નિમણૂક કરવા હોય તો 19 જાન્યુઆરી સુધીમાં વિધાનસભા સચિવને કોઈ એક નામ કોંગ્રેસના ધારાસભ્યનું વિરોધ પક્ષના નેતા તરીકે પસંદ કરી મોકલી આપવું પડશે. જો આ સમય મર્યાદામાં નામ જાહેર નહીં કરાય તો કોંગ્રેસને વિધાનસભા વિપક્ષ પદ પણ ગુમાવવું પડશે.




વિધાનસભાની તાકીદને પગલે પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરે કમાન્ડને આ મામલે જાણ કરી છે. અર્જુન મોઢવાડિયાએ વિપક્ષી નેતા બનવાના માટે અનિશ્ચા દર્શાવી છે. આ તરફ સિન્યોરીટી જોતા શૈલેષ પરમારનું નામ ટોપ પર ચાલી રહેલું છે. વિપક્ષી નેતાની રેસમાં સી. જે. ચાવડાનું નામ પણ ચર્ચામાં છે. વિપક્ષી નેતા બની કાર બંગલો લેવા કોંગ્રેસમાં પણ આંતરિક યુદ્ધ જામ્યું છે. આંતરિક ખટરાગનાં પરિણામને કોંગ્રેસ પક્ષના નેતાની પસંદગી કરી શકાતી નથી.

મળતી માહિતી પ્રમાણે, મોઢવાડિયાનું નામ પણ આ રેસમાં આગળ ચાલી રહેલું છે. કારણ કે, મોઢવાડિયા પૂર્વ પ્રદેશ અધ્યક્ષ પણ રહી ચૂકેલા છે અને આ પહેલા પણ તેઓ ભોગવી ચૂકેલા છે. હવે જોવાનું રહેશે કે હજુ મોઢવાડિયાની ઈચ્છા દર્શાવી છે ત્યારે શૈલેષ પરમારને આ વખતે કોંગ્રેસ પક્ષ વિધાનસભાના વિપક્ષના નેતા બનાવે છે કે પછી સી.જે. ચાવડાને વિધાનસભા વિપક્ષના નેતા બનાવે છે.

ગુજરાત વંદન સાપ્તાહિક
gujaratvandan.com

# અમદાવાદ



## ડીજીપીની રેસમાં પાંચથી વધુ અધિકારીઓના નામ, સંજય શ્રીવાસ્તવ આગળ

# ગુજરાતમાં નવા ડીજીપી કોણ ?

## સંજય શ્રીવાસ્તવ, કરવાલ, તોમર કે વિકાસ સહાય?

ગુજરાત | વંદન

ગુજરાતના પોલીસતંત્રમાં મોટા ફેરફારો થાય તેવી સંભાવના છે. ગુજરાત રાજ્યના પોલીસવડા આશિષ ભાટિયા આગામી તા. ૩૧ જાન્યુઆરીએ નિવૃત્ત થશે તેમ નિશ્ચિત મનાય છે. હવે ચૂંટણીઓ પૂરી થઈ જતાં ભાટીયાને ફરી એક્સટેન્શન મળે તેવી સંભાવના ઘણી જ ઓછી છે. આ સંજોગોમાં રાજ્યના નવા ડીજીપી કોણ હશે તેની ચર્ચા પોલીસ તંત્રમાં શરૂ થઈ છે. રાજ્યના સિનિયર મોસ્ટ એવા 1987, 1988 અને 1989 બેચના છ આઈપીએસના નામ સાથે અનેક અટકળો લગાવાઈ રહી છે. અમદાવાદ પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવ એપ્રિલમાં નિવૃત્ત થાય તે પહેલાં રાજ્યના પોલીસવડા બનશે તેવી ચર્ચા શરૂ થઈ ગઈ છે. સંજય શ્રીવાસ્તવ હાલમાં અમદાવાદ પોલીસ કમિશ્નર તરીકે ફરજ બજાવે છે. જેઓનું નામ પણ અગ્રેસર છે.

આશિષ ભાટિયાને અગાઉ એક્સટેન્શન અપાયા છે. જુલાઈ-૨૦૨૦માં ડીજીપી બનેલાં આશિષ ભાટિયા બે વખત એક્સટેન્શન મેળવ્યાં પછી ૩૧ જાન્યુઆરીએ નિવૃત્ત થશે, તે પહેલાં નવા ડીજીપીની પસંદગી ગુજરાત સરકાર માટે આસાન રહેવાની નથી. પોલીસ તંત્રમાં ચર્ચા છે કે, ૧૯૮૭ બેચના આઈપીએસ અને અમદાવાદના પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવ સિનિયર મોસ્ટ છે. પરંતુ, તેઓ માર્ચ- ૨૦૨૩માં નિવૃત્ત થશે એટલે બે મહિના માટે સરકાર તેમને ડીજીપી બનાવશે કે કેમ? તે સવાલ છે. જો સંજય શ્રીવાસ્તવને ડીજીપી બનાવાય તો તેમને છ મહિનાનું એક્સટેન્શન અપાય તેવી સંભાવના વધી જાય છે. કારણ કે તેઓ પણ નિવૃત્તિના આરે છે. સંજય શ્રીવાસ્તવ 2003થી 2005 સુધી રાજકોટ પોલીસ કમિશનર રહ્યા હતા. અગાઉ એસપી તરીકે કચ્છ, ભરૂચ, ગાંધીનગર, પાટણ, મહેસાણા ફરજ બજાવી ચૂક્યા છે. જ્યારે અમદાવાદમાં પણ ઝોન - 1 - 2 - 3 અને 5 માં ડીસીપી તરીકે તેમજ શાહીબાગ પોલીસ હે.ક્વા. તેમજ વહીવટી શાખામાં સંયુક્ત પોલીસ કમિશનર તરીકે પણ ફરજ બજાવી ચૂક્યા છે. અમદાવાદ પોલીસ કમિશનર બન્યા ત્યારસુધી તેઓ સીઆઈડી ક્રાઈમના વડા હતા.

અમદાવાદના પોલીસ કમિશ્નર સંજય શ્રીવાસ્તવ પછી સિનિયર મોસ્ટ અતુલ કરવાલ છે. ૧૯૮૮ બેચના અતુલ કરવાલ હાલ કેન્દ્ર સરકારના ડેપ્યુટેશન ઉપર છે અને એનડીઆરએફના ડીજીપી તરીકે કાર્યરત છે. માર્ચ ૨૦૨૪માં પુનઃ ગુજરાત લવાય અને ડીજીપી બનાવાય છે કે કેમ તે જોવાનું રહ્યું. કરવાલ પછી ૧૯૮૯બેચના ચાર આઈપીએસ વિવેક શ્રીવાસ્તવ, વિકાસ સહાય, અજય તોમર અને અનિલ પ્રથમ ડીજીપીની રેસમાં રહે છે. એમાંથી કોને લોટરી લાગે એ તો આગામી સમય જ બતાવશે.



જુલાઈ- ૨૦૨૫ સુધી આઈપીએસ સર્વિસમાં રહેનારાં વિવેક શ્રીવાસ્તવ હાલ દિલ્હી ખાતે આઈ.બી.ના એડિશનલ ડાયરેક્ટર છે અને ડેપ્યુટેશન ઉપર છે. આ સંજોગોમાં પોલીસ ટ્રેનિંગના ડીજીપી વિકાસ સહાય (નિવૃત્ત, જુલાઈ ૨૦૨૫) અને સુરત પોલીસ કમિશનર અજય તોમર (નિવૃત્ત. ફેબ્રુઆરી, ૨૦૨૪)ના નામ ચર્ચામાં છે. સીઆઈડીમાં કાર્યરત અનિલ પ્રથમનું નામ પણ ચર્ચાય છે જો કે તેઓ વર્ષ ૨૦૨૩ના અંત ભાગમાં નિવૃત થશે. આ સંજોગોમાં ગુજરાતના નવા ડીજીપી તરીકે સંજય શ્રીવાસ્તવ, અતુલ કરવાલ, અજય તોમર કે વિકાસ સહાયમાંથી પસંદગી થાય તેવી વિશેષ સંભાવના જોવાઈ રહી છે.

### આશિષા ભાટિયાએ વહેલા રિટાયર્ડમેન્ટની માંગ કરી..

આશિષ ભાટિયા દ્વારા અમદાવાદ બોમ્બ બ્લાસ્ટ જેવા કેસોની 19 દિવસમાં ઉકેલી નાંખ્યો હતો. સાથે ગુજરાતના હાઇ પ્રોફાઇલ કહેવાતા કેસોનો નિકાલ પણ તેમના દ્વારા સરળતાથી ઉકેલી નાખ્યા હતા. આશિષ ભાટિયા દ્વારા પોતાની ખરાબ તબિયતને લઈને સરકારને વહેલા રિટાયર્ડ માટે અપિલ કરી હતી પણ તે સ્વીકારવામાં આવી ન હતી.

## અટલ બ્રિજ અને સાબરમતી આશ્રમની મુલાકાત લેશે

# U-20 સમિટના વિદેશી મહેમાનો કાંકરિયા લેક પર ડિનર કરશે

ગુજરાત | વંદન

અમદાવાદમાં આગામી 9 અને 10 ફેબ્રુઆરી દરમિયાન U-20 (અર્બન-20) સમિટ યોજાશે. 9 અને 10 ફેબ્રુઆરીએ યોજાનાર સમિટની ઓપનિંગ સેરેમનીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી વર્ચ્યુઅલ સંબોધન કરશે. તથા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રી હરદીપસિંહ પુરી પણ સંબોધન કરશે. સમિટમાં સામેલ થનારા દેશ-વિદેશના મહેમાનો 9 ફેબ્રુઆરીએ સાબરમતી આશ્રમ, અટલ બ્રિજની મુલાકાત લેશે તથા તેમની સમક્ષ સાબરમતી રિવરફ્રન્ટના વિકાસ અંગેનું પ્રેઝન્ટેશન રજૂ કરાશે. U-20 ડેલિગેટ્સ અડાલજની વાવની મુલાકાત લે એવી પણ સંભાવના છે. સમિટની પૂર્ણાહુતિ બાદ વિદેશી મહેમાનો કાંકરિયા તળાવની મુલાકાત લેશે તથા અહીં જ તેમના માટે ડિનર પણ યોજાશે. ભારત સહિત વિશ્વના 19 દેશ અને યુરોપિયન યુનિયન જેના સભ્ય છે G-20નું અધ્યક્ષ પદ ભારતને પ્રાપ્ત થયું છે ત્યારે G-20 લીડરશીપ સમિટના ભાગરૂપ U-20 સાઇકલની બેઠક આગામી મહિને અમદાવાદમાં યોજાશે. U-20 શેરપાની આ બેઠકમાં 20 દેશોના શહેરોના વિકાસનું ભાવિ નિર્ધારિત થશે. આ બેઠકમાં પર્યાવરણની જાળવણી પ્રત્યેની જવાબદારી, પાણીનું સુરક્ષા કવચ, ક્લાઈમેટ ફાયનાન્સ, સ્થાનિક ઓળખને અગ્રતા સહિતના મુદ્દે નક્કર નિર્ણયો લેવાશે. U-20 સાઇકલની પાંચ બેઠક અત્યાર સુધી વિવિધ દેશોમાં યોજાઈ ચૂકી છે. અમદાવાદ દેશનું પ્રથમ શહેર છે જ્યાં આ બેઠક યોજાશે. ખાસ વાત એ છે અમદાવાદમાં યોજાનાર સમિટમાં ચર્ચાથી આગળ વધીને નક્કર પગલાં ભરવા માટેનો રોડમેપ નિર્ધારીત થશે. U-20 સમિટ છેલ્લે 2022માં ઈન્ડોનેશિયાના જાકાર્તામાં યોજાઈ હતી. જ્યારે 2021માં ઈટલીના રોમમાં, 2020માં રિયાધમાં તથા 2019ની U-20 સમિટ ટોકિયોમાં યોજાઈ હતી.

# અમદાવાદમાં મકાનોનું વેચાણ વર્ષ 2022માં 58 ટકા વધ્યું, કિંમત પણ 4 ટકા વધી



ગુજરાત | વંદન

મહામારી, મોંઘવારી અને મંદીની બૂમાબૂમ વચ્ચે પણ વર્ષ 2022માં ભારતના મુખ્ય 8 શહેરોમાં નવા મકાનોનું કુલ વેચાણ 34 ટકા વધ્યું છે. નાઈટ ફ્રેન્ક ઈન્ડિયાના એક રિપોર્ટ અનુસાર ગત વર્ષે અમદાવાદમાં નવા મકાનોનું વેચાણ 58 ટકા વધીને 14062 યુનિટ થયુ છે સાથે સાથે રેસિડેન્શિયલ પ્રોપર્ટીની કિંમત પણ પ્રતિ ચોરસ ફૂટ 4 ટકા વધીને 2900 રૂપિયા થઈ છે.

મોંઘવારી અને મંદીની બુમરાણ વચ્ચે પણ કેલેન્ડર વર્ષ 2022 દરમિયાન અમદાવાદમાં નવા મકાન-ફ્લેટના વેચાણમાં વાર્ષિક સરખામણીએ 58 ટકાનો જબરદસ્ત વધારો નોંધાયો છે. નવા મકાનોનું વેચાણ વધવાની સાથે સાથે અમદાવાદમાં નવી રેસિડેન્શિયલ સ્કીમનું લોન્ચિંગ 42 ટકા વધ્યુ છે. અત્રે નોંધનિય છે કે, કોરોના મહામારી બાદ રિયલ એસ્ટેટમાં એકંદરે તેજીનો ટ્રેન્ડ રહ્યો છે.

**ભારતનું રિયલ એસ્ટેટ રોકેટ ગતિએ વિકાસ પામી રહ્યું છે...**

### ઈન્વેસ્ટમેન્ટ માટે સોના બાદ રિયલ એસ્ટેટ સૌથી સુરક્ષિત વિકલ્પ

નાણાંના રોકાણ માટે સોના બાદ રિયલ એસ્ટેટ એટલે કે મકાન-ઓફિસ અને જમીનને સૌથી શ્રેષ્ઠ વિકલ્પ માનવામાં આવે છે. રિયલ એસ્ટેટમાં રોકાણનો સૌથી મોટો ફાયદો તેની બજારમાં કિંમતમાં ઝડપી વધારો અને ભાડા પેટેથી થતી આવક છે. ભારતનું રિયલ માર્કેટ હાલ ઝડપથી વિકાસ પામી રહ્યુ છે. સ્થાનિક રોકાણકારો ઉપરાંત વૈશ્વિક કંપનીઓ અને NRI પણ ભારતના રિયલ્ટી સેક્ટરમાં રોકાણ માટે આકર્ષિત થયા છે. હાલ હોમ લોનના વ્યાજદર વધી રહ્યા છે ત્યારે પણ લોકો મોટી સંખ્યામાં મકાનો ખરીદી રહ્યા છે.

મહામારી, મંદી અને મોંઘવારીની બૂમાબૂમ વચ્ચે પણ ભારતનું રિયલ એસ્ટેટ રોકેટ ગતિએ વિકાસ પામી રહ્યુ છે નાઈટ ફ્રેન્ક ઈન્ડિયાના એક રિપોર્ટ અનુસાર કેલેન્ડર વર્ષ 2022માં ભારતના મુખ્ય આઠ મેટ્રો શહેરો- મુંબઈ, દિલ્હી- એનસીઆર, બેંગ્લોર, પુના, ચેન્નઈ, અમદાવાદ, હૈદારાબાદ, કોલકાતામાં ઘરનું કુલ વેચાણ 34 ટકા વધીને 312666 યુનિટ નોંધાયુ છે. ગત વર્ષે જુલાઈથી ડિસેમ્બર 2022ના છ માસિકગાળામાં મકાન-ફ્લેટનું વેચાણ વાર્ષિક તુલનાએ 15 ટકા વધીને 153961 યુનિટ થયુ છે.

## ઉત્તર પ્રદેશની એક વ્યક્તિનું અંગદાન

# સિવિલ હોસ્પિટલમાં એક જ દિવસમાં બે યુવકોનું અંગદાન કરવામાં આવ્યું

ગુજરાત | વંદન

શહેરની સિવિલ હોસ્પિટલે આદરેલો અંગદાનનો સેવાયજ્ઞ અવિરતપણે આગળ વધી રહ્યો છે. ડિસેમ્બર-2020માં શરૂ થયેલું અંગદાન આજે ૯૯એ પહોંચ્યું છે. છેલ્લા 24 કલાકમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં બે બ્રેઈનડેડ વ્યક્તિઓના પરિવારજનોએ અંગદાન કરીને 8 જરૂરિયાતમંદોના અંધકામય જીવનમાં અજવાસ પાથર્યો છે.

ઉત્તર પ્રદેશના 26 વર્ષીય દિપુભાઈ બચુલાલ ઊંચાઈ પરથી પડવાને કારણે સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. તેમના માથે ગંભીર ઈજા પહોંચવાથી હાલત ગંભીર હતી. ત્યારે 4 દિવસની સઘન સારવાર બાદ 11મી જાન્યુઆરીએ સિવિલ હોસ્પિટલના તબીબોએ તેમને બ્રેઈનડેડ જાહેર કર્યા હતા. ત્યારબાદ કાઉન્સેલર્સે તેમના પરિવારને અંગદાન કરવા માટે પ્રેરણા આપી હતી. જેને ધ્યાને રાખી પરિવારજનોએ દિપુભાઈની બે કિડની, એક લીવર અને હૃદયનું દાન કર્યું હતું.



ત્યારબાદ સાબરકાંઠાના અન્ય એક યુવકનું પણ અંગદાન કરવામાં આવ્યું હતું. જેમાં સાબરકાંઠાના 28 વર્ષીય યુવક છાપરા પરથી પડી જતા માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. તેને લઈને તેમને સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. તેમને 12મી જાન્યુઆરીએ સવારે તબીબોએ બ્રેઈનડેડ જાહેર કર્યા હતા. ત્યારે પરિવારજનોને સમજાવતા તેમને અંગદાન માટે સંમતિ આપી હતી. જેને લઈને પરિવારે ભરતભાઈની બે કિડની, એક લીવર અને હૃદયનું દાન આપ્યું હતું.

અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડૉ. રાકેશ જોષી જણાવે છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદ સિવિલ મેડિસિટીને વિકસાવવાના જોયેલા સ્વપ્નના ફળ આજે મળતા થયા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શન હેઠળ આજે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં થતા અંગદાન બાદ તેમાંથી મળતા અંગોના પ્રત્યારોપણ મેડિસિટી કેમ્પસની જ કિડની અને હાર્ટ હોસ્પિટલમાં થતા શક્ય બન્યાં છે. તેને પરિણામે સરકારી હોસ્પિટલમાં થતા પ્રત્યારોપણ નિઃશુલ્ક અથવા તો ખૂબ જ નજીવા દરે થઈ રહ્યા છે. આર્થિક ભીંસને કારણે અંગોની ખોડખાપણમાંથી નવજીવન મેળવવું જે ગરીબ પરિવારો માટે ફક્ત એક સ્વપ્નસમું બની ગયું હતુ, તે આજે પૂર્ણ થતું જોવા મળી રહ્યું છે.

# ઉદ્યોગપતિને હનીટ્રેપમાં ફસાવી 2.70 કરોડ પડાવનાર પકડાયો

ગુજરાત | વંદન

નવરંગપુરાની સેંટ ઝેવિયર્સ કોલેજ રોડ પર રહેતાં ૬૮ વર્ષીય ઉદ્યોગપતિને વીડિયો કોલ કરી વર્ચ્યુઅલી સેક્સના નામે પોર્ન વીડિયો બનાવી હનીટ્રેપમાં ફસાવનાર આરોપીને સાયબર સેલે ઝડપી લીધો છે. રાજસ્થાનના ૨૨ વર્ષના ધો-૧૧ સુધી ભણેલા યુવકે ફરિયાદી સાથે યુવતી બની ચેટ કરી તેમજ વીડિયો કોલ ન્યુડ કલીપ બનાવી રૂ.૨.૭૦ કરોડ રૂપિયા ઉદ્યોગપતિને બ્લેકમેઈલ કરી પડાવ્યા હતા. સાયબર સેલની ટીમે આરોપીનું લોકેશન મેળવી રાજસ્થાનના ભરતપુર જીલ્લાના ચંદુપુરા ગામેથી આરોપી તાલીમ તાહીરખાન ખાનને ઝડપી લીધો હતો. તાલીમખાન ધો-૧૧ સુધી ભણ્યો હોવા છતાં શાતીર મગજ ધરાવતો હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે. તાલીમખાને ગર્લ ફોર



વોટસએપ નંબર એપ પ્લેસ્ટોરમાં સર્ચ કરીને ફ્રેન્ડ સર્ચ ફોર ચેટ નામની એપ્લીકેશન ડાઉનલોડ કરી હતી. આ એપમાં કોઈપણ દસ નંબર લખી તેમાં જરૂરીયાત મુજબ એક થી બે હજારની સંખ્યા નાંખી ક્રિએટ કરતા દસ આંકડાને ભળતા વોટસએપ નંબરો આરોપી પાસે આવી જતા હતા. આ નંબરો પર આરોપી પોતાના પ્રોફાઈલ પર છોકરીનો ફોટો રાખી હાય લખી મેસેજ કરતો હતો. આ રીતે પોતે છોકરી બની ફરિયાદી સાથે ચેટ કરતો હતો. ચેટ દરમિયાન લાગે કે, સામેની વ્યક્તિ ફસાઈ છે, તો તેણે આરોપી વીડિયો કોલ કરી છોકરી કપડાં ઉતારતી હોય તેવો વીડિયો બીજા ફોનથી બતાવતો હતો.

# ધોલેરામાં પહેલીવાર આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ઉજવાયો

ગુજરાત | વંદન

ધોલેરા ઈન્ડસ્ટ્રિયલ સિટી ડેવલપમેન્ટ લિમિટેડ (DICDL) એ ગુજરાત ટુરિઝમના સહયોગથી પહેલી વખત ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલનું આયોજન કર્યું હતું. આ વિશેષ પ્રસંગ માનનીય મુખ્ય મહેમાન ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ અને આયુષ વિભાગના રાજ્ય મંત્રી ડો. મહેન્દ્રભાઈ મુંજપરા, ગુજરાત સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ધંધુકાના ધારાસભ્ય કાળુભાઈ ડાભી અને પૂર્વ ધારાસભ્ય ભરતભાઈ પંડ્યા પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો.

સવારે ૧૧ વાગ્યે શરૂ થયેલા વિશેષ કાર્યક્રમમાં વિશ્વભરના આંતરરાષ્ટ્રીય પતંગબાજો સહભાગી થયા હતા. કેનેડા,



યુએસ, રશિયન ફેડરેશન, ન્યુઝીલેન્ડ, શ્રીલંકા, ઈજીપ્ત, સાઉદી અરેબિયા અને અન્ય ઘણા દેશોના કાઈટ ફ્લાયર્સ આવ્યા હતા. ધોલેરા ખાતેના આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ૧૮ દેશોમાંથી ૪૨ પતંગબાજો અને ૪ ભારતીય રાજ્યોમાંથી ૨૬ પતંગબાજો અને ગુજરાતમાંથી ૨૫ પતંગબાજો મળીને કુલ ૯૮ પતંગબાજો સહભાગી થયા હતા. આ પતંગબાજોએ તેમના અવનવા પતંગોને ચગાવી કાર્યક્રમને જીવંત અને રંગીન બનાવી દીધો હતો.

# રાજ્યભરમાં ૧૪ થી ૩૧ જાન્યુઆરી દરમિયાન 'પ્રાણી કલ્યાણ પખવાડિયું' ઉજવાશે- રાઘવજી પટેલ

ગુજરાત | વંદન

રાજ્યભરમાં પ્રાણી કલ્યાણ બોર્ડના ઉપક્રમે આગામી તા. ૧૪ થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૩ સુધી યોજાનાર પ્રાણી કલ્યાણ પખવાડીયા તથા તા ૨૦ જાન્યુઆરી ૨૦૨૩ સુધી યોજાનાર "કરૂણા અભિયાન ૨૦૨૩"ના સફળ આયોજન માટે કૃષિ અને પશુપાલન મંત્રી રાઘવજી પટેલના અધ્યક્ષસ્થાને ગાંધીનગર ખાતે સમીક્ષા બેઠક યોજાઈ હતી.

પશુપાલન મંત્રી રાઘવજી પટેલે સમીક્ષા બેઠકમાં જરૂરી માર્ગદર્શન આપતા કહ્યું હતું કે,રાજ્યભરમાં ૧૪ થી ૩૧ જાન્યુઆરી દરમિયાન 'પ્રાણી કલ્યાણ પખવાડિયું' તેમજ ૨૦ જાન્યુઆરી સુધી



કરૂણા અભિયાન યોજાશે. આ પખવાડિયાના સફળ આયોજન માટે પ્રાણી કલ્યાણ બોર્ડના સભ્યોઓએ તેમજ વનવિભાગની સાથે જીવદયા, સેવાભાવી સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ ચેરીટેબલ ટ્રસ્ટનાં સહયોગથી ઉત્તરાયણ પર્વ દરમ્યાન ઘાયલ પશુ પક્ષીની સારવાર માટે પશુપાલન ખાતાના પશુચિકિત્સકની ટીમો, જરૂરી દવા સાધન સેવાઓની સાથે લોકજાગૃતિના વિવિધ કાર્યક્રમો કરવા પડશે.

મંત્રીએ જણાવ્યું હતું કે, નામદાર ગુજરાત હાઈકોર્ટ ખાતે ચાલુ રીટ પીટીશનમાં મળેલ મૌખિક ઓર્ડર મુજબ પાંજરાપોળ/ કેટલ પોન્ડ (ઢોરવાડા)ની કામગીરી બાબતે જિલ્લા કક્ષાની પ્રાણી ક્રુરતા સમિતિ દ્વારા કરવાની થતી સમિક્ષા બાબતે, રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ માર્ગદર્શિકાઓ મુજબ કામગીરી થાય અને "stray cattle" સંદર્ભેના પ્રશ્નો હલ કરવા સ્થાનિક મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપાલિટી- પંચાયતોને સહકાર મળે તેવી વ્યવસ્થા કરવી પડશે. આ અભિયાનમાં પશુપાલ પ્રભાગ હેઠળની પાંજરાપોળ ,ગૌશાળા, પ્રાણી કલ્યાણની યોજનાઓનો પણ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ પુરતો લાભ મેળવે તે અંગે પણ મંત્રીએ સૂચન કર્યુ હતું.

આ ઉપરાંત પ્રાણી ક્રુરતા નિવારણ કાયદા હેઠળનાં પોલીસ કેસમાં પકડાયેલ પશુઓ માટે ઈન્ફરમરીઝ ( પાંજળાપોળ ) ને આપવામાં આવતી નીભાવ સહાય બાબતે રાજ્યની મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજનામાં સહાય મેળવતી તમામ સંસ્થાઓને પણ સહાય મળી રહે તે માટે જરૂરિયાત મુજબ રાજ્ય કક્ષાએ વધારાની ગ્રાન્ટ ફાળવવાની જોગવાઈ કરવા મંત્રીએ સંબંધિતોને સૂચના આપી હતી.

## તસ્વીર સમાચાર

(તસ્વીરો- મૌર્ય ભાગ્યવાન)




**છેલ્લી ઘડીની ખરીદીઃ** શહેરમાં ઉત્તરાયણનો માહોલ જામ્યો છે. પતંગરસિયાઓ છેલ્લી ઘડીની ખરીદી માટે શહેરના ટંકશાળ, દિલ્હી દરવાજા કે જ્યાં પતંગ બજાર ભરાય છે ત્યાં ભીડ-ભાડ જોવા મળી રહી છે.



**જય જિનેન્દ્રઃ** શહેરના જીએમડીસી ગ્રાઉન્ડમાં અતિ ભવ્ય સ્પર્શ કાર્યક્રમ યોજાવાનું છે, જેમા ગિરનારની પ્રતિકૃતિ ઉપરાંત ભગવાન મહાવીર સ્વામીની પ્રતિમા, નવગ્રહની ઝાંખીઓ બનાવવામાં આવી રહી છે.



**યે કામ કબ પૂરા હોગાઃ** શહેરના દાણીલીમડા પરીક્ષિત નગરમાં છેલ્લા ઘણાં સમયથી ગટરલાઈન નાંખવાનું કામ ચાલી રહ્યું છે, વસ્તીની વચ્ચો-વચ્ચ છતા હજુ સુધી કામ પૂર્ણ ન થતા લોકો પરેશાન થઈ રહ્યાં છે.



**આસ્થાઃ** માનવીની શ્રદ્ધા પાર-અપાર છે. શહેરના કાંકરિયા તળાવ પાસે આવેલા હનુમાનજીના મંદિરમાં ઠંડીથી બચવા માટે હનુમાનજીદાદાને ધાબળુ ઓઢાડવામાં આવ્યું છે.

## આ વખતે મનમૂકીને માણી શકાશે ઉત્તરાયણ, પતંગરસિયાઓને તો જલસો પડી જશે

# પતંગ રસિકો માટે સારા સમાચાર, બે દિવસ સારો પવન રહેવાની હવામાન વિભાગની આગાહી

ગુજરાત | વંદન

ઉત્તરાયણ રસિકોમાં સારા સમાચાર સામે આવી રહ્યા છે. હવામાન વિભાગે કરેલી આગાહી પ્રમાણે આ વખતે સારો પવન ફૂંકાઈ શકે છે. પતંગ રસિકો ઉત્તરાયણની મોજ માણી શકે છે, છેલ્લાં 10 વર્ષમાં ગુજરાતીઓએ ઉત્તરાયણના દિવસે નહીં કરી હોય એટલી મજા આ વખતે આવશે. ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણ એટલે કે 14મી અને 15મી જાન્યુઆરીએ પવન 10થી 14 કિ.મી. પ્રતિ કલાકની ગતિનો રહેશે. છેલ્લાં ચારેક વર્ષથી ઉત્તરાયણના દિવસે બપોર પછી પવન સાવ પડી જવાની રસિયાઓ ફરિયાદ કરતા હતા, એ આ વખતે દૂર થઈ જશે એ નક્કી છે.

હવામાનની આગાહી કરતી વિવિધ સાઈટ્સ અનુસાર, ઉત્તરાયણના દિવસે બપોરે 12




વાગ્યા સુધી તાપમાનનો પારો 20 ડીગ્રીની આસપાસ જ રહેશે. સવારના સમયે પવનની ગતિ સહેજ તેજ રહેશે અને કલાકના 20 કિ.મી. સુધીની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. જોકે બપોર પછી પતંગ ચગાવવાની ખરી મજા આવશે, કારણ કે તાપમાન વધવા લાગશે અને ધીરે-ધીરે 4 વાગ્યા સુધીમાં 25 ડીગ્રીએ પહોંચશે. જ્યારે પવનની ગતિ પણ નિયંત્રિત થઈને કલાકના 10-12 કિ.મી.ની ઝડપ સુધી પહોંચી જશે. આ સમય અને હવા તથા પવનની ઈશાન તરફની દિશા પતંગ ચગાવવા માટે ખૂબ અનુકૂળ રહેશે.

ઉત્તરાયણની તુલનાએ વાસી ઉત્તરાયણના દિવસે તાપમાન થોડુંક ઘટશે, પરંતુ પવનની ગતિમાં ત્રણથી ચાર કિ.મી.નો વધારો થઈ શકે છે. આ સ્થિતિ જોતાં વાસી ઉત્તરાયણના દિવસે બપોરના સમયે પણ કલાકના 14થી 15 કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. વાસી ઉત્તરાયણના દિવસે પવનની દિશા નૈઋત્યની રહે એવી પૂરેપૂરી શક્યતા છે. જ્યારે મહત્તમ તાપમાન પણ 29 ડીગ્રી સેલ્સિયસ રહેવાની સંભાવના છે. આ વખતે વાસી ઉત્તરાયણના દિવસે રવિવાર હોવાથી પતંગરસિયાઓ એને પણ ભરપૂર માણે એવી શક્યતા છે.

સંપાદકીય
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

ગુજરાત વંદન સંપાદકીય....

# જોશીમઠ કી સુનો યે પુકાર...હીલ રહા હૈ પર્બત બાર બાર..! અગલી બાર..., કહાં પર હોગા કુદરત કા વાર...?



ઉત્તરાખંડ એટલે દેવભૂમિ. હિન્દુ ધર્મના ચારધામ સહિત સંખ્યાબંધ ધર્મસ્થાનો આ રાજ્યમાં છે. ચાર ધામ પૈકીના એક બદ્રીનાથ જવા માટે જોશીમઠ પ્રવેશદ્વાર ગણાય છે. પર્વત પર સ્થિત જોશીમઠના અસ્તિત્વ સામે ખતરો પેદા થયો છે. વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ, રસ્તાઓનું નિર્માણ, ટનલો અને ડેમ બનવાને કારણે જમીન પર અસર થઇ અને હાલમાં જોશીમઠમાં 600 મકાનોમાં તિરોડો પડી ગઇ છે. લોકોને ત્યાંથી ખાલી કરાવવામાં આવી રહ્યાં છે. જોખમી મકાનોની બહાર લાલ ચોકડી એટલે કે ખતરાની નિશાની બનાવી દેવામાં આવી છે જે ત્યાં રહેતા લોકોના દિલમાં ખંજર સમાન બની ગયા છે. લોકો રડતી આંખોએ ત્યાંથી નિકળીને, અમારો શું વાંક છે.... એવી હૈયાવરાળ ઠાલવી રહ્યાં છે.

વર્ષો પહેલાં નિષ્ણાતો દ્વારા જે તે સરકારોને ચેતવણીઓ આપવામાં આવી હતી કે જોષીમઠમાં વધુ બાંધકામ કરવુ જોખમી છે, જમીન ધંસી રહી છે અને સેટેલાઇટ ઇમેજ દર્શાવે છે કે દર વર્ષે 2.5 ઇંચ જમીન નીચે દબાઇ રહી છે...! તેમ છતાં એ પર્વતીય વિસ્તારોમાં ડેમ સહિતના બાંધકામો હાથ ધરાતા આજે સ્થિતિ એ છે કે જોશીમઠ ખાલી કરવુ પડે તેમ છે. નિષ્ણાતોની સલાહને અવગણવાનું-ઉપેક્ષા કરવાનું સત્તાવાળાઓને હવે ભારે પડી રહ્યું છે અને તે માટે તમામ સરકારો જવાબદાર છે એમ જો કહીએ તો તે યોગ્ય લેખાશે.

જોશીમઠ ઉપરાંત કર્ણપ્રયાગ નામનાપહાડી વિસ્તારમાંપણ મકાનોમાં તિરાડો પડી રહી છે અને કહેનારાઓ તો ત્યાં સુધી કહે છે કે માત્ર જોશીમઠ કે કર્ણપ્રયાગ જ નહીં પણ સમગ્ર ઉત્તરાખંડની સામે જોખમ છે. ઉત્તરાખંડ પર્વતીય વિસ્તારોમાં આવેલુ છે અને લોકકલ્યાણની વિવિધ યોજનાઓ માટે પહાડોમાં મોટા મશીનરીથી કરાયેલા બાંધકામની અસરો જોવા મળી રહી છે ત્યારે સરકારે અને ખાસ કરીને કેન્દ્ર સરકારે જોશીમઠમાં જે થયું તે અન્યત્ર ના થાય તેનું ભાવિ આયોજન અત્યારથી જ કરવુ જોઇએ.

જોશીમઠમાં જેમના મકાનો ભયજનક બન્યા અને તોડી નાંખવા પડે તેમ છે તેઓ યોગ્ય વળતરની માંગણી કરી રહ્યાં છે અને ધરણાં-પ્રદર્શન ચાલી રહ્યાં છે. આ પિડિત લોકોની માંગણી વાજબી છે એમ માનીને સરકારે તેમને સંતોષજનક વળતર આપવુ જોઇએ અને કાયમી ધોરણે અન્યત્ર સુરક્ષિત રહેવાની વ્યવસ્થા કરવી જોઇએ અને એ તેમનો હક્ક અને અધિકાર છે. કાયમી ઘરોમાંથી નિકળવાનું સ્વાભાવિક રીતે પીડાદાયક છે પણ જેમના મકાનો જોખમી બન્યા તેમણે ત્યાંથી નિકળવુ જ રહ્યું અને સરકારને સાથ સહકાર આપવુ જોઇએ.

કોઇપણ સ્થળ, વિસ્તાર, શહેર કે રાજ્યનો વિકાસ અનિવાર્ય પણ લોકોના ભોગે થશે તો આખરે લોકોને જ સહન કરવુ પડશે. જોશીમઠ ભાવી ખતરાની પહેલી ઘંટી છે એમ માનીને સત્તાવાળાઓએ પહાડી વિસ્તારોમાં ટનલો અને ડેમ બનાવવાના પ્રોજેક્ટની સમીક્ષા કરવી જોઇએ. કુદરતની સાથે છેડછાડથી આખરે કુદરત નારાજ થશે અને તેના માઠા ફળ માનવીએ જ ભોગવવાના રહે છે. જોશીમઠ જેવુ અન્યત્ર ન થાય તેની મોજણી સત્તાવાળાઓએ હાથ ધરવી જોઇએ.નિષ્ણાતોની ચેતવણીઓને અવગણવી ભારે પડી રહી છે...જાગ્યા ત્યારથી સવાર..કહેવતની જેમ જોશીમઠ ઇશારો કરે છે કે થોભી જાવ...નહીંતર દરેક પહાડી ક્ષેત્રમાં આવુ નહીં થાય તેની કોઇ ખાતરી નથી....સબૂર..સાવધાન..જોશીમઠ કી સુનો યે પુકાર...હીલ રહા હૈ પહાડ...! હીલ સકતા હૈ બાર બાર..! અગલી બાર..., કહાં પર કુદરત કા વાર...?

ન્યાયિક સ્વતંત્રતા માટે ન્યાયાધીશોની નિમણૂકમાં વિશ્વસનીયતા અને ન્યાયી વ્યવસ્થાની જરૂર છે

# વાદ-વિવાદ અને સંવાદ : દેશમાં ન્યાયાધીશોની નિમણૂક કરવાની યોગ્ય રીત કઇ છે...?

તાજેતરમાં, બંધારણની કલમ 124 (2) અને 217 (1) ના અર્થઘટનને લઈને કેન્દ્ર અને ન્યાયતંત્ર વચ્ચે વિવાદ થયો છે...

સાપ્તાહિક ગુજરાત વંદન

ફેબ્રુઆરી 1970માં, કેરળમાં એડનીર મઠના વડા સ્વામી કેશવાનંદ ભારતીએ બંધારણની કલમ 26 હેઠળ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી. તેણે મઠની સંપત્તિના સંચાલન પર નિયંત્રણો લાદવાના કેરળ સરકારના પ્રયાસોને પડકાર્યા હતા. ત્રણ વર્ષ પછી, આ કેસમાં, સુપ્રીમ કોર્ટે, 7-6 બહુમતીથી, બંધારણના મૂળભૂત માળખાકીય સિદ્ધાંતને સમર્થન આપ્યું. ખાસ કરીને, બંધારણના મુખ્ય સિદ્ધાંતો અને તેના મૂળભૂત માળખામાં સુધારો કરવાની સંસદની સત્તા પરની મર્યાદાને નવેસરથી રેખાંકિત કરવામાં આવી હતી.

રસપ્રદ વાત એ છે કે જ્યારે ઈમરજન્સી જાહેર કરવામાં આવી ત્યારે સુપ્રીમ કોર્ટ પણ નવા જજોથી ભરાઈ ગઈ હતી. એ એન રેને રાષ્ટ્રપતિ દ્વારા મુખ્ય ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. આ નિમણૂકમાં, ત્રણ જજોની વરિષ્ઠતાને બાજુ પર રાખવામાં આવી હતી. નોંધપાત્ર રીતે, રેએ કેશવાનંદ કેસના ચુકાદા પર સહી કરી ન હતી. તેમના વડપણ હેઠળની 13 જજોની બેન્ચ સાથે સીમાચિહ્નરૂપ ચુકાદાની પુનઃવિચારણા કરવામાં આવી હતી. તે પણ પ્રકાશમાં આવ્યું છે કે વાસ્તવમાં કોઈ રિવ્યુ પિટિશન દાખલ કરવામાં આવી નથી.

આ સમીક્ષા સુનાવણી માત્ર મૌખિક વિનંતી પર યોજાઈ હતી. દેખીતી રીતે અયોગ્ય પ્રક્રિયા અનુસરવામાં આવી હતી, જેમાં ચીફ જસ્ટિસ એક્સ-પાર્ટે બેન્ચને વિખેરી નાખી હતી. કેન્દ્ર પાસે પ્રતિબદ્ધ ન્યાયતંત્ર હોવા છતાં, બંધારણના મૂળભૂત માળખાનો સિદ્ધાંત ભાગ્યે જ ટકી શક્યો. આ ઐતિહાસિક નિર્ણયથી દેશમાં નિરંકુશતા અને લોકશાહી વચ્ચે સંતુલન જાળવવામાં મદદ મળી.

તાજેતરમાં, બંધારણની કલમ 124(2) અને 217(1)ના અર્થઘટનને લઈને કેન્દ્ર અને ન્યાયતંત્ર વચ્ચે વિવાદ થયો છે.

કલમ 124(2) હાઈલાઈટ કરે છે કે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો (ખાસ કરીને મુખ્ય ન્યાયાધીશ) અને રાજ્યોની ઉચ્ચ અદાલતો સાથે પરામર્શ કર્યા પછી કરવામાં આવશે.

તેવી જ રીતે ઉચ્ચ અદાલતો માટે, કલમ 217(1) જણાવે છે કે ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા ભારતના મુખ્ય ન્યાયાધીશ, રાજ્યના રાજ્યપાલ અને ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશ સાથે પરામર્શ પછી કરવામાં આવશે.

હાલમાં, કેન્દ્ર કોલેજિયમ સિસ્ટમ દ્વારા કરવામાં આવેલી ભલામણોને સ્વીકારી શકે છે અથવા નકારી શકે છે, પરંતુ જો કોઈ ભલામણનો પુનરોચ્ચાર કરવામાં આવે છે, તો સરકાર તેને સ્વીકારવા માટે બંધાયેલી છે. તાજેતરમાં આ સર્વસંમતિ મડાગાંઠમાં ફેરવાઈ ગઈ છે. કોલેજિયમ દ્વારા પુનરાવર્તિત ભલામણોને કેન્દ્રએ અટકાવી દીધી છે. જેના કારણે કોર્ટમાં નિમણૂકો પર અસર પડી છે. ઑગસ્ટ 2022 માં, સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશો માટે 34 માંથી ત્રણ અને ઉચ્ચ અદાલતોમાં 1,108 માંથી 381 જગ્યાઓ ખાલી હતી. નીચલી અદાલતોમાં 24,631માંથી લગભગ 5,342 બેઠકો ખાલી હતી, જે તેની ક્ષમતાના 20 ટકા છે. આવી ખાલી જગ્યાઓની પુનઃસ્થાપના મુલતવી રાખવાથી ન્યાયિક કાર્યક્ષમતા પર અસર થશે, ખાસ કરીને બોમ્બે, પંજાબ અને હરિયાણા, કલકત્તા, પટના અને રાજસ્થાનની ઉચ્ચ અદાલતોમાં.





ઉલ્લેખનીય છે કે, આ કોર્ટોમાં લગભગ ચાર કરોડ કેસ પેન્ડિંગ છે.

પસંદગીના દેશોમાં ન્યાયાધીશોની નિમણૂક રાજકીય સંસ્થાઓ દ્વારા કરવામાં આવે છે. જુદા જુદા દેશોમાં ન્યાયિક નિમણૂકોની પ્રચલિત પ્રણાલી પર એક નજર નાખવી યોગ્ય રહેશે. ઈટાલીમાં, બંધારણીય અદાલતમાં નિમણૂકો રાષ્ટ્રપતિ, વિધાનસભા અને સુપ્રીમ કોર્ટ દ્વારા કરવામાં આવે છે. ત્યાં દરેક એકમને પાંચ ન્યાયાધીશોને નોમિનેટ કરવાની છૂટ છે. યુ.એસ.માં સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોને રાષ્ટ્રપતિ (જીવન માટે) દ્વારા નામાંકિત કરવામાં આવે છે અને પછી સેનેટ દ્વારા બહુમતી મત દ્વારા પુષ્ટિ કરવામાં આવે છે. જર્મન બંધારણીય અદાલતની નિમણૂક સંસદ દ્વારા કરવામાં આવે છે. દરેક ગૃહ દરેક કોર્ટ સેનેટ માટે ચાર નિમણૂંક મેળવે છે, જેમાં એક બહુમતી મત સાથે (2/3). સ્વાભાવિક રીતે આ એક પક્ષપાતી ન્યાયતંત્ર તરફ દોરી શકે છે.

ઈરાકના તમામ ન્યાયાધીશો ન્યાયિક સંસ્થાના સ્નાતક છે. ત્યાં તમામ અરજદારો ન્યાયાધીશોની પેનલ સાથે મુલાકાત ઉપરાંત લેખિત અને મૌખિક પરીક્ષણોમાંથી પસાર થાય છે. જાપાનમાં, સુપ્રીમ કોર્ટનું સચિવાલય નીચલા સ્તરની ન્યાયિક નિમણૂકો તેમજ તેમની તાલીમ અને પ્રમોશનને નિયંત્રિત કરે છે.તાજેતરમાં, કેન્દ્રએ ન્યાયિક આયોગ દ્વારા ન્યાયિક નિમણૂકો હાથ ધરવા આગ્રહ કર્યો છે. જો કે, 16 ઓક્ટોબર, 2015ના રોજ, સુપ્રીમ કોર્ટે નેશનલ જ્યુડિશિયલ એપોઈન્ટમેન્ટ કમિશન (NJAC) એક્ટ (2014) ને 4:1 ની બહુમતીથી ફગાવી દીધો. તે રેખાંકિત કરવામાં આવ્યું હતું કે કોલેજિયમ સિસ્ટમને વધુ પારદર્શક બનાવવા, ન્યાયાધીશોની નિમણૂક માટે પાત્રતાના માપદંડો નક્કી કરવા અને ન્યાયાધીશોની નિમણૂક માટે મજબૂત સચિવાલયની જરૂર છે કે કેમ તે અંગે ચર્ચા કરવાનો અવકાશ છે. આ બાબતમાં વધુ સુધારા કરી શકાય છે.

ન્યાયિક નિમણૂકો ઉપરાંત અપીલની નવી કોર્ટની સ્પષ્ટ જરૂરિયાત છે. કાયદા પંચ દ્વારા ભલામણ મુજબ, અમને મુખ્ય મેટ્રોપોલિટન શહેરોમાં શાખાઓ સાથે ફેડરલ કોર્ટ ઑફ અપીલની જરૂર છે. બંધારણીય સુધારા દ્વારા સુપ્રીમ કોર્ટને બંધારણીય અદાલતમાં પરિવર્તિત કરવી જોઈએ. આમ કરવાનો અર્થ એ થશે કે ઉચ્ચ સ્તરે ઓછા કેસ પેન્ડિંગ રાખવામાં આવશે. આ સાથે, સરકારમાં ભૂમિકાઓ માટે નામાંકિત થતાં પહેલાં ન્યાયાધીશો માટે ફરજિયાત કૂલિંગ ઑફ પીરિયડ પણ હોવો જોઈએ.

**ન્યાયિક સ્વતંત્રતા:**

ન્યાયિક સ્વતંત્રતા ભારતની લોકશાહીના સ્વાસ્થ્ય માટે મહત્વપૂર્ણ છે. ન્યાયિક સ્વતંત્રતા માટે ન્યાયાધીશોની નિમણૂકની વિશ્વસનીય અને ન્યાયી વ્યવસ્થાની જરૂર છે. કોઈપણ નિમણૂકની ન્યાયિક જવાબદારી સુનિશ્ચિત કરવી જોઈએ. તે જ સમયે, ન્યાયતંત્રને પ્રોત્સાહન આપવું જોઈએ જે વ્યક્તિગત અને પ્રણાલીગત સ્તરે સરકારની અન્ય શાખાઓથી સ્વતંત્ર હોય. આવી ન્યાયિક વ્યવસ્થા રાજકીય વિચારધારા અને જાહેર દબાણ અને તેની અંદરના વંશવેલોથી પણ મુક્ત હોવી જોઈએ. ત્યાં પહેલેથી જ એક તાર્કિક સર્વસંમતિ છે કે આપણે કોઈ ચોક્કસ પક્ષપાત સાથે ન્યાયતંત્રને ટાળવું જોઈએ.

-વરૂણ ગાંધી

(લેખક ભાજપના સાંસદ છે: ઉપર વ્યક્ત કરેલા મંતવ્યો લેખકના પોતાના છે.)

ધર્મ

# મૌની અમાસ પર શું છે મૌન રહેવાનું માહાત્મ્ય?



દુઃખ દારિદ્રય અને બધાને સફળતા અપાવનારી મૌની અમાસ આ વખતે 21 જાન્યુઆરી, શનિવારે આવી રહી છે. હિન્દુ ધર્મગ્રંથોમાં માઘ માસને ખૂબ જ પવિત્ર માનવામાં આવે છે. ગ્રંથોમાં એવો ઉલ્લેખ છે કે આ દિવસે દ્વાપર યુગનો શુભારંભ થયો હતો.

## મૌની અમાસ શું છે?

આ તિથિએ મૌન રહીને એટલે કે મૌન ધારણ કરીને અને ઋષિમુનિઓની જેમ વર્તવાથી સ્નાનનું વિશેષ મહત્વ હોવાથી માઘ માસના કૃષ્ણ પક્ષની અમાવાસ્યા.તિથિને મૌની અમાસ કહેવાય છે. માઘ મહિનામાં ગોચર કરતી વખતે, જ્યારે ભગવાન સૂર્ય ચંદ્ર સાથે મકર રાશિમાં બિરાજમાન હોય છે, ત્યારે જ્યોતિષમાં તે સમયગાળો મૌની અમાસ કહેવાય છે. આ વખતે મકર રાશિમાં ચતુર્ગ્રહી યોગ બની રહ્યો છે. બે પિતા અને પુત્રોનું અદભુત અને સુંદર સંયોજન બની રહ્યું છે. સારું જ્યારે સૂર્ય અને મકર રાશિમાં શનિદેવની રાશિમાં ચંદ્રનું એક સાથે ગોચર થાય છે, ત્યારે તે મહત્વપૂર્ણ શુભ તિથિને મૌની અમાસ કહેવાય છે.

## કેમ રાખવુ જોઇએ મૌન ?

મૌની અમાસના દિવસે મૌન ધારણ કરવાનું પણ પ્રચલન સનાતનથી ચાલી આવી રહ્યુ છે. આ કાળ, એક દિવસ, એક માસ, એક વર્ષ કે આજીવન પણ હોઈ શકે છે. જ્યોતિષિયો મુજબ આ દિવસે મૌન ધારણ કરવાથી વિશેષ ઉર્જાની પ્રાપ્તિ થાય છે.

## શું દાન આપવુ જોઇએ...

મૌની અમાસના દિવસે તેલ, તલ, સુકા લાકડા, ગરમ વસ્ત્ર, કાળા કપડા, જોડાં દાન કરવાનુ વિશેષ મહત્વ છે. બીજી બાજુ જે જાતકોની કુંડળીમાં ચંદ્રમાં નીચનો છે, તેણે દૂધ, ચોખા, ખીર, ખાંડ, મિશ્રી, બતાશા દાન કરવાથી વિશેષ ફળની પ્રાપતિ થશે.

## કઇ રીતે કરશો સ્નાન...

શાસ્ત્રો અનુસાર આ દિવસે મૌન રાખવાથી, ગંગામાં સ્નાન કરવાથી અને દાન કરવાથી વિશેષ ફળ મળે છે. અમાવસ્યા વિશે કહેવામાં આવ્યું છે કે આ દિવસે મન, ક્રિયા અને વાણી દ્વારા કોઈના માટે અશુભ ન વિચારવું જોઈએ. અર્ઘ્ય જ્યારે "ઓમ નમો ભગવતે વાસુદેવાય નમઃ" અને "ઓમ નમઃ શિવાય" મંત્રોનો જાપ ફક્ત બંધ હોઠથી કરો. દાન કરવાથી પાપ શમી જાય છે.

# ગુજરાતની ઐતિહાસિક દરિયાઈ સાહસકથા : દરિયાલાલ

પુસ્તક પરિચય



▪ રિપલકુમાર પરીખ

સાપ્તાહિક ગુજરાત વંદન

અંગ્રેજો ભારતમાં આવ્યાં તે પહેલાં, મોગલ સલ્તનતે ભારતને લૂંટવામાં કંઈ બાકી નહતું રાખ્યું. ઘણી આપત્તિઓ વચ્ચે જ્યારે ગુજરાતમાં દુષ્કાળની પરિસ્થિતિ ઊભી થઈ, ત્યારે ગુજરાતની સાહસિક પેઢીઓ અને વેપારીઓ, મુનિમો ને ગુમાસ્તાઓએ પૂર્વ આફ્રિકામાં હિન્દી વસાહતનો આરંભ કર્યો. પરિવારને અહીં રાખીને, આપણાં જ ખલાસીઓએ બનાવેલાં વિશાળકાય વહાણમાં બેસીને, હોકાયંત્રની મદદથી દૂર-સુદૂર તેઓ આફ્રિકામાં વેપાર માટે ગયા. અહીંની પેઢીનાં વિશ્વાસુ માણસો ત્યાં પૂર્વ આફ્રિકામાં આ પેઢીનો કારોબાર સંભાળતાં. જેમાં મુખ્યત્વે કચ્છ - કાઠિયાવાડનાં ભાટિયા, ખોજા અને લુહાણા - ઠક્કર પુરુષો, ત્યાં ગુલામીનો અને બીજો કારોબાર કરતાં અને ત્યાં જ વસવાટ પણ કરતાં. આ દરિયાખેડૂ સાહસિકો કંઈ કાચા- પોચા મનનાં ન હતાં. તેમની વિચક્ષણ બુદ્ધિ અને સાહસિકતા કેવી હતી? તે દર્શાવતી સત્યઘટના પર આધારિત ક્લાસિક નવલકથા એટલે ગુજરાતનાં ગૌરવગાનનાં ઉદ્ગાતા શ્રી ગુણવંતરાય આચાર્ય રચિત 'દરિયાલાલ'.

'દરિયાલાલ', આ ઐતિહાસિક દરિયાઈ સાહસકથા છે, રામજીની. એક ગુજરાતી બળવાન સાહસિક યોદ્ધો, જેનાં નામ માત્રથી ગુલામો થરથર કાંપતા, તે રામજી ગુલામોનો ભગવાન કેવી રીતે બની ગયો? આ કથા છે રામજી ઉપરાંત લધાભાની. જંગબારનાં સુલતાન સૈયદ બિન સુલેમાન જ્યારે જેરામ શિવજીની પેઢીનાં મુનીમ લધાભાને જંગબારમાં મંદિર બંધાવવા માટે જણાવે છે, ત્યારે લધાભા આ વાત માટે ના પાડે છે. કેમ લધાભા એ ત્યાં મંદિર બંધાવવાની ના પાડી? લધાભા જેવો વસાહતી વીર ત્યાં જ જીવ્યો અને ત્યાં જ મરી ગયો. જિંદગી આખીયે અભંગ સાહસશૌર્યકથા સમી વિતાવીને જ્યારે લધાભાનું અવસાન થયું ત્યારે તેમની સ્મશાનયાત્રામાં દેશપરદેશના જંગબારવાસીઓ ઉમટી પડ્યાં હતાં. તે સ્મશાનયાત્રા માનભરી બની હતી. ત્યાંનાં સુલતાન પોતે તે સ્મશાનયાત્રામાં સ્મશાન સુધી ઉઘાડે પગે ચાલ્યાં હતા. આ સાહસકથા છે રામજી અને લધાભા ઉપરાંત બીજા કચ્છી ખારવાઓ, ભાટિયાઓ અને ખોજાઓની કે જેમણે કેવી રીતે એકલે હાથે દરિયાઈ ચાંચીયાઓ સામે હિંમતથી મુકાબલો કરીને તેમને હરાવ્યા? આ સાહસકથા છે આપણાં સાહસિક વેપારીઓની, જેમણે આફ્રિકા જઈ પોતાની વાણિયા બુદ્ધિ વાપરી પોતાનો વેપાર કર્યો. આ સાહસિક નવલકથા છે, ગુજરાતનાં વહાણવટનાં ગૌરવની, પોચટ કહેવાતા ગુજરાતીને કસુંબલ રંગ ચડાવતી બહાદુરી અને વીરતાની.

'દરિયાલાલ' નવલકથા એ માત્ર સાહસકથા જ નથી, તે ગુજરાતનો સાચો ઈતિહાસ પણ છે. જેનાં ખૂબ ઓછા સાક્ષી પ્રાપ્ત થાય છે. ઘણાં સંશોધનો અને આધારભૂત પુસ્તકોને અંતે લેખક, પત્રકાર શ્રી ગુણવંતરાય આચાર્યે આ નવલકથા લખી છે. ઈ.સ. ૧૯૩૮માં આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ પ્રસિદ્ધ થયા પછી અત્યાર સુધીમાં આ પુસ્તકની લગભગ વીસ આવૃત્તિઓ પ્રકાશિત થઈ ચૂકી છે, જે પુસ્તકની લોકપ્રિયતા દર્શાવે છે.

ગુજરાતી સાહિત્યનાં ઉત્તમ લેખકોમાં અવશ્ય સ્થાન પામે એવા સર્જક શ્રી ગુણવંતરાય આચાર્ય હતા. માનવગૌરવ, ગુજરાતગૌરવ, ગુજરાતી વહાણવટનું ગૌરવ, ભારતીય સંસ્કૃતિનું ગૌરવ ગાતું વિપુલ સાહિત્ય એમણે રચ્યું, જેમાં સવાસો જેટલી નવલકથાઓ,





નાટકો, હાસ્યસાહિત્ય, કિશોરસાહિત્ય અને રહસ્યસાહિત્યનો સમાવેશ થાય છે. સંસારસાગરનાં થથરાવી મુકે એવાં તોફાનોમાંથી જીવનનૌકાને વહેતી રાખે તેવાં સાહિત્ય સર્જક શ્રી ગુણવંતરાય આચાર્યની કૃતિઓ 'દરિયાલાલ', 'સક્કરબાર', 'કાળભૈરવ', 'રણમલ લાખા', 'દેશદીવાન', 'જગતના મંદિરમાં' વગેરે આપણા સાહિત્યવારસાનાં ભાગરૂપ છે; 'ક્લાસિક' છે. શ્રી ગુણવંતરાય આચાર્ય તેમની પ્રસ્તાવનામાં લખે છે , ' ગુજરાતની દરિયાપારની યાત્રાઓ તો ઘણી જૂની છે અને એના ઘણા ઉલ્લેખો પણ મળી આવે છે. છેક 'હરિવંશ'ના કાળથી તે સિકંદરની ચડાઈ સુધી, અને સિકંદરની ચડાઈથી તે આજ સુધી ગુજરાતનાં વહાણોએ ધરતીપટ ઉપરનાં ચોર્યાસી બંદરોમાં પોતાનો વાવટો ફરકાવ્યો છે. ગુજરાતી સંસ્કૃતિનો એક મહાન ચીલો સદંતર ભૂંસાઈ ન જાય એટલા માટે વાંચેલી વાતો ને સાંભળેલી કથાઓનાં અધૂરાં સાધનો વડે મેં વિષયમાં મતિ અલ્પ છતાં આ લખી નાખ્યું! એ સાહસિકોની સાહસિકતાને, એમની દરિયાપરસ્તિને મેં અન્યાય ના કર્યો હોય તોયે મારો આ પ્રયાસ સાર્થક છે. પ્રજાકીય ઈતિહાસમાં એક મહત્વના ભાગને આજ પહેલાં કોઈએ સ્પર્શ નથી કર્યો એ સિવાય આ પુસ્તક લખવામાં મારો બીજો ઉદ્દેશ નથી, બચાવ પણ નથી. આજની આપણી સાગરકાંઠાથી દુર ભાગતી પ્રજાને, ગઈ કાલની દરિયાલાલને પરાણે નિજાનંદે વિહરતી પ્રજાનો પરિચય આપવાનો મારો આ રંક પ્રયાસ કેટલે અંશે સફળ થયો છે, એ તો વાચકો જાતે જ નક્કી કરી લેશે.'

આ પુસ્તકનાં પ્રકાશક છે ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ. જેઓ પ્રસ્તાવનામાં લખે છે, ' સદાબહાર સર્જક ગુણવંતરાય આચાર્ય અદ્ભુત લેખક હતા. સમતામૂલક રાજ્યતંત્ર સ્થાપવા માટેના ત્રણેક સદીઓ અગાઉના કચ્છના રક્તરંગી પ્રયોગની કથાની નવલકથા ' કચ્છમાં ક્રાંતિ' અને હિન્દની દરિયાવટની ગૌરવગાથા નિરૂપતી, ગુલામી સામેની જેહાદનું અપૂર્વ રોમાંચક નિરૂપણ કરતી નવલકથા 'દરિયાલાલ' એમની પ્રારંભિક કૃતિઓ. 'દરિયાલાલ' નવલકથા વર્ષો સુધી યુનિવર્સિટી કક્ષાએ અભ્યાસક્રમમાં પસંદ થતી રહી અને આજે પણ થાય છે. ગુજરાતની વહાણવટના ગૌરવાન્વિત ઈતિહાસ માટે તો એમને એટલી પ્રીતિ કે એ જ વિષયની ત્રીસ જેટલી નવલકથાઓ લખી. એમનું સાહિત્ય એટલું બધું પ્રભાવક કે લોકો કહેતા કે એ વાંચનારને મહાન બનવાનું સ્વપ્ન લાધે.'

આ પુસ્તકની બીજી આવૃત્તિ સમયે લેખક પ્રસ્તાવનામાં જે લખે છે, તે વાંચીને દરેક ગુજરાતીનું હૃદય ભાવભીનું થઈ જાય છે. લેખક લખે છે, ' ગુજરાતના વાસીઓનાં કેવળ સાહસોની જો આ ગાથા હોત તો એની એક કરતાં વધારે આવૃત્તિ થાય કે ન થાય એ સંબંધે હું નિઃસ્પૃહી જ રહેત. મારે મન આ પુસ્તક ત્રિપક્ષી ઋણ છે. જેમાં ત્રીજું ઋણ છે આપણાં અમૂલ્ય વારસાનું. ગુજરાતનું એ એક એવું અણમોલ ધન છે કે જેની સ્મૃતિ પણ કોઈ વાર - આજે નહીં તો કાલે, કાલે નહીં તો પરમ દિવસે - મુડદાઓ ફરીને ગજવશે. ફરીને દરિયાલાલનાં ચોર્યાસીયે બંદરોમાં એ નાદ ગજવશે, જે નાદ ઘણીયે વાર સૂતાં ને જાગતાં હું સાંભળું છું - 'જય જય ગરવી ગુજરાત.' ગરવી ગુજરાતનાં દરેક સાહસિક

(અનુસંધાન પેજ નં.૬પર)

બોધકથા

# સાબરના શિંગડા... શિકારી કૂતરાઓ ત્યાં આવી પહોંચ્યા, તેમણે સાબરને ફસાયેલું જોયું અને...

સાપ્તાહિક ગુજરાત વંદન

એક ખૂબ ગાઢ જંગલ હતું, તેમાં અનેક પશુ પક્ષીઓ રહેતા હતાં. એ જંગલની વચ્ચે સાબરનું એક ટોળું રહેતું હતું. એક સાબર તે ટોળામાંથી વિખુટું પડી ગયું હતું. તે ખૂબ તરસ્યું થયું, પાણીની શોધમાં તે ઘણે દૂર આવી ચડ્યું. અહીં તેણે એક તળાવ જોયું. તે નીચું મોં કરી પાણી પીતું હતું ત્યાં તેની નજર પાણીમાંના પોતાના પ્રતિબિંબ પર પડી, એ પોતાના સુંદર રૂપને ઘડીભર જોઈ રહ્યું.

પોતાનો ભરાવદાર સુંદર દેહ અને રૂપાળા શિંગડા તેને ખૂબ ગમી ગયાં. પણ તેણે પોતાના પાતળા અને લાંબા પગ જોયા ત્યારે તેને ખૂબ અફસોસ થયો અને શરમ આવી, તે મનોમન બોલ્યું, "અહા, શું મારા શિંગડા છે, જાણે મારા માથા ઉપર સુંદર મુગટ, આ શિંગડાથી તો હું ખૂબ શોભું છું, આ રૂપાળા શિંગડા મારી શાન છે, પરંતુ આ લાંબા કદરૂપા પગથી તો હું લજવાઈ જાઉં છું."

સાબર પાણી પીતું હતું એવામાં કેટલાક શિકારી કૂતરાઓનો અવાજ એના કાને પડ્યો. એણે શિકારી કૂતરાઓને પોતાની તરફ આવતા જોયાં. સાબર ત્યાંથી જીવ લઈને નાઠું, એ એટલું ઝડપથી દોડ્યું કે જંગલની ઝાડી સુધી પહોંચી ગયું.

પણ એટલામાં પેલા શિકારી કૂતરાઓ પણ ખૂબ ઝડપથી તેની પાછળ પાછળ આવી પહોંચ્યા. સાબર આ ઝાડીમાંથી છટકીને આગળ ભાગી જવા માંગતું હતું. પણ એના વાંકાચૂકા શિંગડા ઝાડીમાં ભરાઈ ગયા, એ ઝાડીમાં એવા તે ફસાઈ ગયા કે સાબર ત્યાંથી ભાગી ન શક્યું.

શિકારી કૂતરાઓ ત્યાં આવી પહોંચ્યા, તેમણે સાબરને ફસાયેલું જોયું અને બધાં એક સાથે તેના પર તૂટી પડ્યા અને તેને ફાડી ખાધું. મરતા



મરતા સાબરને થયું, "મારા કદરૂપા પગ જેનાથી હું લજવાઈ જતું હતું એણે તો મારો જીવ બચાવ્યો, પણ આ વખાણેલા રૂપાળા શિંગડા જેને જોઈને મને ગર્વ થતો હતો એણે જ મને ફસાવ્યું, અને મારા મૃત્યુનું કારણ બન્યાં."

ઈસપ ઈસુની છઠ્ઠી સદીમાં ગ્રીસમાં થઈ ગયો હોવાનું મનાય છે, ખરેખર તો તે એક ખરીદેલો ગુલામ હતો અને પોતાના માલિકના બાળકોને ખુશ રાખવા તેણે આ બધી વાર્તાઓની રચના કરી હતી. વાર્તાના પાત્રો રૂપે તેણે લીધેલા જંગલના પ્રાણીઓ જેવા કે વાઘ, સિંહ, શિયાળ, કાગડો, રીંછ, હરણ, ઉંદર, દેડકો જેવા પશુ પક્ષીઓ અને પ્રાણીઓના ઉદાહરણ સાથે સમજાવાયેલી આ વાર્તાઓ નાના બાળકોની સાથે મોટેરાઓને પણ એટલી જ પ્રિય થઈ પડી છે.સાથે સાથે આ વાર્તાઓ વ્યવહારીક જ્ઞાન અને નીતીબોધ પણ સરળ પ્રવાહી ભાષામાં સુપેરે આપી જાય છે. આપણા સાહિત્યમાં પંચતંત્ર અને હિતોપદેશ જેટલું જ મહત્વ પાશ્ચાત્ય સાહિત્યમાં ઈસપની આ બોધકથાઓનું છે.

**બોધપાઠ »** સાચા કે ખોટા સાથીદારનું પારખું સંકટ સમયે જ થાય છે.

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.



## મોઢેરા સૂર્યમંદિર ખાતે 20 અને 21 જાન્યુઆરીએ ઉત્તરાર્ધ મહોત્સવ યોજાશે

### દર વર્ષે યોજાતો ઉતરાર્ધ મહોત્સવ વૈશ્વિક કક્ષાનો મહોત્સવ બન્યો

ગુજરાત | વંદન

મહેસાણા જિલ્લાના સુવિખ્યાત મોઢેરા સૂર્યમંદિર ખાતે આગામી 20 અને 21 જાન્યુઆરીના રોજ ઉત્તરાર્ધ મહોત્સવ યોજાનાર છે. મોઢેરા સૂર્યમંદિરને યુનેસ્કોએ તાજેતરમાં વર્લ્ડ હેરિટેજ સાઈટની ટેન્ટેટીવ યાદીમાં સ્થાન આપ્યું છે. મોઢેરા સૂર્યમંદિરે વિશ્વ કક્ષાએ નામના મેળવી છે. દર વર્ષે યોજાતા ઉતરાર્ધ મહોત્સવે વૈશ્વિક કક્ષાનો મહોત્સવ બન્યો છે. સંગીત, નર્તન અને સ્થાપત્યના ત્રિવેણી સંગમ ઉત્તરાર્ધ ઉત્સવમાં દર્શક સાક્ષી બનવું અનેરો લ્હાવો છે.પુષ્પાવતી નદી,મોઢેરાનું સૂર્યમંદિર અને નૃત્યકારોના ઘુંઘરૂના ઘમકારથી નૃત્યના રસીકો,પ્રવાસના શોખીનો અને ઈતિહાસના મર્મજ્ઞો માટે આ મહોત્સવ પ્રવાસ,ઉત્સવ અને મોઢેરા તથા મહેસાણા જિલ્લાના અન્ય સ્થળોની મુલાકાત ચીરસ્મરણીય બની રહે છે.

મોઢેરાનાં સૂર્યમંદિરમાં જાન્યુઆરી માસમાં ઉત્તરાયણ પછીના બે દિવસનો ઉત્તરાર્ધ મહોત્સવ ઉજવવામાં આવે છે.વૈજ્ઞાનિક દ્રષ્ટિએ ઉત્તરાર્ધનું ખૂબ મહત્વ રહેલું છે. સૂર્ય અને પૃથ્વી વચ્ચે પ્રગાઢ સંબંધ છે.ઉત્તરાયણના આરંભમાં સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે છે પછી તે કુંભ,મકર અને મીન એ ત્રણ રાશિઓમાં થઈને ઉત્તરાયણમાં વિષુવવૃત્તની ગતિમાં જાય છે.સૂર્ય રાશિમાં આવે ત્યારે દક્ષિણાયન અને મકર રાશિમાં પ્રવેશે ત્યારે ઉત્તરાયણ કહે છે. ઉત્તરાયણમાં સૂર્યની ગતિ ધીમી હોય છે.પ્રાચીન સમયમાં સોલંકીયુગમાં સૂર્યના સાનિધ્યમાં નૃત્યોનો આવિષ્કાર થયેલ હતો. સુપ્રસિધ્ધ મોઢેરાના સૂર્યમંદિરના રંગમંડપમાં સોલંકીકાળમાં આવા નૃત્યની પરંપરા હતી. આવી ઉજળી સાંસ્કૃતિક પરંપરાને જાળવવા રાજ્ય સરકાર મોઢેરા ખાતે સૂર્યમંદિરના સાંનિધ્યમાં ઉત્તરાર્ધ મહોત્સવનું આયોજન કરે છે.નૃત્ય એટલે આત્માનું સંગીત,ઉર્મિલા અતિરેકને કારણે લય,તાલ ,શરીરનાં હલનચલન



અને અભિનય દ્વારા વ્યક્ત થાય છે જેમ જેમ નૃત્યકલા શાસ્ત્રીય અને પધ્ધતિસર થતી ગઈ તેમ તેમ તે સંસ્કૃત સૌંદર્યને ખીલવતી ગઈ.નૃત્યનો મુખ્ય હેતુ સનાતન સત્યોની સૌંદર્ય દ્વારા પ્રતીતી કરાવવાનો છે.

સંસ્કારોના આદાન પ્રદાન અને સંગીત અને નૃત્ય જેવી કલાઓનાં ખજાનાથી ભરપૂર ગુજરાત રાજયની પ્રજાને પારંપારિક ઉજવણીમાં સતત ભાગીદાર રાખવા ઉજવાતા મોઢરાના ઉત્તરાર્ધ ઉત્સવમાં રાજયના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિનો વિભાગ અને મહેસાણા જિલ્લાનું વહીવટી તંત્ર સતત પ્રયત્નશીલ રહ્યું છે.

### દક્ષિણ ગુજરાતના પ્રવાસીઓ માટે લાયન સફારી પાર્ક જેવું એક નવું નજરાણું

## હવે દાદરાનગર હવેલીમાં સંભળાશે સિંહની ગર્જના, સાસણગીર જવું નહીં પડે

ગુજરાત | વંદન

ગુજરાતમાં પ્રવાસીઓને સિંહદર્શન માટે અગાઉ ગીર જવું પડતું હતું પરંતુ હવે દક્ષિણ ગુજરાત સહિત મહારાષ્ટ્રના પ્રવાસીઓ પોતાની નજીકમાં જ સિંહ દર્શન કરી શકે છે. કારણકે હવે વલસાડની નજીક આવેલા સંઘ પ્રદેશ દાદરા નગર હવેલીમાં પણ લાયન સફારી પાર્ક બનાવાયુ છે. આ લાયન સફારી પાર્ક 20 હેક્ટર વિસ્તારમાં ફેલાયેલું છે.

સંઘપ્રદેશ દાદરા નગર હવેલીમાં પ્રવાસનને વેગ આપવા માટે બનાવેલા આ લાયન સફારી પાર્ક દ્વારા લોકોને ઘર આંગણે સિંહદર્શનનો મોકો મળી રહ્યો છે. અગાઉ આ લાયન સફારીમાં



માત્ર એક જ સિંહ હતો. જો કે, હવે સિંહ અને સિંહણ લાવવામાં આવ્યા છે. આ સફારી પાર્કમાં હાલ અશોકા નામનો સિંહ અને ગિરજા અને મીરા નામની સિંહણ રાખવામાં આવેલી છે. 20 હેક્ટર વિસ્તારમાં ફેલાયેલા લાયન સફારી પાર્કમાં હવે ગુજરાતથી લાવવામાં આવેલા ત્રણ સિંહ કુદરતી જંગલ વિસ્તારમાં વિચરણ કરી રહ્યા છે.

દાદરા નગર હવેલી એક પ્રવાસન સ્થળ છે. અહીં જંગલ પહાડો અને નદીઓ જેવા કુદરતી વાતાવરણને માણવા મોટી સંખ્યામાં પ્રવાસીઓ દર વર્ષે આવે છે. ત્યારે પ્રવાસીઓ માટે લાયન સફારી પાર્ક જેવું એક નવું નજરાણું જોવા મળી રહ્યું છે. જેમાં હિંસક વન્યજીવને જોવા માટે વન વિભાગ દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. આ લાયન સફારીમાં પ્રવાસીઓ માટે ખાસ બે બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. માત્ર 25 રૂપિયા જેવી નજીવી ટિકિટમાં પ્રવાસીઓ અડધો કલાક સુધી આ 20 હેક્ટરમાં બનાવવામાં આવેલ જંગલમાં સિંહના દર્શન કરી શકે છે.

## સાપ્તાહિક રાશિફળ



પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
આ સપ્તાહે તમે ભાવનાત્મક રીતે સશક્ત રહેશો. જ્ઞાનવર્ધક તથા રોચક કાર્યોમાં સમય પસાર થશે. પરિવાર સાથે ધાર્મિક સ્થળે જવાનો પણ પ્રોગ્રામ બનશે. તમે તમારા વ્યક્તિત્વમાં પોઝિટિવ પરિવર્તન પણ અનુભવ કરશો. અચાનક કોઈ મુશ્કેલી અને સમસ્યા ઊભી થઈ શકે છે.

**વૃષભ** (બ.વ.ઉ)
આવનાર સપ્તાહ જમીન-જાયદાદ અને રોકાણ જેવી ગતિવિધિઓમાં તમે વ્યસ્ત રહી શકો છો. ઉત્તમ સમાચારની પણ પ્રાપ્તિ થઈ શકે છે. તમે દરેક કાર્યોમાં રસ લઈને તમારી ક્ષમતાઓ પ્રમાણે કામને અંજામ આપશો. બધું જ ઠીક હોવા છતાંય મનમાં નકારાત્મક વિચાર ઊભા થઈ શકે છે.

**મિથુન** (ક.છ.ઘ)
માનસિક રીતે તમે પોતાને મજબૂત અનુભવ કરી શકો છો. તમે તમારા વ્યક્તિત્વને નિખારવા પ્રત્યે ખાસ ધ્યાન આપશો. કોઈ મહત્ત્વપૂર્ણ વ્યક્તિને મળ્યા પછી લાભદાયક યોજનાઓ બનશે. ધનને લગતા મામલે કોઈ પ્રકારનો સમજોતો ન કરો. વાહન કે ઘરના સમારકામને લગતા કાર્યોમાં વધારે ખર્ચના કારણે બજેટ ખરાબ થઈ શકે છે.

**કર્ક** (ડ.હ)
તહેવારમાં વ્યસ્ત રહી શકો છો. કોઈ કામમાં સારી સફળતા મળવાથી ઉત્સાહ વધારે રહેશે. જેથી દિવસભર થાક પણ ભૂલી જશો. કોઈપણ પ્રકારની સ્પર્ધાના ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરવાની ઉત્તમ શક્યતા છે. કરિયર અને વ્યક્તિગત કાર્યોમાં તમે તમારા અહંકારને આડે આવવા દેશો નહીં.

**સિંહ** (મ.ટ)
આવનાર અઠવાડિયું ભાગ્ય તમારા પક્ષમાં રહેશે. લાભના નવા માર્ગ બનશે. લાંબા સમયથી ચાલી રહેલી કોઈ ચિંતા દૂર થઈ શકે છે જેનાથી માનસિક શાંતિ મળી શકે છે. આર્થિક મામલે ઠોસ અને મહત્ત્વપૂર્ણ નિર્ણય પણ સફળ રહેશે. તમારા વિરોધીઓની ગતિવિધિઓને ઈગ્નોર ન કરો.

**કન્યા** (પ.ઠ.ણ)
આ સપ્તાહ કોઈ સપનું સાકાર થવાથી માનસિક રીતે સુકૂન મળી શકે છે. સમય ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે, તેનો ભરપૂર સહયોગ કરો. જો કોઈ નવું મકાન કે પ્રોપર્ટી લેવાનું વિચારી રહ્યા છો તો તમારો નિર્ણય ખૂબ જ યોગ્ય છે. કામ વધારે રહી શકે છે. મહેનતની જગ્યાએ પરિણામ ઓછું પ્રાપ્ત થઈ શકે છે.

**તુલા** (ર.ત)
તમે તમારા વ્યવહાર તથા મૃદુભાષીતા દ્વારા ખરાબ સંબંધોને સુધારવામાં સફળ રહેશો. તમારા પોઝિટિવ વિચાર જેવા ભાગ્યની અપેક્ષાએ કર્મ ઉપર વિશ્વાસ કરવો તમારા માટે સ્વાભાવિક જ ઉત્તમ પરિસ્થિતિઓ ઊભી કરશે. પારિવારિક સભ્યો સાથે નાની વાતને લઈને ગેરસમજ ઊભી થઈ શકે છે.

**વૃશ્ચિક** (ન.ય)
છેલ્લાં થોડા સમયથી ચાલી રહેલા વિઘ્નોને દૂર કરવામાં સફળ રહેશો. જેથી તમારામાં આત્મ સંતુષ્ટિનો પણ ભાવ રહેશે. રાજનૈતિક અને સામાજિક ગતિવિધિઓમાં ખાસ યોગદાન રહેશે. ધ્યાન રાખો કે કોઈ પોતાના જ નજીકના મિત્ર દગો આપી શકે છે.

**ધન** (ભ.ધ.ફ)
આવનાર સમય માન અને પ્રતિષ્ઠા વર્ધક છે. ધર્મ-કર્મ અને અધ્યાત્મિક કાર્યો પ્રત્યે રસ રહેશે. વેપાર, ઘર અને દુનિયાદારી વચ્ચે સારું સંતુલન જાળવી રાખવું. કોઈ નજીકના મિત્રની નકારાત્મક ગતિવિધિથી તમને આઘાત કે ધક્કો લાગી શકે છે. ગાડી અથવા મકાનને લગતા પેપર સાચવીને રાખો.

**મકર** (ખ.જ)
તમારી દિનચર્યાને વ્યવસ્થિત રાખીને તમારી ખાસ પ્રતિભાને જાગૃત કરવામાં સમય પસાર થશે. ખાસ કરીને વિદ્યાર્થીઓને તેમની પરીક્ષામાં સફળતા પ્રાપ્ત થશે. વધારે આત્મ કેન્દ્રિત થવાથી નકારાત્મક અસર તમારા વ્યક્તિગત તથા પારિવારિક જીવન ઉપર પડશે.

**કુંભ** (ગ.સ.શ.ષ)
આ સપ્તાહે વડીલોનો સ્નેહ અને આશીર્વાદ તમારા ઉપર રહેશે. કોઈ જરૂરિયાતમંદ મિત્રની મદદ કરવાથી મનમાં સુખ રહેશે. તમારા સિદ્ધાંતો સાથે કોઈપણ પ્રકારનો સમજોતો ન કરો. ભાઈઓ સાથે સંબંધ મધુર જાળવી રાખો. કેમ કે કોઈ પ્રકારનો વિવાદ થઈ શકે છે.

**મીન** (દ.ચ.ઝ)
તમારી સમજણ અને બુદ્ધિમત્તા દ્વારા પોતાના કાર્યોને યોગ્ય રીતે પૂર્ણ કરવામાં સક્ષમ રહેશો. કાર્યને યોજનાબદ્ધ રીતે કરવું તમને ખાસ સફળતા આપી શકે છે. ઘરમાં મિત્રો કે મહેમાનોનું આગમન થઈ શકે છે. વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસ પ્રત્યે કોઈપણ પ્રકારનો સમજોતો ન કરે. નહીંતર પરિણામ ખરાબ થઈ શકે છે. પોતાના સ્વભાવને સહજ અને સંતુલિત જાળવી રાખો.

## નડિયાદમાં પતંગની દોરીથી યુવકનું ગળું કપાતા કરપીણ મોત

ગુજરાત | વંદન

સરકારે ચાઈનીઝ દોરીને જાહેરનામું બહાર પાડ્યું છે પરંતુ તેમ છતાં લોકો તેનો ઉપયોગ કરી છે અને બીજાના જીવને જોખમાં મુકે છે. આવી જ ઘટના સામે આવી છે. નડિયાદના સરદારનગરના પ્રવેશ દ્વાર પાસે યુવકનું ગળું કપાઈ ગયું હતું. જે બાદ આ યુવકને ગંભીર હાલતમાં સ્થાનિક નાગરિકો ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં તેની હાલત વધુ બગડતા તેને વધુ સારવાર માટે મહા ગુજરાત હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જોકે વધારે પ્રમાણમાં લોહી વહી જવાથી યુવકનું મોત નિપજ્યું હતું.

## લેઉવા પટેલ સમાજની આસ્થાનું પ્રતિક શ્રી ખોડલધામમાં એક લાખ પાટીદારો ભેગા થશે

## શ્રી ખોડલધામના 6 વર્ષ પૂર્ણ: 21 જાન્યુ.એ ભવ્ય કન્વીનર સંમેલનનું આયોજન થશે

ગુજરાત | વંદન

શ્રી ખોડલધામને રોજ 6 વર્ષ પૂર્ણ થતા હોઈ 21 જાન્યુઆરીએ ભવ્ય કન્વીનર સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે આશરે એક લાખ પાટીદારો ભેગા થશે.

કાગવડ ખોડલધામ ખાતે યોજાનારા કન્વીનર મહોત્સવમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ હાજર રહેવાના છે. ત્યારે ખોડલધામ તરફથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પધાવરા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. તેમજ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને પણ કાગવડ ખોડલધામ તરફથી આમંત્રણ આપવામાં આવ્યું છે. ત્યારે 21



જાન્યુઆરીના રોજ યોજાનારા આ કાર્યક્રમ કેન્દ્રીય ગૃહમંત્રી હાજર રહે તેવી શક્તાઓ છે. આ કન્વીનર સંમેલનમાં સમગ્ર દેશભરના શહેર, તાલુકા અને ગ્રામ્યના કન્વીનર્સ તેમજ સ્વયંસેવક મળી કુલ 1 લાખથી વધુ પાટીદારો સંમેલનમાં ભાગ લેવાના છે.

ઉલ્લેખનીય છે કે, શ્રી ખોડલધામ મંદિરમાં મા ખોડલની સાથે અન્ય 20 દેવી-દેવતાઓની મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે. મંદિરના મંડોવરથી શિખર સુધી કુલ 650 જેટલી મૂર્તિ કંડારીને મૂકવામાં આવી છે. મંદિરની જગતીમાં રહેલી પટેલ પેનલમાં ધરતીપુત્ર પટેલની મૂર્તિઓ કંડારીને મૂકાઈ છે. શ્રી ખોડલધામ એકમાત્ર એવું મંદિર છે જેની જગતીમાં કલાત્મક પટેલ પેનલ મૂકવામાં આવી હોય. શ્રી ખોડલધામ મંદિર વિશ્વનું પ્રથમ એવું મંદિર છે જેના પ્રવેશદ્વાર પર રાષ્ટ્રધ્વજ ફરકી રહ્યો છે.17 જાન્યુઆરી થી 21 જાન્યુઆરી, 2017 સુધી, ખોડલધામ મંદિરના પાંચ દિવસ ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સાથે ઉજવવામાં આવ્યો હતો. ખોડલધામ મંદિરમાં મા ખોડલ સહિત 21 દેવી-દેવતાઓની સ્થાપના કરવામાં આવી હતી. 17 જાન્યુઆરીથી 21 જાન્યુઆરી, 2017 સુધીમાં, આ પાંચ દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં 75 લાખથી વધુ ભક્તો ઉમટ્યા હતા. 1008 કુંડ હવનમાં, 6048 યજમાનો બેઠાં હતા જેની નોંધ એશિયા બુક અને ઈન્ડિયા બુકમાં ઓફ રેકોર્ડમાં કરવામાં આવી હતી. પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના અંતિમ દિવસે લેઉવા પટેલ સમાજના 5,09,261 લોકોએ સમૂહ રાષ્ટ્રગાન ગાઈને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો.

## અમદાવાદના વેપારીએ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી

### વિદેશમાં પ્રોજેક્ટ મળ્યો છે રોકાણ કરશો તો 30 ટકા નફો મળશે, 28 કરોડ લઈ સુરતનો વેપારી થયો ફરાર

ગુજરાત | વંદન

ગુજરાતમાં ઠગાઈ કરનારા શખ્સો બેખૌફ બન્યાં છે. વેપારીઓને ટાર્ગેટ કરીને રોકાણ કરવવાના બહાને રૂપિયા ટ્રાન્સફર કરાવીને ઠગાઈ આચરવામાં આવે છે. અમદાવાદના એક વેપારીએ મિત્ર પર વિશ્વાસ મુકીને 28.87 કરોડ રૂપિયા ગુમાવવાનો વારો આવ્યો છે. આઈટી સોફ્ટવેરનો વેપાર કરતા વેપારીને વિદેશમાં મળેલા પ્રોજેક્ટમાં રોકાણ કરવાનું કહીને એક શખ્સે 28.88 કરોડ રૂપિયા ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા હતાં. ત્યાર બાદ કામ નહીં આપીને તે ફરાર થઈ ગયો હતો. વેપારીએ આ અંગે

#### ભરોસો મુકીને વેપારીએ પૈસા ટ્રાન્સફર કર્યા

**સાવન ખેની પર ભરોસો મુકીને અમિત ભાઈએ પૈસા ટ્રાન્સફર કર્યા હતાં. ત્યાર બાદ સોફ્ટવેર ડેવલોપમેન્ટનું કામ ચાલુ કરવા અમિતભાઈએ સાવનને અનેક ફોન કર્યાં હતાં પણ તેને એક પણ ફોન રિસિવ કર્યો નહોતો. અમિતભાઈ રૂબરૂ સુરતમાં સાવનની ઓફિસે ગયાં તો ત્યા પણ તે મળ્યો નહતો. પરંતુ તેમને સુરતમાંથી જ જાણવા મળ્યું હતું કે, આ સાવન ખેની અનેક લોકો સાથે છેતરપિંડી કરી છે. ત્યાર બાદ તેણે કોઈ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સની ઓફિસમાં પૈસા જમા કરાવ્યા હોવાની માહિતી મળી હતી. જેથી અમિતભાઈએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરતાં પોલીસે સાવન ખેની સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.**

હાર્દિકભાઈ પરીખ, સૌરિન દેસાઈએ તેમની ઓળખાણ સુરતના વેપારી સાવન ખેની સાથે કરાવી હતી. સાવન ખેની સાથે મિત્રતા વધતાં ચર્ચાઓ કરી હતી. તેમના ચારેય ભાગીદારોએ સંમતિ આપતાં સાવન ખેનીની સ્કીમમાં રોકાણ કરવાની તૈયારી દર્શાવી હતી.

## માતરમાં વિદેશી દારૂની હેરાફેરીનો પર્દાફાશ



ગુજરાત | વંદન

ગાંધીના ગુજરાતમાં આમ તો દારૂબંધી છે, પરંતુ અહીં દરરોજ દેશી-વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો હોય તેવા સમાચાર મળતા રહે છે. ગુજરાતમાં પાડોશી રાજ્યોમાંથી યેનકેન પ્રકારે દારૂનો જથ્થો ઘૂસાડવામાં આવે છે. દારૂની હેરાફેરી માટે બુટલેગરો અનવવી તરકીબો અજમાવતા હોય છે. ત્યારે હરિયાણાથી ગુજરાતમાં દારૂ ઘૂસાડવાનો બૂટલેગરના કારસાનો ખેડા-નડીયાદ એલસીબીએ પર્દાફાશ કરી 3.78 લાખના દારૂના જથ્થા સહિત 14.16 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. બુટલેગરે દારૂની હેરાફેરી માટે ટર્બો ગાડીને મોડીફાઈડ કરી હતી. જો કે બુટલેગરો ગમે તેવા ગતકડાં કરે, પરંતુ પોલીસની બાજ નજરમાંથી બચી શકતા નથી.

વિગત મુજબ માતરના મોતીપરા જાડા વિસ્તારના સીમમાં મોટાપાટે બનાવટી વિદેશી દારૂનું કટીંગ થતું હોવાની બાતમી મળતા ખેડા-નડીયાદ લોકલક્રાઈમ બ્રાંચે રેડ પાડી હતી. દારૂનો જથ્થો સગેવગે થાય તે પહેલાં જ LCBએ ઘટનાસ્થળ પર પહોંચી બુટલેગરના મનસુબા પર પાણી ફેળવી નાખ્યું હતું. રેડ દરમિયાન પોલીસે હરિયાણાના વરૂણ લોચબ(જાટ)ને ઝડપી પાડ્યો હતો .

## પેટ્રોલ મોંઘુ થતાં હવે ઈ-વાહનોના વેચાણમાં તેજી, એક વર્ષમાં 60 હજાર વેચાયા...

### » છેલ્લા ઘણાં સમયથી પેટ્રોલના ભાવમાં કોઈ ઘટાડો થયો નથી લોકો પરેશાન

ગુજરાત | વંદન

પેટ્રોલ-ડીઝલના વધતા જઈ રહેલા ભાવ અને ક્લાયમેટ ચેન્જના કારણે પર્યાવરણની ચિંતાની વચ્ચે ઈવી (ઈલેક્ટ્રિક વ્હીકલ) ક્રાંતિ વેગ પકડી રહી છે. ગુજરાતમાં ઈલેક્ટ્રિક વાહનોના વેચાણમાં 2022માં સાતગણો વધારો નોંધાયો હતો, જો કે તે પેટ્રોલથી ચાલતા વાહનોના વેચાણની સરખામણીમાં ઓછો હતો. 2021માં 9,776 યુનિટની સરખામણીમાં 2022માં 68,999 ઈલેક્ટ્રિક વાહનોનું વેચાણ થયું હતું. ઈવી વાહનોની પોપ્યુલારિટી સીએનજી વાહનોને વટી ગઈ છે, જેના 2022માં માત્ર 50,007 યુનિટ વેચાયા હતા. નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે, જેમ વધુને વધુ ચાર્જિંગ સ્ટેશન સેટ અપ કરવામાં આવી રહ્યા છે તેમ ઈલેક્ટ્રિક વાહનો તરફ વળતા ગ્રાહકોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ગુજરાત દેશના તેવા 18 રાજ્યોમાં સામેલ છે, જેણે ઈલેક્ટ્રિક મોબિલિટી તરફ ટ્રાન્સપોર્ટ સેક્ટરને આગળ વધારવા માટે ઈવી પોલીસીને અંતિમ સ્વરૂપ આપ્યું છે.

#### ઈલેક્ટ્રિક વ્હીકલના વેચાણમાં જબરજસ્ત વધારો

**ઓક્ટોબર 2021માં ઈલેક્ટ્રિક વ્હીકલનું વેચાણ શરૂ થયું હતું અને ગત વર્ષે ટ્રેન્ડમાં વધારો થયો હતો. આ મહિનાના પહેલા 10 દિવસમાં રાજ્યમાં 2,168 EVનું વેચાણ નોંધાયું હતું, જેમાં ટુ-વ્હીલરનો હિસ્સો 60 ટકા છે. પેટ્રોલ વાહનની કેટેગરીમાં, ટુ-વ્હીલરનું વેચાણ 67 ટકા જ્યારે ફોર-વ્હીલરનું 33 ટકા હતું.**



#### ચાર્જિંગ સ્ટેશનો ખુલતા EVના ખરીદદાર પણ વધ્યાં

**સુરત, અમદાવાદ, વડોદરા અને રાજકોટમાં કુલ 68,999 યુનિટની સામે 45,764 એકમોનું વેચાણ થયું હતું. સુરતમાં 21,872 યુનિટ અને ત્યારબાદ અમદાવાદમાં 13,251 યુનિટનું વેચાણ થયું હતું. ટ્રાન્સપોર્ટ ડિપાર્ટમેન્ટના ચીફ સેક્રેટરી મનોજ દાસે જણાવ્યું હતું કે, 'વેચાણના આંકડા ખૂબ જ પ્રોત્સાહિત છે. જેમ વધુ ચાર્જિંગ સ્ટેશન ખુલી રહ્યા છે તેમ ખરીદદારનો વિશ્વાસ પણ વધ્યો છે. આ સિવાય સરકાર દ્વારા આપવામાં આવતી સબસિડી પણ ઈવી ઈકોસિસ્ટમને બનાવવામાં મદદ કરી છે. પેટ્રોલ-ડીઝલની કિંમત વધવાની સાથે-સાથે ઈલેક્ટ્રિક વાહનો ખર્ચ ઘટાડે છે'.**

## શબ્દોની સંતાકૂકડી 44 — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | | ■ | 3 | 4 | 5 |
| 6 | | ■ | 7 | ■ | 8 | |
| | ■ | 9 | | 10 | ■ | |
| ■ | 11 | | ■ | 12 | | ■ |
| 13 | ■ | 14 | 15 | | ■ | 16 |
| 17 | 18 | ■ | | ■ | 19 | |
| 20 | | | ■ | 21 | | |

**ઊભી ચાવી**

(1) નિસરણી, સીડી [3]
(2) જ્યોતિષ શાસ્ત્ર અનુસાર ગ્રહોની સંખ્યા [2]
(4) પેપર ઢોંસા .... માંથી બને [2]
(5) શ્રી કૃષ્ણનું એક નામ [3]
(7) એક ગુજરાતી બાળ નાટકનું પાત્ર - છકો....... [2]
(9) એક નશીલો પદાર્થ, ગાંજો [3]
(10) અંજામ, પરિણામ [3]
(13) કાવતરું, તરકટ [3]
( 15 ) રેતીનું મેદાન કે પ્રદેશ [2]
(16) બારણું, દરવાજો [3]
(18) ટોળું, મંડળ, શિવનો સમુદાય [2]
(19) ઝાડ, વૃક્ષ [2]

**આડી ચાવી**

(1) રાક્ષસ, અસુર [3]
(3) આંખનું એક આંજણ [3]
(6) જંગલમાં લાગતી આગ [2]
(8) પ્રશંસા કે આશ્ચર્યનો ઉદ્ગાર [2]
(9) ચાલાક, તરત ચેતી જાય તેવું [3]
(11) દરિયાના પાણીમાં ખૂબ હોય [2]
(12) એક કહેવત - .. નું બેસવું ને ડાળનું પડવું [2]
(14) સારું, ઉત્તમ [3]
(17) ગાંજાની કળી તથા પાંદડાં [2]
(19) પરવા, દરકાર [2]
(20) સિંહની ગર્જના [3]
(21) વિષ્ણુનું વાહન [3]

**શબ્દોની સંતાકૂકડી-43નો ઉકેલ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 બ | ■ | 2 વ | 3 ચ | ન | ■ | 4 ચ |
| 5 દ | 6 સ | ■ | ળ | ■ | 7 ગો | ર |
| 8 ન | કા | બ | ■ | 9 ચા | ર | ણ |
| 10 સી | મ | ■ | 11 ક | ■ | 12 સ | ર |
| બ | ■ | 13 આ | ચા | ર | ■ | જ |
| ■ | 14 દા | ■ | શ | ■ | 15 રં | ■ |
| 16 પા | દ | રી | ■ | 17 મ | જ | રે |

**શબ્દોની સંતાકૂકડી-44 નો ઉકેલ આવતા અંકે**

## કોયડો નં. 46 સુડોકુ — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | | 5 | 4 | | | | 6 | |
| 4 | 9 | | 7 | 6 | | 1 | | 8 |
| 6 | | | 1 | | 3 | | 4 | 5 |
| | | 3 | 9 | | | 5 | 8 | |
| 9 | 6 | | | 5 | 8 | 7 | | 3 |
| | | 1 | 3 | | 4 | | 9 | 2 |
| | 5 | | 6 | | 1 | 4 | | |
| 2 | | | 5 | 4 | 9 | | 7 | |
| 1 | 4 | 9 | | | 7 | 3 | | 6 |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

**સુડોકુ-46નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 1 | 5 | 4 | 8 | 2 | 9 | 6 | 7 |
| 4 | 9 | 2 | 7 | 6 | 5 | 1 | 3 | 8 |
| 6 | 7 | 8 | 1 | 9 | 3 | 2 | 4 | 5 |
| 7 | 2 | 3 | 9 | 1 | 6 | 5 | 8 | 4 |
| 9 | 6 | 4 | 2 | 5 | 8 | 7 | 1 | 3 |
| 5 | 8 | 1 | 3 | 7 | 4 | 6 | 9 | 2 |
| 8 | 5 | 7 | 6 | 3 | 1 | 4 | 2 | 9 |
| 2 | 3 | 6 | 5 | 4 | 9 | 8 | 7 | 1 |
| 1 | 4 | 9 | 8 | 2 | 7 | 3 | 5 | 6 |

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# દુનિયામાં એક એવી જગ્યા છે જ્યાં લોકોના મરવા પર પ્રતિબંધ

## » છેલ્લા 70 વર્ષથી નથી થયુ અહીં કોઈનું મૃત્યું...!





ગુજરાત | વંદન

જન્મ લેનાર માણસની મૃત્યુ નિશ્ચિત છે આના પર કોઈનો કંટ્રોલ નથી. સાંભળીને નવાઈ લાગશે આ દુનિયામાં એક એવી જગ્યા છે જ્યાં લોકોના મરવા પર પ્રતિબંધ છે. પણ આ વાત સાચી છે. લગભગ 2000 લોકોની વસ્તીવાળા આ શહેરમાં 70 કરતા વધુ વર્ષથી કોઈ પણ લાશને દફનાવવામાં કે બાળવામાં આવી નથી. હવે સવાલ એ ઉઠે છે કે આ તે કેવું શહેર છે કે જ્યાં લોકો મરતા નથી. તો તમને જણાવીએ કે આની પાછળ એક રસપ્રદ કારણ છે.

નોર્વે દેશનું લોંગયેરબ્યેન શહેર ઉત્તર ધ્રુવમાં વસેલુ છે. આ શહેર બાદ ઉત્તર દિશામાં કોઈ અન્ય રહેણાંક વિસ્તાર નથી. એટલે કે કોઈ રહેતું હોય તેવો વિસ્તાર નથી. આ શહેરમાં ખ્રિસ્તિ ધર્મમાં માનતા લોકો રહે છે. શહેર મોટાભાગે બરફની ચાદરથી ઢંકાયેલું રહે છે. અહીં વર્ષના 4 મહિના તો સૂર્યદેવના દર્શન પણ થતા નથી. એટલે કે 4 મહિના તો અંધારા જેવું જ રહે છે. જ્યારે સૂર્ય નીકળે ત્યારે અહીંના લોકો તે સમયે તહેવાર જેવી ઉજવણી કરે છે. આવામાં સમગ્ર વર્ષ અહીં બરફ જ જોવા મળે છે.

### આ કારણે છે મરવા પર પ્રતિબંધ

અહીં બરફમાં દફનાવવામાં આવેલી લાશો ગળતી નથી, ખરાબ થતી નથી કે સડતી નથી. ઉલ્ટું તે જામી જાય છે અને વર્ષો સુધી એમની એમ રહે છે. આવામાં મૃત શરીરના વાયરસ લોકોમાં બીમારી ફેલાવી શકે છે. જેનાથી લોકોના જીવને જોખમ રહી શકે છે. આ જ કારણ છે કે અહીં મૃત્યુ નજીક હોય તેવી સ્થિતિમાં વ્યક્તિને અન્ય જગ્યાએ મોકલી દેવાય છે.

વર્ષ 1917માં અહીં ઈન્ફ્લુએન્ઝાના કારણે એક વ્યક્તિનું મોત થઈ ગયું હતું. તે સમયે લોકોએ તે વ્યક્તિના મૃતદેહને ત્યાં જ દફનાવી દીધો. પરંતુ વર્ષો બાદ જ્યારે જોયું તો તે મૃતદેહ એવોને એવો જ હતો. વર્ષો બાદ પણ ઈન્ફ્લુએન્ઝાના વાયરસ તે મૃતદેહમાં હતા. આવા જોખમથી બચવા માટે એવો નિયમ બનાવવામાં આવ્યો કે અહીં કોઈ પણ વ્યક્તિને દફનાવવામાં આવશે નહીં. આ જ કારણે અંતિમ સમય નજીક છે તેવો આભાસ થતા લોકોને શિપ કે હેલિકોપ્ટરથી અન્ય જગ્યાએ શિફ્ટ કરી દેવામાં આવે છે.

# ક્રિકેટ જગતમાં ખળભળાટ

## હાશિમ અમલાએ ઘણાં હિંદુઓને બનાવ્યા મુસલમાન, ક્રિકેટર સઈદ અનવરે કર્યો દાવો



ગુજરાત | વંદન

પાકિસ્તાનના પૂર્વ ક્રિકેટર સઈદ અનવરે સાઉથ આફ્રિકિ ક્રિકેટર હાશિમ અમલાને લઈને એક મોટું નિવેદન આપીને મોટો ખુલાસો કર્યો છે. તેમણે હાશિમ પર હિંદુઓને મુસલમાન બનાવીને દાવો કર્યો હતો. પાકિસ્તાન તરફથી 55 ટેસ્ટ મેચમાં 4 હજાર રન, 247 વનડે મેચમાં 8 હજાર 824 રન બનાવનાર સઈદ અનવર એક વીડિયો સોશિયલ મીડિયા પર ખુબ જ વાઈરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં તે અમલાને રમતના વખાણ કરતા નજર આવી રહ્યો છે. વખાણ કરતા-કરતા તેણે અમલા વિશે જે દાવો કર્યો તેના પર હવે બબાલ શરુ થઈ ગયો છે.

### શું કહ્યુ સઈદ અનવરે ?

પાકિસ્તાનના એક સમયના વિસ્ફોટક ઓપનરમાં જેની ગણના થતી હતી તેવા સઈદ અનવરે એક દાવો કર્યો છે અને આ દાવા પર હાલ હડકંપ મચી ગયો છે. સઈદ અનવરે કહ્યુ હતુ કે વર્લ્ડકપમાં ઘણા લોકો ઈસ્લામ કબુલ કરી રહ્યા છે. અલ્લાહે વર્લ્ડકપને એક રસ્તો બનાવ્યો છે. હાશિમ અમલા જબરદસ્ત ક્રિકેટર છે. તેણે ઘણા લોકોને કલમાં વચાવી એક હિંદુ પરીવારને પૂરે પૂરો મુસલમાન થઈ ગયો હતો. મોહમ્મદ યકુફ ઘણા લોકોનો સ્ત્રોત બન્યો હતો.

### અમલાના મુળ ભારત સાથે જોડાયેલા છે

જો કે સઈદ અનવરના આ નિવેદન બાદ તે ખુબ ટ્રોલ થઈ રહ્યો છે. હાશિમ અમલાની વાત કરીએ તો તેના મુળ ભારત સાથે જોડાયેલા છે. વર્ષ 1927માં તેના દાદા સુરતથી સાઉથ આફ્રિકા જતા રહ્યા હતા. અમલાએ 2004 થી 2019 વચ્ચે 124 ટેસ્ટ, 181 વનડે અને 44 ટી20 મેચોમાં સાઉથ આફ્રિકાનું પ્રતિનિધિત્વ કર્યુ છે. તેના નામે 9 હજાર 282 ટેસ્ટ રન અને 8113 વનડે રન અને 1277 ટી20 રન છે.

# રાજકોટ: દેવાયત ખવડની મકરસંક્રાંતિ જેલમાં જ જશે, જામીન નામંજૂર



ગુજરાત | વંદન

રાજકોટ સેશન્સ કોર્ટ દ્વારા દેવાયત ખવડ અને કાના રબારીની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરવામાં આવી છે. અગાઉ આ જ કેસના અન્ય આરોપી કિશન કુંભારવાડીયાના રેગ્યુલર જામીન નામંજૂર કરવામાં આવ્યા હતા. આમ, મયુરસિંહ રાણા પર હુમલો કરવાના કેસમાં ત્રણેય આરોપીઓની રેગ્યુલર જામીન અરજી નામદાર કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવી છે. કોર્ટમાં ફરિયાદી પક્ષના વકીલ દ્વારા નામદાર કોર્ટને જણાવવામાં આવ્યું હતું કે, પોલીસ તપાસમાં તે વાત સ્પષ્ટપણે સાબિત થઈ ચૂકી છે કે દેવાયત ખવડ દ્વારા અને તેના સાગરિતો દ્વારા જે હુમલો કરવામાં આવ્યો હતો, તે કોઈ અનાયાસે કરવામાં નહોતો આવ્યો. એક ચોક્કસ આયોજિત કાવતરા અંતર્ગત હુમલો કરવામાં આવ્યો હતો. બનાવની આસપાસની જગ્યાએ ગુનાહિત કૃત્ય આચરનારા આરોપીઓ દ્વારા ચોક્કસ સમયે રેકી પણ કરવામાં આવી હતી. તેમજ ફરિયાદી પક્ષ તરફથી દલીલ પણ કરવામાં આવી છે કે, જાહેરમાં જે પ્રકારે બનાવ બન્યો છે તે ખૂબ જ ગંભીર છે. જે વિસ્તારમાં બનાવ બન્યો છે, તે ખૂબ જ ભીડભાડવાળો વિસ્તાર હોય છે. તેથી લોકો ઉપર તેની ખરાબ અસર પડી શકે તેમ છે.

## 16 વર્ષની છોકરી લગ્ન કરી શકે ? જાણો સુપ્રીમ કોર્ટે સુનાવણીમાં શું કહ્યુ

# NCPCR દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર નોટિસ



ગુજરાત | વંદન

સુપ્રીમ કોર્ટે શુક્રવારે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના નિર્ણય વિરુદ્ધ નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઑફ ચાઈલ્ડ રાઈટ્સ (NCPCR) દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર નોટિસ જાહેર કરી હતી અને કહ્યું હતું કે હાઈકોર્ટના આદેશને એક ઉદાહરણ તરીકે ગણવામાં આવવો જોઈએ નહીં. હાઈકોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યું હતું કે 16 વર્ષ કે તેથી વધુ ઉંમરની મુસ્લિમ યુવતી લગ્ન કરવા માટે સ્વતંત્ર છે. મુસ્લિમ પર્સનલ લોમાં છોકરીઓના લગ્ન તરુણાવસ્થાની ઉંમરથી માન્ય ગણવામાં આવે છે. જેને હાઈકોર્ટે મંજૂરી આપી હતી.

NCPCRએ તેના નિર્ણય વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે પોતાના વચગાળાના આદેશમાં કહ્યું હતું કે, હાઈકોર્ટના આદેશને ઉદાહરણ તરીક ન ગણવો જોઈએ. સુનાવણી દરમિયાન સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું કે નાની ઉંમરની છોકરીઓના લગ્ન થઈ રહ્યા છે. આ સ્થિતિમાં શું પર્સનલ લોને ફોજદારી કાર્યવાહીના બચાવ તરીકે રાખી શકાય? ફોજદારી કાર્યવાહી કાયદેસર કરવામાં આવી રહી છે.

CJI DY ચંદ્રચુડે કહ્યું કે અમે નોટિસ જાહેર કરીએ છીએ અને તમામ કેસને જોડી રહ્યા છીએ. એસજીએ કહ્યું કે કોર્ટે આ કાર્યવાહી પર પ્રતિબંધ મૂકવો જોઈએ. CJIએ કહ્યું કે જો અમે પ્રતિબંધ લગાવીશું તો છોકરીને તેના માતા-પિતા પાસે પરત જવું પડશે, જ્યારે તે આવું કરવા માંગતી નથી. એસજીએ કહ્યું કે આવી અરજીઓ વારંવાર દાખલ કરવામાં આવશે. એસજીએ કહ્યું કે અમે પ્રશ્ન કરીએ છીએ કે શું હાલના ફોજદારી કાયદા અને પોક્સો એક્ટની સામે આવા લગ્નો માન્ય રહેશે.

CJI એ આદેશ આપ્યો કે પ્રતિવાદીને નોટિસ જાહેર કરવામાં આવે. તેના માતા-પિતા ઈચ્છતા હતા કે તેણી તેના મામા સાથે લગ્ન કરે. શું થશે, જે ક્ષણે આપણે રહીશું, તે તેના માતા-પિતા પાસે પાછી આવશે. આ જ બાબતમાં નિયુક્ત રાજશેખર રાવને આ બાબતમાં મદદ કરવા અનુરોધ કરીએ છીએ. સુપ્રીમ કોર્ટનો આદેશ છે કે હાઈકોર્ટના આદેશને અન્ય કોઈ પેન્ડિંગ કેસમાં દાખલા તરીકે ગણવામાં આવશે નહીં.

# ગુજરાત યુનિવર્સિટીએ વિવિધ ફીમાં 500 ટકા સુધી વધારો કર્યો, વિદ્યાર્થીઓનો ખર્ચ 1500થી વધીને 4500 થયો



ગુજરાત | વંદન

ગુજરાત યુનિવર્સિટીમાં વિવિધ ફીમાં વધારો ઝિંકવામાં આવ્યો છે. આ ફી વધારાને કારણે વાલીઓના ખિસ્સા પર બોજો વધશે. યુનિવર્સિટી દ્વારા વધારવામાં આવેલી ફીને જોતાં જે વિદ્યાર્થીઓ અગાઉ વિવિધ ફીમાં 1500 રૂપિયાનો ખર્ચ થતો હતો તે હવે સીધો ત્રણ ગણો વધીને 4500 થઈ ગયો છે. બીજી તરફ NSUI દ્વારા ફી વધારો પાછો ખેંચવા માંગ કરવામાં આવી છે. આ ફી વધારાને લઈને મુખ્યમંત્રી સુધી CMO દ્વારા જાહેર કરવામાં આવેલા વોટ્સએપ નંબર પર પણ જાણ કરવામાં આવી છે.

### માર્કશીટ, ડિગ્રી સર્ટિફિકેટ વેરિફિકેશનની ફીમાં વધારો

પ્રાપ્ત વિગતો દ્વારા ગુજરાત યુનિવર્સિટી દ્વારા વિવિધ ફીમાં 500 ટકા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. જેમાં માર્કશીટ, ડિગ્રી સર્ટિફિકેટ વેરિફિકેશનની ફીમાં વધારો કરવામાં આવ્યો છે. તેમાં માર્કશીટ વેરિફિકેશનની રૂપિયા 50 ફીનાં હવે રૂ.404 કરાયા છે. તથા ડિગ્રી વેરિફિકેશનનાં રૂ.200ની ફીની જગ્યાએ રૂપિયા 554 કરાયા છે.

### 1500નો ખર્ચ હવે રૂપિયા 4500 સુધી પહોંચ્યો

ટ્રાન્સક્રિપ્ટ વેરિફિકેશન અને સીલ કવરનાં રૂપિયા 500નાં રૂ.736 કરાયા છે. તથા માઈગ્રેશન સર્ટીફીકેટનાં રૂપિયા 110ના રૂ. 452 કરાયા છે. પ્રિવિઝનલ સર્ટીફીકેટનાં રૂપિયા 200નાં 436 કરાયા છે. પહેલા વિદ્યાર્થીઓને આ તમામ પ્રકારના કામમાં રૂપિયા 1500નો ખર્ચ થતો જે હવે રૂપિયા 4500 સુધી પહોંચ્યો છે.

### યુનિવર્સિટીની 50 વર્ષ જૂની હોસ્ટેલ નવ નિર્માણ કરાશે

ગત શનિવારે મળેલી સેનેટ-સિન્ડિકેટની બેઠકમાં હોસ્ટેલના મુદ્દે એક્ઝિક્યુટિવ કાઉન્સિલ દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં અત્યારની હોસ્ટેલને સંપૂર્ણ તોડીને નવી હોસ્ટેલ ઉભી કરવામાં આવશે. આ નવનિર્માણ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓની કેપેસિટી બમણી કરીને 500 વિદ્યાર્થીઓની ક્ષમતા સાથે તૈયાર કરવામાં આવશે.

અનુસંધાન પેજ 1 પરથી...

### વિશ્વની સૌથી..

બાંગ્લાદેશમાંથી પસાર થશે. યુપી, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, આસામ અને બાંગ્લાદેશ. વારાણસી, પટના, કોલકાતા, ઢાકા, ગુવાહાટી, ડિબ્રુગઢ સહિત 50 મુખ્ય પ્રવાસન સ્થળોનો સમાવેશ થાય છે.

### 31 જાન્યુ.થી ..

પર આભાર પ્રસ્તાવ પર વિસ્તૃત ચર્ચા બંને ગૃહોમાં થાય છે, ત્યારબાદ કેન્દ્રીય બજેટ પર ચર્ચા થાય છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપશે, જ્યારે નાણા પ્રધાન કેન્દ્રીય બજેટ પરની ચર્ચાનો જવાબ આપશે.

બજેટ સત્રના બીજા ભાગ દરમિયાન, સરકારના કાયદાકીય એજન્ડા સિવાય વિવિધ મંત્રાલયોની અનુદાન માટેની માંગણીઓ પર ચર્ચા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. કેન્દ્રીય બજેટ સત્રના આ ભાગમાં પસાર થાય છે. છેલ્લા સત્ર દરમિયાન, નવ બિલ લોકસભામાં રજૂ કરવામાં આવ્યા હતા અને સાત બિલ સંસદના નીચલા ગૃહ દ્વારા પસાર કરવામાં આવ્યા હતા.

### મોંઘવારીમાં ..

હવામાન અને દુષ્કાળના રોગને કારણે તુવેર દાળના ઉત્પાદનમાં ઘટાડો થઈ શકે છે. આયાતની ઘટને પહોંચી વળવા માટે આયોજન કરવામાં આવ્યું છે.

### ગુજરાતીઓના...

સ્થળોના કેન્દ્રોમાં, મનાલીમાં 17 મીમી, તિસ્સા 12 મીમી, ટીન્ડર 9 મીમી, વાંગતુ, રેકોંગપુય અને શિવબાગમાં 8 મીમી, ખદ્રલામાં 5 મીમી અને ભરમૌરમાં 4 મીમી હિમવર્ષા નોંધાઈ છે.

હવામાન વિભાગે શુક્રવારે ઉચ્ચ ટેકરીઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ હિમવર્ષા અને મધ્ય ટેકરીઓમાં થોડા સ્થળોએ હળવો વરસાદ અથવા બરફ પડવાની આગાહી કરી છે. અહીં શનિવારથી બુધવાર સુધી હવામાન શુષ્ક રહી શકે છે. શનિવારથી સોમવાર સુધી ઉના, હમીરપુર, બિલાસપુર, કાંગડા, સોલન, સિરમૌર અને મંડી જિલ્લાના નીચલા પહાડોમાં શીત લહેર અને ધુમ્મસની અપેક્ષા છે. રાજ્ય સરકારે કોઈપણ પ્રકારની હિમવર્ષા માટે વ્યવસ્થા કરી છે અને રાજધાનીને પાંચ સેક્ટરમાં વહેંચવામાં આવી છે. નોડલ અધિકારીઓને હિમવર્ષા પછીની પરિસ્થિતિ માટે આયોજન કરવા માટે સંબંધિત વિભાગોના અધિકારીઓ સાથે બેઠક યોજવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

### TMCના MLA..

ધારાસભ્યએ દાવો કર્યો હતો કે, તેમની પાસે આ રોકડ સાથે જોડાયેલા તમામ કાગળો ઉપલબ્ધ છે. પરંતુ એજન્સીઓએ તપાસ શરૂ કરી દીધી છે.

### શું આખું ...

ત્રાસદીનું નીરિક્ષણ કર્યું છે, જેની તસ્વીર ખૂબ જ ડરામણી છે. ઈસરોએ સેટેલાઈટ તસ્વીર જાહેર કરી છે, તેમના અનુસાર તો આખુ જોશીમઠ જમીનમાં સમાઈ જશે. તસવીર જે પીળા કલારનું માર્ક કરેલું છે, જે સેંસેટિવ ઝોન છે. આ પીળા ઘેરામાં આખુ શહેર આવે છે. તેને જોઈને એવું લાગી રહ્યું છે કે, જેમ કે આખુ શહેર જમીનમાં સમાઈ જવાનું હોય. ઈસરોના આર્મી હેલીપેડ અને નૃસિંહ મંદિરને પણ માર્ક કર્યું છે. આ રિપોર્ટ ઈસરોના હૈદરાબાદ સ્થિત નેશનલ રિમોટ સેંસિંગ સેન્ટરે જાહેર કરી છે.

કદાચ એનઆરએસસીના રિપોર્ટના આધાર પર જ ઉત્તરાખંડ સરકાર જોશીમઠમાં રેસ્ક્યૂ ઓપરેશન ચલાવી રહી છે અને જે વિસ્તારમાં વધારે ખતરો છે. ત્યાંના લોકોને પહેલા સુરક્ષિત જગ્યા પર શિફ્ટ કરવામાં આવી રહ્યા છે. એનઆરએસસીના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે,એપ્રિલથી નવેમ્બર 2022 સુધી જમીનનો મામલો ધીમો હતો. આ સાત મહિનામાં જોશીમઠ 8.9 સેન્ટીમીટર જમીન નીચે આવી છે. પણ 27 ડિસેમ્બર 2022થી લઈને 8 જાન્યુઆરી 2023 સુધી એટલે કે, 12 દિવસમાં જમીન ધસવાની તીવ્રતા 5.4 સેન્ટીમીટર થઈ ગઈ છે. એટલે કે, ખાલી 12 દિવસમાં જોશીમઠને સૌથી વધારે નુકસાન પહોંચ્યું છે.

### કેન્દ્રએ જ...

હતો કે આવા મામલામાં કાર્યવાહી કરવાની પ્રક્રિયા છે.

કેન્દ્ર સરકારે કહ્યું હતું કે આવી સ્થિતિમાં દિલ્હી સરકાર અથવા તેનું સંબંધિત મંત્રાલય ઉપરાજ્યપાલને પત્ર લખે છે. આ પત્રને LG વતી કેન્દ્ર સરકારના સંબંધિત વિભાગને મોકલવામાં આવે છે, જે કાર્યવાહી કરે છે. તુષાર મહેતાએ કહ્યું હતું કે દિલ્હીમાં LG પણ એડમિનિસ્ટ્રેટરની ભૂમિકામાં છે. તેમણે કહ્યું હતું કે દિલ્હીમાં કેન્દ્ર સરકાર પાસે વહીવટી નિયંત્રણ હોવું જરૂરી છે કારણ કે રાજધાની આતંકવાદ સહિત અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓને લઈને સંવેદનશીલ સ્થળ છે. દિલ્હીમાં વહીવટ રાષ્ટ્રીય ચિંતાઓને ધ્યાનમાં રાખીને કરવો જોઈએ. આ ઉપરાંત પાડોશી રાજ્યો સાથે વધુ સારા સંકલન માટે કેન્દ્રનું નિયંત્રણ પણ જરૂરી છે.

અનુસંધાન પેજ 4 પરથી...

### ગુજરાતની...

ગુજરાતીઓને પોતાનાં ઈતિહાસ પર ગર્વ થાય એવી આ નવલકથા દરેક ગુજરાતીએ એક વાર અવશ્ય વાંચવી જોઈએ. આ પુસ્તકનાં કેટલાંક મહત્ત્વનાં અંશ માણીએ.

*જંગબાર એ આફ્રિકન વસાહતનું તે સમયે મુખ્ય મથક બન્યું હતું. જંગબાર નામ પણ ગુજરાતી ખલાસી-ભાષાના શબ્દ જુન્ગબારનો અપભ્રંશ છે. જુન્ગ એટલે સફારી વેપારી જહાજ અને જુન્ગબાર એટલે જ્યાં આવાં વહાણો આવીને ઠરે એ બંદર.

*દરિયાલાલ! કચ્છ-કાઠિયાવાડ ( સૌરાષ્ટ્ર) ના ખલાસીઓ અનાદિ-કાળથી હિન્દી મહાસાગરને 'દરિયાલાલ'ના મમત્વ ને માનભર્યા નામથી જ ઓળખે છે.

*લેખક લખે છે, ' હું આ લખું છું ત્યારે મારી સામે ' હિન્દી મહાસાગરનો ઈતિહાસ ' નામની કિતાબ ઉઘાડી પડી છે. આ કિતાબના ઈતિહાસકાર લેખક સ્ટાન્લી રોજર્સનું નામ વહાણવટાના ઈતિહાસ-દર્શનશાસ્ત્રમાં ઘણું ઊંચું મનાય છે. સ્ટાન્લી રોજર્સ પોતાના આ ગ્રંથમાં બેત્રણ વાતો તો કબૂલ કરે છે. વહાણવટાનો ઉદય હિન્દી મહાસાગરમાં થયો એ એને મંજૂર છે. એ એટલી વાત પણ સ્વીકારે છે કે વાસ્કો-ડી-ગામા જ્યારે હામ હારીને માડાગાસ્કરના ટાપુમાંથી પાછો ફરતો હતો ત્યારે એક હિન્દી નાખુદાએ એને હિન્દનો જળમાર્ગ બતાવ્યો અને તે વ્યક્તિ માંડવીનો એક ખારવો હતો, તેનું નામ ' કાનજી માલમ' હતું. તેનું ચાંચિયાઈ જહાજ 'કાલા જહાજ ' પંદરમી સદીમાં ઝડપીમાં ઝડપી જહાજ મનાતું હતું.'

*આપણાં લોકો આફ્રિકામાં ગુલામીનો વેપાર કરતા હતા એ વાત ઘણાને ખૂંચે એવી છે. પરંતુ એથીયે વધારે ખૂંચે એવી વાત તો આફ્રિકામાંથી ગુલામી ટાળવાને માટે ત્યાંની હિન્દી વસાહતે જે ભોગ આપ્યો છે એનો યુરોપિયન ઈતિહાસકારોએ ક્યાંય પણ ઉલ્લેખ સરખોયે નથી કર્યો એ છે.

*અંગ્રેજોએ ઑસ્ટ્રેલિયા શોધ્યો તેનાં પહેલાં બસો વર્ષથી હિન્દી વેપારીઓનાં વહાણો ઑસ્ટ્રેલિયામાં જતાં ને માલની લાવજાવ કરતાં હતાં. ઈ. સ. ૧૭૦૦ની આસપાસ હિન્દી ખલાસીઓ ઑસ્ટ્રેલિયામાં આવજાવ કરતાં હતાં એનો તો તવારીખમાં પણ પ્રગટ ઉલ્લેખ છે.

અનુસંધાન પેજ 12 પરથી...

### સુરતમાં પતંગ....

કિશોર કુવામાં ખાબક્યો હોવાનું સામે આવ્યું છે. બાળકો પતંગ લૂંટવાની લ્હાયમાં દોડ મૂકતાં હોય છે, ત્યારે ઘણી વખત મોટી દુર્ઘટના પણ સર્જાતી હોય છે. આવામાં વાલીઓએ પણ પોતાના બાળકોનું ધ્યાન રાખવાની અને સાવચેત રહેવાની જરૂર છે. આ ઘટના મહેસાણા ઊંઝા શહેરમાં રીંગ રોડની છે, જ્યાં કિશોર પતંગ લૂંટતા કુવામાં ખાબક્યો છે. રામનગર રેસિડેન્સી નજીક કિશોર કુવામાં ખાબક્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. પતંગ લૂંટવા જતા કિશોર કુવામાં પડ્યો છે. ઘાસ વચ્ચે કુવો ન દેખાતા કિશોર સીધો કુવામાં પડ્યો છે. આ ઘટનાની જાણ કરાતા ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે દોડી આવી છે અને કિશોરને શોધવાની કવાયત હાથ ધરી છે. નોંધનીય છે કે, પતંગ લૂંટવાની લ્હાયમાં ઘણી વખત મોટી દુર્ઘટનાઓ પણ સર્જાતી હોય છે.

### વ્યાજખોરો સામે...

દરબાર યોજી 464 વ્યાજખોરો સામે એફઆઈઆર નોંધી છે. જેમા 316થી વધુ વ્યાજખોરોની ધરપકડ કરી છે. પોલીસની કાર્યવાહીથી ઘબરાઈને કેટલાક વ્યાજખોરો ભૂર્ગભમા ઉતરી ગયા છે.

# ભારતીય મહિલા ક્રિકેટરનું મોત, ઝાડ પર લટકેલી મળી લાશ...



ગુજરાત | વંદન

ભારતીય મહિલા ક્રિકેટરની મોત થતાં ક્રિકેટ જગતમાં ખળભળાટ મચ્યો છે. ઓડિશાની મહિલા ક્રિકેટર રાજશ્રીનો મૃતદેહ ગુરુદિઝટિયા જંગલમાં એક ઝાડ પર લટકતો મળી આવ્યો હતો. રાજશ્રીના પરિવારજનોએ ઓડિશા ક્રિકેટ એસોસિએશન અને મહિલા ટીમની કોચ પર આરોપ લગાવ્યો છે. 22 વર્ષની રાજશ્રી અચાનક ગાયબ થઈ ગઈ હતી અને હવે શુક્રવારે તેનો મૃતદેહો મળી આવ્યો છે. પોલીસનું કહેવું છે કે, આ આત્મહત્યાનો મામલો છે.

# લંડનની ગલીઓ મ્હેંકે છે કલકત્તાની ઝાલમુડીની સોડમથી...




ગુજરાત | વંદન

આપણે વેસ્ટર્ન કલ્ચર પ્રત્યે આકર્ષાઈએ છીએ, પણ હકીકત એ છે કે ત્યાંના લોકો આપણા કલ્ચર, સંસ્કૃતિથી એકદમ પ્રભાવિત છે. આ વાતને સાચી પુરવાર કરી છે બ્રિટીશર એન્ગસ ડેનૂને. હાલમાં તેનો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ જ ઝડપથી વાઈરલ થઈ રહ્યો છે. એન્ગસ લંડનના રસ્તા પર કોલકતાની ઝાલમુડી (ભેલ) વેંચી રહ્યા છે. એન્ગસ એ શેફ છે અને ઝાલમુડીના સ્વાદથી લોકોના દિલ, સ્માઈલ તો કમાવી જ રહ્યા છે, પણ તેની સાથે સાથે તે આનાથી પૈસા પણ બનાવી રહ્યા છે. જ્યારે તેઓ કોલકતાથી પાછા લંડન ગયા છે ત્યારે આ ઝાલમુડીની રેસિપી પણ પોતાની સાથે લંડન લઈ ગયા. આનો ચટપટો સ્વાદ તેમને એટલો ગમી ગયો છે કે તેણે લંડનમાં તેને વેચવાનું શરું કરી દીધું છે. તેઓ લંડનની ગલીઓમાં ઝાલમુડી એક્સપ્રેસ ચલાવે છે.

ભેલપુરીના ફેમિલીની આ ઝાલમુડીના ઈન્ગ્રિડેન્ટ્સની સુગંધ લોકોને તેની તરફ ખેંચે છે. આ જ કારણ છે કે લંડનની અનેક ગલીઓમાં લોકો રાહ જોઈને બેઠા હોય છે કે ક્યારે આ ઝાલમુડી એક્સપ્રેસ આવશે અને તેઓ આ સ્વાદિષ્ટ વાનગી આરોગશે. એક ઈન્ટરવ્યુમાં એન્ગસે જણાવ્યું હતુ કે જ્યારે પહેલા દિવસે મેં આ ઝાલમુડી લોકોને ખવડાવી ત્યારે જ મને ખ્યાલ આવી ગયો હતો કે આ એક જબરજસ્ત ડિશ છે. બાળકોથી લઈને મોટી ઉંમરના લોકો પણ આને ખૂબ જ પસંદ કરે છે. ઝાલમુડીને મળેલી સફળતા બાદ તેમણે પોતાના મેન્યુમાં બીજી કેટલીક બંગાળી વાનગીઓને શામિલ કરી છે. ગુની ચાટ, પુલચાસ, લસ્સી, ઢોકળા અને ચાય પણ તેઓ પોતાની આ ઝાલમુડી એક્સપ્રેસના માધ્યમથી લોકોને પીરસે છે.

## તસ્વીર બોલે છે...!



# સોફ્ટવેર અપડેટ:ગૂગલ વેક્ટર મેપ સાથેનું વિશ્વનું પહેલું ઇલેક્ટ્રિક સ્કૂટર



ગુજરાત | વંદન

દેશની અગ્રણી સ્માર્ટ ઈલેક્ટ્રિક સ્કૂટર કંપની એથર એનર્જીએ ગૂગલ વેક્ટર મેપ ધરાવતું દુનિયાનું પહેલું ઈ-સ્કૂટર લોન્ચ કર્યું છે. એથર કમ્યુનિટી ડે દરમિયના કંપનીએ એથરસ્ટેક-5.0 અંતર્ગત એથર 450 સીરિઝના સ્કૂટર્સમાં સોફ્ટવેર અપડેટની જાહેરાત કરી છે. આ ઈવેન્ટ દરમિયાન એથર સ્કૂટર્સના ચાર નવા રંગ કોસ્મિક બ્લેક, સાલ્ટ ગ્રીન, ટ્રૂ રેડ અને લ્યૂનર ગ્રેનું લોન્ચિંગ કર્યું હતું.

કમ્યુનિટી ડે દરમિયાન એથર એનર્જીના સહ-સ્થાપક અને CEO તરુણ મહેતાએ જણાવ્યું હતું કે કંપનીના નવા ઉપરાંત જૂના ગ્રાહકોને પણ આ નવા ફીચર્સનો ફાયદો મળશે. નવા યૂઝર ઈન્ટરફેસના કેટલાક ફીચર્સ એવા પણ છે જે મોંઘી લક્ઝરી કારોમાં પણ ઉપલબ્ધ નથી. આ ઈન્ડસ્ટ્રીમાં એક અલગ જ પહેલ છે.

એથર એનર્જીના ચીફ બિઝનેસ ઓફિસર રવનીત એસ ફોકેલાએ જણાવ્યું કે એથરના ગ્રાહકોનો ભરોસો જ કંપનીની સૌથી મોટી મૂડી છે. ગત વર્ષ એથર માટે ઉપલબ્ધિઓથી ભરપૂર રહ્યું હતું. આ દરમિયાન કંપનીએ 59,123 સ્કૂટરનું વેચાણ કર્યું હતું. 2023માં કંપનીના આઉટલેટની સંખ્યા 56થી વધીને 120 કરવાની યોજના છે. કંપની પાસે 900 ફાસ્ટ ચાર્જીંગ સ્ટેશનનું દેશનું સૌથી મોટું નેટવર્ક છે. આ વર્ષના અંત સુધીમાં તેની સંખ્યા 1300થી વધુ થશે.

### બેટરી પ્રોટેક્ટશન વોરંટી પણ આપશે

એથર એનર્જીએ ઈવી સ્કૂટર ઈન્ડસ્ટ્રી માટે પહેલી બેટરી પ્રોટેક્ટ વોરંટી લોન્ચ કરી છે. તે અંતર્ગત 5 વર્ષ માટે 60 હજાર કિલોમીટરના અંતર સુધી વોરંટી મળશે. તેમાં બેટરી ફેલ્યોર કવર ઉપરાંત 5 વર્ષ બાદ બેટરીની 70% ક્ષમતા પણ યથાવત્ રહેવાની ગેરેંટી મળશે. એથરનો દાવો છે કે એથર એકમાત્ર ઈવી સ્કૂટર કંપની છે જે આ ગેરેંટીની સાથે ડીપ ડિસ્ચાર્જને પણ કવર કરે છે.

## બજારોનાં અંતરંગ

### અલીબાબા ફેઈમ જેક મા એ એન્ટ ગ્રુપનું સુકાન છોડયું

ચીન દ્વારા તેની ટેક કંપનીઓ પર ધોંસ બોલાવવાનું



શરુ થયા બાદ હવે જાણીતી અલીબાબા ગ્રુપના વડા તરીકે વિશ્વમાં ટોચના સીઈઓમાં સ્થાન ધરાવતા જેક મા એ સમગ્ર એન્ટ ગ્રુપના મેનેજમેન્ટમાંથી દૂર થઈ ગયા છે. ચીનના શાસકો સાથે વિવાદ સર્જાયા બાદ જેક મા લાંબો સમય સુધી ગુમ રહ્યા હતા અને અંતે તેઓ હોંગકોંગમાં નજરે ચડયા હતા. હવે તેઓએ પોતાના એન્ટ ગ્રુપ પરથી કંટ્રોલીંગ રાઈટ જતો કર્યો છે અને કંપનીમાં પણ અનેક મોટા ફેરફાર કર્યા છે અને તે રીતે કંપનીએ શેરહોલ્ડરનું હિત સાચવવાનો નિર્ણય કર્યો હોવાનું જાહેર થયું છે.

### વિદેશમાં ભારતીય કોમોડિટીની માંગ વધી, નિકાસમાં 23.51 ટકાનો વધારો

વૈશ્વિક બજારમાં ભારતીય કોમોડિટીની ઘણી માંગ છે.



ચાલુ નાણાકીય વર્ષના એપ્રિલ-નવેમ્બરના સમયગાળામાં મુખ્ય કોમોડિટીની નિકાસમાં લગભગ 24 ટકાનો વધારો નોંધવામાં આવ્યો છે. ચોખા અને ઘઉંની નિકાસ પર કેટલાક નિયંત્રણો હોવા છતાં, તેમની નિકાસમાં નોંધપાત્ર વધારો થયો છે. એપેડા પાસેથી મળેલા ડેટા અનુસાર, વર્ષ ૨૦૨૨-૨૩ના એપ્રિલ-નવેમ્બરના સમયગાળામાં રૂ. ૧,૩૮,૦૮ કરોડની મોટી ચીજવસ્તુઓની નિકાસ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨ના સમાન સમયગાળામાં રૂ. ૧,૧૧,૭૩૬ કરોડની મુખ્ય ચીજવસ્તુઓની નિકાસ કરવામાં આવી હતી. સ્વાભાવિક રીતે, અગાઉના નાણાકીય વર્ષ કરતાં આ નાણાકીય વર્ષમાં કોમોડિટી નિકાસમાં ૨૩.૫૧ ટકાનો વધારો થયો છે.

### આગામી બજેટમાં ડિસઈન્વેસ્ટમેન્ટ ટાર્ગેટ નીચો જોવા મળવાની સંભાવના

મોટા કદના જાહેર ક્ષેત્રના ઉપક્રમોને બદલે આગામી





બજેટમાં સરકાર નાના અને મધ્યમ કદના ઉપક્રમોના ડિસઈન્વેસ્ટમેન્ટને પ્રાધાન્ય આપશે તેવી શકયતા જણાઈ રહી છે. બજારની વોલેટિલિટીને પગલે સરકાર ઊંચા ટાર્ગેટથી દૂર રહેવા માગે છે. અગાઉ જાહેર કરાયેલા કેન્દ્રના મોટા કદના ઉપક્રમો જેમ કે કન્ટેનર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (સીસીઆઈ) તથા આઈડીબીઆઈ બેન્કની વેચાણ પ્રક્રિયામાં સરકાર આગળ વધવાનું ચાલુ રાખશે એમ સરકારી સુત્રોએ જણાવ્યું હતું. કેન્દ્ર હસ્તકના ઉપક્રમોમાંથી ૪૦ જેટલા ઉપક્રમોને નાના તથા મધ્યમ કદના ઉપક્રમો તરીકે વર્ગીકૃત કરાયા છે. કયા ઉપક્રમોની ડિસઈન્વેસ્ટમેન્ટની યાદીમાં સમાવી શકાય તેની ડિસઈન્વેસ્ટમેન્ટ વિભાગ દ્વારા તપાસ ચાલી રહી છે. શેરબજારમાં વ્યાપક વોલેટિલિટી જોવા મળી રહી છે, ત્યારે સરકાર ડિસઈન્વેસ્ટમેન્ટ ટાર્ગેટને વ્યવહારુ રાખવા માગે છે.

### કંપનીઓ દ્વારા IPO થકી એકત્ર કરાયેલી રકમમાં OFSનો હિસ્સો મોટો

વર્ષ ૨૦૨૨માં, કંપનીઓએ પ્રારંભિક પબ્લિક





આફરિંગ્સ (આઈપીઓ) દ્વારા તેમની પોતાની જરૂરિયાત માટે ઓછી રકમ એકત્ર કરી હતી, અને મોટાભાગની મૂડી વર્તમાન શેરધારકોને જતી રહી હતી. કારણ કે ઓએફએસનો (ઓફર ફોર સેલ) હિસ્સો મુખ્ય કંપનીઓ દ્વારા આઈપીઓમાંથી એકત્ર કરાયેલી રકમના ૬૮.૪ ટકા હતો. કંપનીઓના બિઝનેસ પ્લાનનું ભંડોળ એકત્ર કરાયેલ રકમના એક તૃતીયાંશમાં ગયું હતું, નવા શેર જારી કરીને એકત્ર કરવામાં આવ્યું હતું. ગયા વર્ષે IPOમાંથી મળેલી રકમમાં ઓએફએસનો હિસ્સો ૬૩.૨ ટકા હતો.

### મસ્કનો તરખાટ: કર્મીઓને ઓફિસ ખાલી કરી હવે WFH કરવા આદેશ

ટ્વિટરે તેના સ્ટાફને કહ્યું છે કે, ઓફિસમાંથી



જલદી સામાન લેવા અને આજ સાંજ સુધીમાં ડ્યુટી પૂરી કરવા અને આવતીકાલથી ઘરેથી કામ કરવાની તૈયારી કરે. આ મેઈલ આજે જ આવ્યો છે અને આ પ્રકારનો મેઈલ સિંગાપોરમાં ટ્વિટરની ઓફિસને મોકલવામાં આવ્યો છે. આ વિશે વધુ માહિતી હજુ સુધી મળી નથી, પરંતુ એવું કહેવામાં આવી રહ્યું છે કે એલોન મસ્ક કંપનીના ખર્ચને જોઈ રહ્યા છે અને તે મુજબ નિર્ણય લઈ રહ્યા છે. મસ્ક હવે ટ્વિટરના માલિક છે અને તે કંપનીના કામકાજ સંબંધિત નિર્ણયો લઈ રહ્યા છે. એલોન મસ્ક હાલમાં સમગ્ર વિશ્વમાં વિવિધ દેશોમાં સ્થિત ટ્વિટરની ઓફિસનું નિરિક્ષણ લઇ રહ્યાં છે.

## વૈશ્વિક અર્થતંત્ર એક જ દાયકામાં બે વખત મંદીમાં જશે

# સંભવિત મંદીની ભારત પર મર્યાદિત અસર પડશે: વર્લ્ડ બેંક

ગુજરાત | વંદન





વર્લ્ડ બેંકે જણાવ્યું હતું કે FY24માં ભારતની અર્થવ્યવસ્થા ૬.૬ ટકાના દરે વૃદ્ધિ પામશે, જે FY૨૩માં અંદાજિત ૬.૯ ટકા વૃદ્ધિ કરતાં ઓછી છે. વર્લ્ડ બેંકે કહ્યું છે કે સંભવિત વૈશ્વિક મંદીની એશિયાની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા પર મર્યાદિત અસર પડશે. બેંકે તેના 'ગ્લોબલ ઈકોનોમિક પ્રોસ્પેક્ટ્સ'માં કહ્યું છે કે ૨૦૨૩માં વૈશ્વિક વૃદ્ધિ ૩ દાયકામાં ત્રીજા સૌથી નીચલા સ્તરે આવી શકે છે. વર્લ્ડ બેંકે ચેતવણી આપી છે કે વૈશ્વિક અર્થતંત્ર મંદીની 'ખતરનાક રીતે નજીક' છે. તેમાં ચેતવણી આપવામાં આવી હતી કે, 'ચુસ્ત નાણાકીય નીતિ હોવા છતાં, આગામી સમયમાં ઊંચો ફુગાવો, નાણાકીય તણાવ, મુખ્ય અર્થવ્યવસ્થાના નબળા પડવા અથવા વધતા ભૌગોલિક રાજકીય તણાવ જેવા નકારાત્મક આંચકા આવી શકે છે.' જેના કારણે વૈશ્વિક અર્થવ્યવસ્થા મંદી તરફ જઈ શકે છે. લગભગ ૮૦ વર્ષમાં આ પ્રથમ વખત હશે, જ્યારે વૈશ્વિક અર્થતંત્ર એક જ દાયકામાં બે વખત મંદીમાં જશે.

૨૦૨૩માં વૈશ્વિક અર્થતંત્રનો વિકાસ દર ૧.૭ ટકા રહેવાનો અંદાજ છે. તે જ સમયે, આ વર્ષ દરમિયાન યુરો વિસ્તાર અને અમેરિકાનો વિકાસ દર શૂન્ય અને ૦.૫ ટકા રહેવાનો અંદાજ છે. ૨૦૨૩માં ચીનનો વિકાસ દર ૪.૩ ટકા રહેવાની ધારણા છે, જ્યાં રોગચાળાના નિયંત્રણોના અંતને કારણે ઉપભોક્તા ખર્ચમાં વધારો થશે. ચીનની અર્થવ્યવસ્થા ૨૦૨૨માં ૨.૭ ટકાના દરે વૃદ્ધિ પામવાનો અંદાજ છે, જે મહામારી વર્ષ ૨૦૨૦ને બાદ કરતાં ૧૯૭૦ના મધ્ય પછીનો સૌથી ધીમો વિકાસ દર છે.

ભારત અંગે વર્લ્ડ બેંકે કહ્યું છે કે વૈશ્વિક અર્થવ્યવસ્થામાં મંદી અને વધતી અનિશ્ચિતતાની અસર નિકાસ અને રોકાણના વિકાસ પર પડશે. તેમાં કહેવામાં આવ્યું છે કે, 'સરકારે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ખર્ચ વધારવાની સાથે બિઝનેસને સરળ બનાવવા માટે પગલાં લીધાં છે. જો કે, ખાનગી રોકાણની ભૂમિકા અને ઉત્પાદન ક્ષમતામાં વધારો મહત્વપૂર્ણ છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં વિકાસ દર ૬.૬ ટકાના દરે સુસ્ત રહેવાનો અંદાજ છે. ૭ મોટા ઈમર્જિંગ માર્કેટ અને ડેવલપિંગ ઈકોનોમીમાં ભારત સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર બની શકે છે.

જોકે, મોટા ભાગના અર્થશાસ્ત્રીઓ માને છે કે વધતા વૈશ્વિક વિક્ષેપોને કારણે FY૨૪માં ભારતનો વિકાસ દર ૬ ટકા અથવા ૬ ટકાથી નીચે રહેશે.

# પ્રમોટર સિવાયના શેરધારકો હવે ઓફર ફોર સેલથી શેર હોલ્ડિંગ વેચી શકશે: સેબી

ગુજરાત | વંદન



કંપનીઓ દ્વારા શેરો-સિક્યુરિટીઝના ઓફર ફોર સેલ(ઓએફએસ) થકી વેચાણ કરવા માટેના વર્તમાન માળખા-ફ્રેમવર્કમાં મૂડી બજાર નિયામક તંત્ર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા(સેબી)એ ફેરફાર કરીને હવે ઓએફએસ થકી પ્રમોટર્સ સિવાયના શેરધારકોને પણ હોલ્ડિંગ વેચવાની મંજૂરી આપી છે.

હમણાં સુધી માત્ર પ્રમોટર અને પ્રમોટર ગ્રુપ એકમો-વ્યક્તિઓને જ શેર બજારો પર ઓફર ફોર સેલ થકી હોલ્ડિંગ વેચવાની પરવાનગી હતી. જો પ્રમોટર સિવાયના શેરધારક ઓએફએસ થકી શેરો ઓફર કરે તો પ્રમોટર અથવા પ્રમોટર ગ્રુપ એકમો આ શેરોની ખરીદીમાં અમુક જરૂરી જોગવાઈઓનું પાલન કરીને આ ઓફરમાં જોડાઈ શકશે એવું સેબીએ જણાવ્યું છે.

ઓએફએસ હવે રૂ.૧૦૦૦ કરોડ અને એથી વધુ માર્કેટ કેપિટલાઈઝેશન ધરાવતી કંપનીઓને ઉપલબ્ધ છે. માર્કેટ કેપિટલાઈઝેશનની ગણતરી ઓએફએસ ખુલવા પૂર્વેના છ મહિનાના સમયગાળામાં સરેરાશ દૈનિક માર્કેટ કેપિટલાઈઝેશન મુજબ થશે. સુધારિત માળખા મુજબ ઓફર ફોર સેલ(ઓએફએસ)નું ન્યુનતમ કદ રૂ.૨૫ કરોડ રહેવું જોઈશે. જો કે પ્રમોટર અને પ્રમોટર ગ્રુપ એકમો માટે આ ઓફર ન્યુનતમ પબ્લિક શેહોલ્ડિંગ ધોરણના પાલન માટે રૂ.૨૫ કરોડથી ઓછી રહી શકે છે. ઓએફએશમાં શેરો વેચનારે આ હેતુ માટે બ્રોકરની નિમણૂંક કરવી ફરજિયાત રહેશે. ઓએફએસમાં શેરો ખરીદવા માગતાં રોકાણકારો પણ બ્રોકરની નિમણૂંક કરી શકશે. આ કિસ્સામાં બ્રોકર થી વેચાણકર્તા માન્ય ખરીદદારો વત્તી સોદા-વ્યવહાર કરી શકશે.

અગાઉના ધોરણો મુજબ ઓએફએસમાં વેચાણ કરનાર રીટેલ રોકાણકારોને ડિસ્કાઉન્ટ ઓફર કરી શકશો. ડિસ્કાઉન્ટની વિગત અને રીટેલ રોકાણકારો માટે અનામતની ટકાવારી શેર બજારોને ઓએફએસની નોટીસમાં જાહેર કરવાની રહેશે. ઓએફએસમાં રીટેલ રોકાણકારો માટે સહભાગી થવાનું સરળ બનાવવા સેબીએ વેચાણ કરનાર માટે પ્રાઈસ બીડ્સ મૂકવા ઉપરાંત રોકાણકારોને કટ ઓફ ભાવે બીડ્સ મૂકવાનો વિકલ્પ પૂરો પાડવાનો રહેશે. આ સાથે લિસ્ટેડ રિયલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ(રેઈટ્સ) અને ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ્સ(ઈનવિટ)ના યુનિયધારકોને પણ એક્સચેન્જો થકી ઓફર ફોર સેલ કરવાની મંજૂરી આપવામાં આવી છે. રેઈટ્સ અને ઈન્વિટ્સ માટે ઓએફએસનું માળખું પણ લિસ્ટેડ કંપનીઓ માટેના ઓએફએસ માળખાને સમકક્ષ રહેશે. આ સુધારિત માળખું ૯,ફેબ્રુઆરી ૨૦૨૩થી અમલી બનશે એમ સેબીએ જણાવ્યું છે.

# શેરબજારમાં નવા ઈન્વેસ્ટરોનો પ્રવાહ જારી: વધુ 2.8 કરોડ ડીમેટ ખાતા ખુલ્યા



ગુજરાત | વંદન

શેરબજાર કેટલાંક દિવસોથી ઉથલપાથલના તબકકામાં હોવા છતા 2022 નું વર્ષ તેજીમય બની રહ્યું હતું ત્યારે આ વર્ષમાં ઈન્વેસ્ટરોનો મોટો પ્રવાહ શેરમાર્કેટ તરફ આવ્યો હોય તેમ એક જ વર્ષમાં 2.8 કરોડ નવા ડીમેટ ખાતા ખૂલ્યા હતા અને કુલ સંખ્યા 10 કરોડને વટાવી ગઈ છે.

ભારતમાં કોવીડ કાળ બાદ શેરબજારમાં નવા ઈન્વેસ્ટરોનો રીતસર નવો વર્ગ જ દાખલ થઈ ગયો હતો અને અઢળક નાણા ઠલવવા લાગ્યો હતો. ભારતમાં હાલ ડીમેટ ખાતાઓની સંખ્યા 10.83 કરોડે પહોંચી ગઈ છે. 34.3 ટકાના વૃધ્ધિદરે નવા ડીમેટ ખાતા ખુલી રહ્યા છે. 2021 માં તો 61.8 ટકાના રેકોર્ડબ્રેક વૃધ્ધિદરે નવા ડીમેટ ખાતા ખુલ્યા હતા. શેરબજારમાં ખરીદી વેંચાણનાં વ્યવહારો તથા આઈપીઓ ભરવા માટે ડીમેટ ખાતા અનિવાર્ય હોવાનું અત્રે ઉલ્લેખનીય છે. 2021 માં સૌથી વધુ ત્રણ કરોડ ડીમેટ ખાતા ખુલ્યા હતા. નિષ્ણાંતોનાં કહેવા પ્રમાણે ચાલુ વર્ષે જ નવા ડીમેટ ખાતા ખુલવાનું પ્રમાણ ઉંચુ જ રહેવાની શકયતા છે. કારણ કે નવા આઈપીઓનો રાફડો સર્જાશે.જોકે વૈશ્વિક મંદીની ચેતવણીના સંજોગોમાં શેરબજારમાં ઉથલપાથલ કે મંદી સર્જાય તો તેમાં બ્રેક આવી શકે છે. આઈપીઓની સંખ્યા પણ ઘટી શકે છે અને તે સંજોગોમાં રોકાણકારોનો રસ ધીમો પડી શકે છે.

કોરોના કાળ બાદ ડીમેટ ખાતાઓની સંખ્યા ડબલ થઈ છે.આવકનો નવો સ્ત્રોત ઉભો કરવા માટે રોકાણકારોએ અઢળક રોકાણ કર્યુ હતું.કોરોના પૂર્વે ભારતમાં ડીમેટ ખાતાની સંખ્યા 4.9 કરોડ હતી. 2020 થી વિશ્વની સરખામણીએ ભારતીય શેરમાર્કેટનું પરર્ફોમન્સ અભુતપૂર્વ રહ્યું હોવાથી ઈન્વેસ્ટરોની સંખ્યા વધી છે. 2021 ના ઓકટોબરમાં ડીમેટ ખાતાની સંખ્યા 4.7 કરોડ હતી જે ડીસેમ્બર 2022 માં વધીને 10.83 કરોડ થઈ છે.સ્માર્ટફોન ડીજીટલ ટેકનોલોજીથી શેરબજારમાં વ્યવહાર આસાન થઈ ગયા હોવાથી ઈન્વેસ્ટરોને ફાયદો થયો છે.

# સ્ટાર રેટીંગ પંખા વીજ બિલ ઘટાડશે

**■ પાવર સેવર પંખા મોંઘા થશે: ભાવમાં 8 થી 20 ટકાનો વધારો થશે**

ગુજરાત | વંદન

હાલ શિયાળો ચાલે છે પરંતુ આવનારા દિવસોમાં ઉનાળામાં પંખાની માંગ વધી જશે ત્યારે 1 જાન્યુઆરીથી વીજળી બચાવતા પંખામાં સ્ટાર રેટીંગ ફરજીયાત થઈ જવાથી આવા સીલીંગ પંખાની કિંમતમાં 8 થી 20 ટકાનો વધારો થઈ જશે. બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સ-બીઈઈના સુધારેલા ધોરણોને અનુરૂપ હવે વીજળીની બચત કરવાની ક્ષમતાના આધાર પર પંખાને સ્ટાર રેટીંગ આપવામાં આવશે. એક સ્ટારવાળો પંખો ન્યુનતમ 30 ટકા વીજળી બચાવી શકે છે. જયારે પાંચ સ્ટારવાળો પંખો 50 ટકાથી વધુ વીજળી બચાવી શકે છે. આ ફેરફારનું હેવલ્સ, ઓરીએન્ટ ઈલેકટ્રીક અને ઉષા ઈન્ટરનેશનલ જેવા મુખ્ય ફેન મેન્યુફેકચર્સે સ્વાગત કર્યું છે ત્યારે આ ફેરફારથી પંખાના ભાવમાં પાંચ થી વીસ ટકા વધારો થવાની આશંકા પણ છે. ખરેખર તો પાંચ સ્ટારવાળા પંખામાં ઈમ્પોર્ટેડ મોટર તેમજઈલેકટ્રોનિક સ્પેરપાર્ટસ લગાવવાથી તેનો ખર્ચ વધી જશે. નવી વ્યવસ્થા અંતર્ગત હવે પંખા બનાવનારી કંપનીઓએ પોતાના પંખાપર વીજળીની બચત કરનારી સ્ટાર રેટીંગનું લેબલ લગાવવુ પડશે.

ઓરીએન્ટ ઈલેકટ્રીકના એમડી અને સીઈઓ રાકેશ ખન્નાએ આ પરિવર્તનને લઈને જણાવ્યુ હતુ કે સ્ટાર રેટીંગ વ્યવસ્થા આવવાથી હવે ગ્રાહકોને વધુ વીજળી બચાવતા સુપીરિયર પંખા મળી શકશે.

ઉષા ઈન્ટરનેશનલના સીઈઓ દિનેશ છાબડાએ જણાવ્યુ હતુ કે સ્ટાર રેટીંગવાળા પંખાના ઉપયોગથી ગ્રાહકોને વીજળીનુ બિલ ઘટાડવામાં મદદ કરશે. હેવલ્સ ઈન્ડિયાના અધ્યક્ષ સૌરભ ગોયલે જણાવ્યુ હતુ કે નવા ધોરણો લાગુ થવાથી પંખાના ઉત્પાદનમાં આંશિક વધારાનોખર્ચ ગ્રાહક પર નખાશે. દેશમાં હાલ પંખાનુ બજાર 10 હજાર કરોડ રૂપિયાનુ છે.

# BHIM UPI અને Rupay Card દ્વારા ટ્રાન્ઝેક્શન કરવા પર મળશે ઈન્સેન્ટિવ

**■ મોદી કેબિનેટનો નિર્ણય: રૂ.2600 કરોડની પ્રોત્સાહક રકમને મંજૂરી**

ગુજરાત | વંદન





કેન્દ્ર સરકારે BHIM UPI અને Rupay કાર્ડના ઉપયોગ પર ની ભેટ આપતા ઈન્સેન્ટિવ આપવાનો નિર્ણય કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠક બાદ આજે આર્થિક બાબતો સાથે જોડાયેલા કેટલાક નિર્ણયોની જાહેરાત કરવામાં આવી છે. આ સાથે, સામાન્ય લોકોને નાણાકીય વ્યવહારો અને ડિજિટલ વ્યવહારોમાં સરળતા મળશે અને તેમને પ્રોત્સાહન મળશે. મોદી કેબિનેટે નાની રકમના ડિજિટલ વ્યવહારો માટે રૂ. 2600 કરોડની પ્રોત્સાહક રકમને મંજૂરી આપી છે. BHIM UPI થી ટ્રાન્ઝેક્શન પર પ્રોત્સાહન મળશે. આ સાથે કેબિનેટે ત્રણ બહુ-સ્તરીય સહકારી મંડળીઓની રચના કરવાનો પણ નિર્ણય લીધો છે.

આ સાથે મોદી કેબિનેટે પીએમ ફ્રી ફૂડ સ્કીમનું નામ બદલવાનો નિર્ણય લીધો છે. હવેથી કાર્યક્રમનું નામ પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજના રહેશે. અગાઉની કેબિનેટમાં ફ્રી ફૂડ સ્કીમને એક વર્ષ માટે લંબાવવામાં આવી હતી. બેઠક બાદ કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવે જણાવ્યું કે મોદી કેબિનેટે મલ્ટી-સ્ટેટ કોઓપરેટિવ સોસાયટી એક્ટ 2002 હેઠળ રાષ્ટ્રીય સ્તરની મલ્ટી-સ્ટેટ કોઓપરેટિવ એક્સપોર્ટ સોસાયટીની સ્થાપનાને મંજૂરી આપી છે. આ સહકારી સંસ્થાઓના સમાવેશી વિકાસ મોડલ દ્વારા સહકારી સમૃદ્ધિના લક્ષ્યને હાંસલ કરવામાં મદદ કરશે. ગત 23 ડિસેમ્બરે મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠક બાદ ખાદ્ય મંત્રી પીયૂષ ગોયલે કહ્યું હતું કે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ ગરીબોને મફતમાં અનાજ આપવામાં આવશે.

# MG મોટર્સે ઓટો એક્સપોમાં હાઇડ્રોજન ફ્યુઅલ કાર EUNIQ 7 રજૂ કરી

**■ EUNIQ 7 6.4 કિગ્રા હાઈડ્રોજન પર 605 કિમી ચાલશે**

ગુજરાત | વંદન

ઓટો એક્સ્પો 2023ના બીજા દિવસે બ્રિટિશ કંપની MG મોટર્સનો ચાર્મ પણ જોવા મળ્યો. MGએ આ દિવસે તેની MG Euniq 7 SUV કાર રજૂ કરી છે. આ એક MPV હાઈડ્રોજન આધારિત કાર છે. બીજી તરફ તેની રેન્જની વાત કરીએ તો એકવાર ચાર્જ કર્યા બાદ તે 600 કિલોમીટર સુધી ચાલી શકે છે.

MG Euniq 7, 7-સીટર હાઈડ્રોજન ફ્યુઅલ સેલ ઈલેક્ટ્રિક વ્હીકલ (FCEV) લક્ઝરી MPV એ ભારતમાં પદાર્પણ કર્યું. આ મોડેલ મેક્સસ યુનિક 7 નામથી વૈશ્વિક બજારોમાં વેચવાનું ચાલુ રાખે છે.

MG ની મૂળ કંપની SAICના વૈશ્વિક પોર્ટફોલિયોમાં ઉત્પાદનમાં તે એકમાત્ર પેસેન્જર FCEV છે. ડાયમેન્શનની વાત કરીએ તો, Euniq 7 લંબાઈમાં 5225 mm, પહોળાઈ 1980 mm અને ઊંચાઈ 1938 mm છે અને તેનું વ્હીલબેઝ 3198 mm છે. MPVમાં બ્રાન્ડની અદ્યતન FCEV ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. MG મોટર્સે આ MPV ને 6.4 કિગ્રા ક્ષમતાની હાઈડ્રોજન ટાંકી સાથે રજૂ કર્યું છે, જેની સાથે કંપની દાવો કરે છે કે Euniq 7 (MG Euniq 7) એકવાર ટાંકી ભરાઈ જાય પછી 605 કિમીની રેન્જ આપે છે.

## 300 KM રેન્જવાળી ઈલેક્ટ્રિક સુપરબાઈકનો જલવો





આ વખતે ઓટો એક્સ્પો 2023માં સંપૂર્ણ ફોક્સ ઈલેક્ટ્રિક વાહનો પર જોવા મળી રહ્યું છે. અલ્ટ્રાવાયોલેટે તેની બે મોટરસાઈકલ, F77 ઓરિજિનલ અને ધ રેકોનનું પ્રદર્શન કર્યું છે. આ બંને મોટરસાઈકલ ખાસ ફીચર્સ સાથે આવે છે. તેમની સૌથી મોટી વિશેષતા એક જ ચાર્જમાં તેમની શ્રેણી છે. મૂળ એક ચાર્જમાં લગભગ 206 કિ.મી. અને રિકોન 307 કિમી. ની શ્રેણી આપે છે. મોટરસાઈકલનો દેખાવ ઘણો પ્રભાવશાળી છે. તેને હેવી લુક આપવા ઉપરાંત તેને ખૂબ જ સ્લીક પણ બનાવવામાં આવ્યું છે જે તેની ખાસિયત છે. તેમાં સ્પોર્ટી સિટિંગ પોસ્ચર આપવામાં આવ્યું છે. મોટરસાઈકલને લાંબી સવારી માટે ડિઝાઈન કરવામાં આવી છે. મોટરસાઈકલમાં પાવર પર ઘણું ફોકસ છે અને ટોપ સ્પીડ પણ ઘણી વધારે છે. મૂળ મોડલની વાત કરીએ તો તે 140 કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પકડે છે. જ્યારે રેકોન મોડલની ટોપ સ્પીડ 147 કિમીની આસપાસ છે. પ્રતિ કલાક. મોટરસાઈકલમાં 7.1 અને 10.3 kWh બેટરી ફીટ કરવામાં આવી છે. કંપની આ બંને બેટરી પેક પર 8 વર્ષની વોરંટી આપી રહી છે. કંપનીના જણાવ્યા અનુસાર, મોટરસાઈકલ સામાન્ય ચાર્જરથી 9 કલાકમાં અને ફાસ્ટ ચાર્જરથી 3.5 કલાકમાં ફુલ ચાર્જ થઈ જાય છે. મોટરસાઈકલની કિંમતની વાત કરીએ તો, ઓરિજિનલ મોડલ રૂ. 3.80 લાખમાં અને રેકોન મોડલ રૂ. 4.55 લાખ એક્સ-શોરૂમમાં ઉપલબ્ધ છે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# ગુજરાતના આ 5 દરિયા કિનારાને જોઈને ભૂલી જશો ગોવાના બીચ

હરવા ફરવાના શોખીન લોકો માટે ગોવા પહેલી પસંદ હોય છે. જોકે, ગોવા દેશનું ફેમસ ટ્રાવેલ ડેસ્ટિનેશન હોવાને લીધે અહીં મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવે છે. એડવેન્ચર એક્ટિવિટીથી નાઈટ લાઈફ એન્જોય કરવા માટે મોટાભાગના લોકો ગોવા જવાનું પસંદ કરે છે. જો હવે તમે ગોવાથી કંટાળીને નવી જગ્યા શોધી રહ્યાં હોય તો ગુજરાતના આ દરિયા કિનારા બેસ્ટ ઓપ્શન છે...

## • માંડવી બીચ, કચ્છ



ગુજરાતના કચ્છમાં આવેલો માંડવી બીચ (Mandvi Beach) સનસેટના સુંદર નજારા માટે જાણિતો છે. તો માંડવી બીચ પર ઓછી ભીડ હોવાને લીધે દરિયાનું પાણી પણ એકદમ ચોખ્ખુ હોય છે. એવામાં માંડવી બીચ પર તમે સનસેટ ઉપરાંત શાનદાર નજારા પણ કેમેરામાં કેદ કરી શકાય છે. તો ઘોડા અને ઉંટની સવારી કરીને બીચને પણ સારી રીતે એક્સપ્લોર કરી શકો છો.

## • ચોપાટી બીચ, પોરબંદર



ગુજરાતમાં પોરબંદરમાં ચોપાટી બીચ (Chowpatty Beach) દેશના સૌથી સ્વચ્છ દરિયા કિનારામાંથી એક છે. અમદાવાદથી લગભગ 394 કિલોમીટર દૂર પોરબંદર ફેમિલી વેકેશન માટે બેસ્ટ છે. અહીં દરિયાની નજીક કીર્તિ મંદિર પણ જોવાની લોકોને મજા આવશે.

## • માધવપુર બીચ



ગુજરતનો માધવપુર બીચ (Madhavpur Beach) ઘણાં ફંક્શન્સના સેલિબ્રેશન માટે જાણિતો છે. માધવપુર બીચની સફર કર્યા પછી તમે દરિયામાં મસ્તી કરવાની સાથે-સાથે ઉંટની સવારી, લોકલ વસ્તુનું શોપિંગ અને ગુજરાતી ફૂડની લિજ્જત માણી શકો છો.

## • સોમનાથ બીચ



ગુજરાતનું સોમનાથ ભગવાન શિવના બાર જ્યોર્તિલિંગોમાંથી પહેલું જ્યોર્તિલિંગ છે. સોમનાથ મંદિર પાસે સ્થિત સોમનાથ બીચ (Somanth Beach) પણ પર્યટકો માટે આકર્ષણનું મુખ્ય કેન્દ્ર છે. સોમનાથ બીચનો સુંદર નજારો તમારી ટ્રીપને યાદગાર બનાવી શકે છે.

## • દ્વારકા બીચ



અમદાવાદથી લગભગ 439 કિલોમીટર દૂર દ્વારકા ભગવાન શ્રીકૃષ્ણની નગરી છે. અહીં કરોડો શ્રદ્ધાળુ દૂર-દૂરથી દ્વારકાધીશ મંદિરે દર્શન કરવા આવે છે. તો નવા વર્ષેના સેલિબ્રેશન માટે તમે દ્વારકા બીચે (Dwarka Beach) જઈ શકો છો. દ્વારકા બીચની સફર ન્યૂ યરે તમારા માટે રિલેક્સિંગ થેરાપીનું કામ કરી શકે છે.

# પેશાબમાં પ્રોટીન આવે તો જણાય છે આ 7 લક્ષણો, થઇ શકે છે કિડની ફેલિયર



આપણા શરીરને સ્વસ્થ રાખવા માટે પ્રોટીન (Protein) ખૂબજ મહત્વનું છે. શરીરમાં માંસપેશીઓ અને હાડકાંના નિર્માણ તેમજ વિકાસ માટે પ્રોટીન ખૂબજ મહત્વનું છે. તો શરીરને વિવિધ સંક્રમણોથી બચાવવા માટે પણ પ્રોટીન જરૂરી છે. પરંતુ કેટલાંક કારણોથી પ્રોટીન પેશાબ મારફતે બહાર નીકળવા લાગે છે. યૂરિન (Urine)માં પ્રોટીન નીકળવું એ કિડની સંબંધિત બીમારીનો સંકેત હોઈ શકે છે. જેની સીધી અસર સ્વાસ્થ્ય પર પડે છે. વાસ્તવમાં કિડની આપણા લોહીમાંથી વિષાક્ત પદાર્થો અને વધારાના પાણીને ગાળીને બહાર કાઢે છે. વાસ્તવમાં પ્રોટીન કિડનીનાં ફિલ્ટર મારફતે બહાર કાઢવા માટે બહુ મોટાં હોય છે. પરંતુ ક્ષતિગ્રસ્ત ફિલ્ટર પ્રોટીન એલ્બ્યૂમિનને પેશાબની સાથે બહાર કાઢી નાખે છે. પેશાબમાં પ્રોટીનની અસામાન્ય માત્રાને પ્રોટીનુરિયા કે એલ્બ્યૂમિન્યૂરિયા તરીકે ઓળખાય છે. જે કિડનીની ખરાબીના સંકેત આપે છે. જો પેશાબમાં પ્રોટીનની માત્રા વધી ગઈ હોય તો ડૉક્ટર પાસે તપાસ કરાવવી જોઈએ. પેશાબમાં ઘણાં કારણોથી પ્રોટીન આવી શકે છે. પરંતુ આ સિવાય પણ બીજાં કેટલાંક કારણો કે બીમારીઓમાં પણ પેશાબમાં પ્રોટીન આવી શકે છે. પેશાબ સાથે પ્રોટીન આવતાં શરીરમાં કેટલાંક લક્ષણો જણાય છે. આ લક્ષણોને ઓળખીને તેનો યોગ્ય સમયે ઈલાજ કરાવવો ખૂબજ જરૂરી છે. તો ચાલો જાણીએ પેશાબ સાથે પ્રોટીન નીકળવાનાં લક્ષણો શું છે?

### પેશાબમાં વધારે પડતું ફીણ આવવું

જ્યારે પણ પેશાબ સાથે પ્રોટીન પણ શરીરમાંથી બહાર નીકળવા માગે છે ત્યારે કિડનીને તેને ફિલ્ટર કરવામાં બહુ સમસ્યા પડે છે. જેના કારણે પેશાબમાં ફીણ વળવા લાગે છે. જો તમારો પેશાબ વધારે ફીણવાળો હોય તો, એ સંકેત છે કે, યૂરિનમાં પ્રોટીન હોઈ શકે છે. આ સ્થિતિમાં તમારે ડૉક્ટર પાસે તપાસ કરાવવી જોઈએ.

### વારંવાર પેશાબ આવવાની સમસ્યા

જો તમને વારંવાર પેશાબ આવતો હોય તો, આ કિડની ખરાબીનો સંકેત હોઈ શકે છે. કિડનીમાં પ્રોટીનની માત્રા વધી જાય તો તે પેશાબ મારફતે બહાર આવી શકે છે. આ સ્થિતિમાં વ્યક્તિ પેશાબને વધારે સમય સુધી નિયંત્રિત કરી શકતો નથી.

### નબળાઈ કે થાક

જો તમને વારંવાર નબળાઈ કે થાક અનુભવાતો હોય તો આ પણ પેશાબમાં પ્રોટીન નીકળવાનાં સંકેત હોઈ શકે છે. પ્રોટીન્યૂરિયાની સમસ્યા થાય તો, લોહીમાં પ્રોટીનની ઉણપ સર્જાય છે. જેના કારણે વ્યક્તિને હંમેશાં થાક અને નબળાઈ અનુભવાય છે. આ સ્થિતિમાં વ્યક્તિને પૂરતી ઊંઘ મળે તો પણ તેને થાક અનુભવાય છે.

### સાંધામાં દુખાવો

સાંધાના નિર્માણ માટે પ્રોટીન ખૂબજ મહત્વનું છે. પેશાબની સાથે પ્રોટીન નીકળતાં શરીરને પૂરતા પ્રમાણમાં પ્રોટીન મળી શકતું નથી, જેના કારણે સાંધામાં દુખાવો અને ખેંચાણની સમસ્યા થઈ શકે છે.

### હાથ-પગ પર સોજો આવવો

કિડની શરીરમાંથી વિષાક્ત પદાર્થો અને વધારાના સોડિયમને ફિલ્ટર કરવામાં મદદ કરે છે. કિડની યોગ્ય રીતે કામ ન કરી શકે ત્યારે તેનાથી શરીરમાં ટૉક્સિંગ જમા થવા લાગે છે. જેના કારણે હાથ-પગમાં સોજો આવી શકે છે.

### ભૂખ ઓછી થવા લાગવી

કિડનીમાં ગડબડ સર્જાતાં શરીરમાં વિષાક્ત પદાર્થો જમા થવા લાગે છે. શારીરમાં ટૉક્સિંસ જમા થતાં ભૂખ ઓછી થવા લાગે છે અને વજન ઓછું થવા લાગે છે. આ સ્થિતિમાં વ્યક્તિને હંમેશાં પેટ ભરેલું હોય એવું અનુભવાય છે અને કઈં ખાવાની ઈચ્છા જ નથી થતી.

### ચહેરા પર સોજો આવવો

ચહેરા કે આંખોની આસપાસ સોજો આવવો પણ પેશાબની સાથે-સાથે પ્રોટીન નીકળવાનાં સંકેત હોઈ શકે છે. કિડની સરખી રીતે કામ ન કરે ત્યારે મોટી માત્રામાં પ્રોટીન બહાર નીકળે છે. જેનાથી આંખોની આસપાસ તરલ પદાર્થ જમા થવા લાગે છે અને સોજો પણ દેખાવા લાગે છે. જો તમને અહીં જણાવેલ કોઈ લક્ષણોમાંથી બે કે ત્રણ લક્ષણો જણાય તો, તાત્કાલિક ડૉક્ટરનો સંપર્ક કરવો જોઈએ. પેશાબમાં પ્રોટીન આવવું એ કિડનીની ખરાબીનો સંકેત હોઈ શકે છે. યોગ્ય સમયે ઈલાજ લેવામાં ન આવે તો, કિડની ડેમેજના ખતરાની શક્યતા પણ રહે છે.

# યે ઈડલી ઈડલી ક્યા હૈ...ક્યાંક સફેદ તો ક્યાંક રંગબેરંગી પૌષ્ટિક ઈડલી...

## સ્વાદિષ્ટ ઈડલી જેવો ટેસ્ટી દાવોઃ ઈડલીનું મૂળ સાઉથ નહીં સૌરાષ્ટ્ર છે...!

**રેસીપી** આપણે જાણીએ છીએ તે લોકપ્રિય ઈડલી રેસીપી ચોખા અને અડદની દાળને પલાળીને અને પીસીને બનાવવામાં આવે છે. ગ્રાઈન્ડીંગ કર્યા પછી તૈયાર કરેલ મિશ્રણ આથો માટે આખી રાત છોડી દેવામાં આવે છે. પેસ્ટમાં આથો ખીલવા લાગે છે. ઈડલી પેસ્ટને ચાબુક મારવાથી બનાવવામાં આવે છે. ઈડલીની પેસ્ટને મોલ્ડમાં નાખીને બાફવામાં આવે છે. 15-20 મિનિટમાં રાંધે છે. પછી તેને નાળિયેરની ચટણી અને સાંભાર સાથે ગરમાગરમ સર્વ કરવામાં આવે છે. ઘણી રેસ્ટોરાં ઈડલી સાથે વિવિધ ચટણી પીરસે છે.



તમે ઈડલીના કેટલા સ્વાદોથી વાકેફ છો? તમે આશ્ચર્યચકિત થઈ જશો જો એવું કહેવામાં આવે કે ઈડલી બનાવવા માટે ઉપયોગમાં લેવાતા સ્વરૂપ, રંગ, મસાલા, સ્વાદ અને સામગ્રીનો ઉપયોગ ઘણી બધી રીતે કરવામાં આવે છે, તો દેશ-વિદેશમાં 50-100 પ્રકારની ઈડલી ખાવા માટે ઉપલબ્ધ હશે. ઈડલી બનાવ્યા બાદ હવે તેની અલગ-અલગ ફ્લેવર બનવા લાગી છે. ડીપ ફ્રાઈડ ઈડલીથી લઈને ઈડલી ચાટ અને ગ્રેવી ઈડલી... ખબર નથી કે કઈ સ્વાદિષ્ટ ફ્યુઝન ઈડલી સાથે છે.

તમે કાં તો ઈડલીના ઘણા ટુકડા કરી શકો છો અને તેને ડીપ ફ્રાય કરી શકો છો અને તેને મસાલેદાર ગ્રેવીમાં ચાખી શકો છો અથવા કેપ્સિકમ, ગાજર અને સોયા સોસ સાથે નૂડલ્સની શૈલીમાં ઈડલી તૈયાર કરી શકો છો. મજા આવશે સફેદ, ગોળાકાર, સ્પૉન્ગી, કાર્બોહાઈડ્રેટ અને પ્રોટીનથી ભરપૂર ઈડલી આખા દેશમાં અને રસોડામાં એટલી બધી ધૂમ મચાવી રહી છે કે તેનો વિચાર કરતાં જ જીભ સ્વાદિષ્ટ-સ્વાદિષ્ટ બની જશે.

આશ્ચર્યજનક રીતે, ઈડલી એ સામાન્ય દક્ષિણ ભારતીય ઉત્પાદન નથી. તેની ઐતિહાસિકતા વિશે ભારે ચર્ચા છે. ખાદ્ય ઈતિહાસકારોના મતે, ઈડલી એ દક્ષિણ ભારત તરફ આવતા આરબ વેપારીઓની ભેટ છે અથવા તે ઈન્ડોનેશિયાથી અહીં આવી છે.

કર્ણાટક અને તમિલનાડુના નાના ગામડાઓ અને શહેરોથી લઈને મોટા શહેરોના નાના આઉટલેટ્સથી લઈને મોટી હોટલ સુધી, નાસ્તો ઈડલી વિના પૂરો થતો નથી. ઈડલી દક્ષિણ ભારત માટે જીવન સમાન છે. જોકે ઉત્તર ભારતમાં ઈડલીની લોકપ્રિયતાની વાર્તા 4-5 દાયકાથી વધુ નથી. સામાન્ય રીતે 70-80ના દાયકામાં દક્ષિણ ભારતીય ખોરાક પણ ઉત્તરની જીભ પર ચઢવા લાગ્યો હતો. શરૂઆતમાં, તેઓ દિલ્હીમાં સરકારી કચેરીઓની કેન્ટીન અને કાફે હાઉસમાં ચોક્કસપણે ઉપલબ્ધ હતા. જો કે, 80 ના દાયકા પછી, દક્ષિણ કેટરિંગ પરંપરાના રેસ્ટોરન્ટ્સ પણ દિલ્હી અને ઉત્તર ભારતમાં ખુલવા લાગ્યા.

સત્ય એ પણ છે કે જો ઈડલી સંપૂર્ણપણે દક્ષિણ ભારતની નથી. જો કે, તે સારી રીતે માવજત થયું, દક્ષિણ ભારતની ધરતી પર જ વિકસ્યું. ઈડલી સાથે દાયકાઓથી કરવામાં આવેલા પ્રયોગો દર્શાવે છે કે આપણે ભારતીયો આ પ ણ ા પ્ર દે શ , સગવડ, પસંદગી અને મસાલા પ્રમાણે ખોરાક કે ભોજનમાં ઘણી નવીનતાઓ કરતા આવ્યા છીએ. કેટલાક ખાદ્ય ઈતિહાસકારોએ નોંધ્યું છે કે આરબ વેપારીઓને દક્ષિણ ભારતમાં સૌપ્રથમ ઈડલી લાવવાનો શ્રેય આપવામાં આવે છે. ઉપરાંત, આપણે જે ઈડલીથી પરિચિત છીએ તે 1250 એડીમાં કર્ણાટકમાં દેખાઈ હતી.

ખાદ્ય ઈતિહાસકાર કે.ટી. આચાયા માને છે કે ઈડલી મૂળરૂપે ઈન્ડોનેશિયાના બાલીમાં ઉદ્ભવી હતી, જ્યાં ખોરાકને આથો આપવાનો રિવાજ હતો. ત્યારે બાલીમાં હિન્દુ રાજાઓનું શાસન હતું. અવારનવાર દક્ષિણ ભારતના રસોઈયા ત્યાં જઈને કામ કરતા. બાફેલી ઈડલીની શોધ સૌ પ્રથમ ત્યાંના રાજાઓના રસોડામાં થઈ હતી. પછી રસોઈયા ત્યાંથી પાછા ફર્યા અને સને 800-1200ની વચ્ચે આ રેસીપી ભારતમાં લાવ્યા. કેટલાક ખાદ્ય ઈતિહાસકારો પણ આ સિદ્ધાંત પર સવાલ ઉઠાવે છે.

તેમનું કહેવું છે કે કૈરોની અલ અઝહર યુનિવર્સિટી લાઈબ્રેરીમાં રાખવામાં આવેલા દસ્તાવેજો દર્શાવે છે કે ઈડલીને માત્ર આરબ વેપારીઓ દ્વારા જ દક્ષિણ ભારતમાં લાવવામાં આવી હતી. ખાસ કરીને તે આરબ વેપારીઓ દ્વારા જેમણે અહીં લગ્ન કર્યા અને પછી સ્થાયી થયા. બધા જાણે છે કે આરબ વેપારીઓ દરિયાઈ માર્ગે દેશના દક્ષિણ ભાગમાં આવતા હતા.

કોલિંગહામ અને ગાર્ડન રામસે દ્વારા ફૂડ હિસ્ટ્રીનો જ્ઞાનકોશ જણાવે છે કે તેઓ તેને નારિયેળની ચટણી સાથે ખાતા હતા. હાવર્ડ યુનિવર્સિટી પ્રેસમાંથી પ્રકાશિત હેસર ચાર્લ્સ દ્વારા પુસ્તક સીડ ટુ સિવિલાઈઝેશન, ધ સ્ટોરી ઓફ ફૂડ, એ જ રીતે ભારતમાં ઈડલીની રજૂઆતનો ઉલ્લેખ કરે છે. જોકે આ ઈડલી સતત બદલાતી રહી.

920 એડીમાં લખાયેલ કન્નડ પુસ્તક વડેરાધનમાં ઈડલીનો ઉલ્લેખ ઈડલીગા તરીકે કરવામાં આવ્યો છે, જે કાળા ચણાને પીસીને બનાવવામાં આવી હતી. આ પછી, કન્નડ જ્ઞાનકોશ લોકપાકાર, જે 1025 એડી માં ચાવુંદર્ય II દ્વારા લખવામાં આવ્યો હતો, તેણે ઈડલી વિશે લખ્યું કે કેવી રીતે તેને કાળા ચણાને પીસીને અને છાશ સાથે પેસ્ટ બનાવીને બનાવવામાં આવે છે, મસાલા પણ ઉમેરવામાં આવે છે.

1130 એડીમાં લખાયેલ મનોસોલા, ઈડલીનો સંસ્કૃત નામ ઈદારિકા તરીકે ઉલ્લેખ કરે છે. તે સ્પષ્ટ છે કે ઈડલી જેવી પ્રથમ વાનગીઓ ભારતમાં બનાવવામાં આવી હતી. તેમાંના ઘણામાં ચોખાનો આધાર તરીકે ઉપયોગ થતો ન હતો.

જોકે ગુજરાતી ઈતિહાસકારો માને છે કે ઈડલી એ સૌરાષ્ટ્રની ભેટ છે. ત્યાંના કાપડના વેપારીઓ દ્વારા તે 10મીથી 12મી સદીમાં દક્ષિણ ભારતમાં ગઈ. તેઓ દાવો કરે છે કે પ્રાચીન ઈડલી ચોખા અને કાળા ચણાના લોટને મિક્સ કરીને બનાવવામાં આવતી હતી. વરાળમાં રાંધવા માટે વપરાય છે. ગુજરાતમાં 1520 એડીમાં લખવામાં આવેલા વર્ણક સમુસ્યમાં ઈડલીનો ઉલ્લેખ ઈદ્રી તરીકે કરવામાં આવ્યો છે. તેને ઢોકળાનું વર્ઝન ઈડાડા કહેવામાં આવે છે.

### પોષણની દ્રષ્ટિએ ઈડલીનું મહત્વ

પોષણની દ્રષ્ટિએ ઈડલી ખૂબ જ આદર્શ ખોરાક છે. કેલરીથી માંડીને યોગ્ય માત્રામાં કાર્બોહાઈડ્રેટ્સ મળશે. ઉર્જાનો અનુભવ થશે. ડાયેટરી ફાઈબર અને નજીવી ચરબી. પ્રોટીન, પોટેશિયમ અને સોડિયમ જેવા જરૂરી તત્વો પણ. ભારતની ડિફેન્સ ફૂડ રિસર્ચ લેબોરેટરીએ ચટણી સાથે સ્પેસ ઈડલી વિકસાવી છે. 30મી માર્ચે ઈડલીને ખાસ સલામી આપવામાં આવે છે, તેને આંતરરાષ્ટ્રીય ઈડલી દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

# એક સફરજનની કિંમત 500 રૂપિયા! લાખો રૂપિયાની આવક થાય છે ખેડૂતને



માર્કેટમાં સામાન્ય રીતે લાલ રંગના સફરજન જોવા મળે છે. જે સફરજનની ઉપજ આવતા લગભગ 4થી 5 વર્ષનો સમય લાગે છે. પરંતુ તમે બ્લેક સફરજન જોયું છે ખરા..? જેની ઉપજ આવતા લગભગ 8 વર્ષ જેટલો સમય લાગે છે. એવું માનવામાં આવે છે આ સફરજનનો સ્વાદ મીઠો હોય છે પરંતુ સ્વાસ્થ્ય માટે લાલ રંગના સફરજન જેટલા ફાયદાકારક નથી હોતા.

બ્લેક સફરજન તિબ્બતના ઊંચા પહાડો પર થાય છે. સૂર્ય પ્રકાશ અને અલ્ટ્રાવાયેલેટ રેઝ પડવાથી સફરજનનો રંગ વૃક્ષ પર જ કાળો થવા લાગે છે પરંતુ આ રંગના સફરજન લોકોને આકર્ષિત કરે છે. તિબ્બતની સ્થાનિય ભાષામાં આ બ્લેક સફરજનને 'નિયૂ' નામથી ઓળખવામાં આવે છે.

વૈજ્ઞાનિકોના મત મુજબ બ્લેક સફરજનની ઊપજ માટે ઓછામાં ઓછી 8 વર્ષ જેટલી રાહ જોવી પડે છે. સામાન્ય સફરજન કરતા બ્લેક સફરજનની ઉપજ ઓછી હોય છે. તિબ્બતમાં આની ખેતી વર્ષ 2015માં કરવામાં આવી હતી... 8 વર્ષ બાદ ઉગેલા સફરજનની લાઈફ અંદાજીત 2 મહિના સુધીની હોય છે.

સામાન્ય રીતે જોઈએ લાલ રંગના સફરજનના વૃક્ષ પર દર વર્ષે 80 ટકા ઉત્પાદન મળે છે જ્યારે બ્લેક સફરજનની માત્રા 30 ટકા જેટલી જ છે. આ બ્લેક સફરજનની નિકાસ અન્ય દેશોમાં પણ કરવામાં આવે છે.

# સિંગ-તલની ચીકી બનાવો ત્યારે આ ખાસ રીતે તલને શેકો, ખાવાની મજા આવશે...

ઉત્તરાયણને હવે થોડા દિવસો બાખી છે ત્યાં અનેક લોકો પૂરી તૈયારીઓમાં લાગી ગયા છે. આ દિવસોમાં અનેક લોકો જાતજાતની ચીકી ઘરે બનાવે છે. ઉત્તરાયણના દિવસે ધાબામાં જઈને ચીકી તેમજ બીજા નાસ્તા કરવાની મજા કંઈક અલગ જ આવે છે. એમાં પણ ખાસ કરીને બધા ભેગા થઈએ ત્યારે ધાબામાં ખાવાની મજા વધારે આવે છે. આમ, આજે અમે તમને સીંગ-તલની ચીકી બનાવતા શીખવાડીશું. તમે આ પ્રોપર રીતે સીંગ-તલની ચીકી બનાવશો તો ખાવાની મજા આવશે અને ટેસ્ટ મોંમા રહી જશે. તો તમે પણ મોડુ કર્યા વગર આ રીતે ઘરે સીંગ-તલની ચીકી બનાવો અને ખાવાની મજા માણો.

### સામગ્રી

- એક કપ તલ
- એક કપ સિંગ
- 3 ચમચી કોપરાનું છીણ



### બનાવવાની રીત

- સીંગ-તલની ચીકી બનાવવા માટે સૌ પ્રથમ સીંગને સાફ કરીને એમાંથી ફોતરા કાઢી લો.
- આ જ રીતે તલની પણ સાફ કરી લો જેથી કરીને નાની કાંકરી જેવું આવે નહીં.
- હવે એક કડાઈ લો અને એને ધીમા ગેસે ગરમ કરવા માટે મુકો.
- આ કડાઈમાં તલને આછા-આછા શેકીને એક પ્લેટમાં લઈ લો.
- પછી સિંગને મિક્સરમાં અધકચરી વાટી લો. ધ્યાન રહે કે સિંગનો એકદમ ભુક્કો કરવાનો નથી. સિંગનો ભુક્કો કરશો તો ખાવાની મજા નહીં આવે. તમે સિંગના હાથથી પણ કટકા કરી શકો છો.
- એક કડાઈ લો અને એમાં ઘી ગરમ કરવા માટે મુકો.
- ઘી ગરમ થઈ જાય એટલે એમાં ગોળ નાંખો અને પાયો કરી લો.
- આ પાયો એકદમ કડક કરવાનો નથી. એકદમ કડક કરશો તો ચીકી કડક અને ચ્યુઈંગમ જેવી થઈ જશે.
- ગોળ પીગળી જાય પછી તરત જ સિંગ અને તલ નાંખો અને બરાબર મિક્સ કરી લો. તમે સૂંઠ નાખવા ઈચ્છો છો તો હવે નાંખીને મિક્સ કરી લો.
- એક થાળી લો અને એમાં ઘીથી ગ્રીસ કરી લો.




# આઈપીએલમાંથી બહાર થવા છતાં ઋષભ પંતને મળશે સેલેરીના 16 કરોડ રૂપિયા, BCCIની સ્કીમનો મળશે લાભ

ગુજરાત | વંદન

ટીમ ઈન્ડિયાના વિકેટકિપર ઋષભ પંતની ઘૂંટણની સર્જરી થઈ ગઈ છે. ઈજાના કારણે તે ક્રિકેટના મેદાનથી લગભગ 6 મહિના દૂર રહેશે. જેનો અર્થ છે કે તે આઈપીએલ-2023માં (IPL 2023) રમી શકશે નહીં. તે આઈપીએલની આખી સિઝન નહીં રમે છતા તેને આર્થિક નુકસાન થશે નહીં. તેને પુરી સેલેરી મળશે. મેગા હરાજી પહેલા દિલ્હી કેપિટલ્સે પંતને 16 કરોડ રૂપિયામાં રિટેન કર્યો હતો અને તેને આ વર્ષે પણ આટલા જ રૂપિયા આપવામાં આવશે. તેને આ પેમેન્ટ ફ્રેન્ચાઈઝી નહીં પણ બીસીસીઆઈ કરશે. ચેન્નઈ સુપરકિંગ્સનો ફાસ્ટ બોલર દીપક ચાહર ગત વર્ષે ઈજાના કારણે આઈપીએલમાં રમી શક્યો ન હતો. આમ છતા તેને 14 કરોડ રૂપિયા પેમેન્ટ કરવામાં આવ્યું હતું.

## કેમ બીસીસીઆઈ કરશે પેમેન્ટ ?

ઋષભ પંત બીસીસીઆઈનો સેન્ટ્રલ કોન્ટ્રાક્ટવાળો ખેલાડી છે. તે ગ્રેડ એ માં છે અને તેને વાર્ષિક 5 કરોડ રૂપિયા મળે છે. આ રકમ તો બોર્ડ પાસેથી તેને મળશે જ સાથે આઈપીએલમાં નહીં રમે છતા બોર્ડ પાસેથી 16 કરોડ રૂપિયા મળશે. બોર્ડે સેન્ટ્રલ કોન્ટ્રાક્ટવાળા ખેલાડીઓનો વીમો કરાવેલો છે. જો આ ખેલાડીઓમાંથી કોઈ ઈજાગ્રસ્ત થઈને આઈપીએલમાંથી બહાર થઈ જાય તો તેને વીમા કંપની પાસેથી પૂરી રકમ મળી જાય છે. આ નિયમ આઈપીએલ 2011માં લાગુ થયો હતો.

## ખેલાડીનો કોન્ટ્રાક્ટ ના હોય તો શું થાય ?

દીપક ચાહરને આઈપીએલ 2022 પહેલા મેગા ઓક્શનમાં ચેન્નઈ સુપરકિંગ્સે 14 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. જોકે ઈજાગ્રસ્ત થતા આખી સિઝનમાંથી બહાર થઈ ગયો હતો. પણ તે બીસીસીઆઈના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ ખેલાડીઓના લિસ્ટમાં ગ્રેડ સી માં હતો. તેને બીસીસીઆઈની પ્લેયર્સ ઈન્સ્યોરન્સ પોલિસીનો ફાયદો મળ્યો હતો. આ નિયમ પ્રમાણે ખેલાડી ઈજાના કારણે અડધી સિઝન બહાર થાય તો અડધી રકમ બીસીસીઆઈ અને અડધી રકમ ફ્રેન્ચાઈઝી પાસેથી મળે છે. જોકે બીસીસીઆઈના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ ખેલાડીઓ સિવાય કોઈ પ્લેયર ઈજાગ્રસ્ત થઈ જાય તો તેને કશું મળતું નથી. તેના સ્થાને અન્ય કોઈ ખેલાડી આવી જાય છે.




# IND vs AUS: ભારત પ્રવાસ પર થશે ઓસ્ટ્રેલિયાની અગ્નિપરીક્ષા

■ ભારત પ્રવાસ માટે ઓસ્ટ્રેલિયા ટીમની જાહેરાત, ચાર ટેસ્ટ મેચની શ્રેણી રમશે કાંગારૂ ટીમ

ગુજરાત | વંદન

ભારત વિરુદ્ધ ટેસ્ટ સીરીઝ માટે ઓસ્ટ્રેલિયા ટીમની જાહેરાત કરી દેવામાં આવી છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયા દ્વારા જાહેર કરવામાં આવેલી 18 સભ્યોની ટીમમાં 22 વર્ષના યુવા સ્પીનર ટૉડ મર્ફીને સામેલ કરવામાં આવ્યો છે.

હાલમાં સ્ટાર બૉલર મિશેલ સ્ટાર્ક અને ધાંસૂ ઓલરાઉન્ડર કેમરુન ગ્રીનની ઈજા ચિંતાનો વિષય બની છે. ગ્રીનને સીરીઝની શરૂઆતી મેચમાં ટીમમાં સામેલ કરવામાં આવેશે. વળી, મિશેલ સ્ટાર્ક નાગપુરમાં રમાનારી પહેલી ટેસ્ટમાથી બહાર રહેશે. ગ્રીન અને સ્ટાર્ક સાઉથ આફ્રિકા વિરુદ્ધ ટેસ્ટ સીરીઝ દરમિયાન ઈજાગ્રસ્ત થઈ ગયા હતા, આ બન્ને ખેલાડીઓની આંગળીઓમાં ફ્રેક્ચર થઈ ગયુ હતુ.

## કાંગારુ ટીમમાં 4 સ્પીનર સામેલ કરાયા

ભારત વિરુદ્ધ ચાર ટેસ્ટ મેચોની સીરીઝ માટે કાંગારુ ટીમમાં 4 સ્પીનર્સને સામેલ કરવામાં આવ્યા છે. ઓફ સ્પીનર ટૉડ મર્ફીએ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ખુબ ધમાલ મચાવી છે. તેના બેસ્ટ પ્રદર્શનને ધ્યાનમાં રાખતા તેને ટીમમાં જગ્યા આપી છે. ઓસ્ટ્રેલિયાની આખી સ્ક્વૉડ પર નજર નાંખીએ તો ટૉડ મર્ફી, એશ્ટન એગર, મિશેલ સ્વેપ્સન અને નાથન લિયૉન સ્પીન બૉલર તરીકે સામેલ છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના સિલેક્ટર્સે એડમ જામ્પાની સરખામણીમાં ટૉડ મર્ફીને સમાવવાનો યોગ્ય સમજ્યો.

**ભારત પ્રવાસ માટે ઓસ્ટ્રેલિયાની ટેસ્ટ ટીમ** | પેટ કમિન્સ (કેપ્ટન), એશ્ટન એગર, સ્કૉટ બૉલેન્ડ, એલેક્સ કેરી (વિકેટકીપર), કેમરુન ગ્રીન, પીટર હેન્ડ્સકૉમ્બ, જૉશ હેઝલવુડ, ટ્રેવિસ હેડ, ઉસ્માન ખ્વાઝા, માર્નસ લાબુશાને, નાથન લિયૉન, લાન્સ મૉરિસ, ટૉડ મર્ફી, મેથ્યૂ રેનેશૉ, સ્ટીવ સ્મિથ (ઉપકેપ્ટન), મિશેલ સ્ટાર્ક, મિશેલ સ્વેપસન, ડેવિડ વૉર્નર.

# રણજી ટ્રોફીમાં પૃથ્વી શૉએ રમી 379 રનની ઐતિહાસિક પારી

## બીસીસીઆઈ પસંદગીકારોને આપ્યો જડબાતોડ જવાબ

ગુજરાત | વંદન

ભારતીય ટીમની બહાર રહેલા સ્ટાર ઓપનર પૃથ્વી શૉએ ફરી એકવાર રન બનાવીને ઐતિહાસિક રેકોર્ડ બનાવ્યો છે. 23 વર્ષીય પૃથ્વી શૉએ પણ પોતાની ઈનિંગ્સથી બીસીસીઆઈ પસંદગીકારોને જડબાતોડ જવાબ આપ્યો છે. પૃથ્વી શૉએ રણજી ટ્રોફી 2022-23 સીઝનમાં એક મોટો રેકોર્ડ બનાવ્યો છે.

વાસ્તવમાં મુંબઈની ટીમ તરફથી રમતા પૃથ્વી શૉએ આસામ સામેની મેચમાં 379 રનની ઈનિંગ રમી હતી. આ મેચ ગુવાહાટીના અમીનગાંવ ક્રિકેટ સ્ટેડિયમમાં રમવામાં આવી હતી. પૃથ્વી શૉ 400 રનનો ઐતિહાસિક આંકડો ચૂકી ગયો છે. તેને આસામના રિયાન પરાગે LBW આઉટ કર્યો હતો.

આ સાથે પૃથ્વી શૉ ભારતીય ફર્સ્ટ ક્લાસ અને રણજીના ઈતિહાસમાં બીજો સૌથી વધુ સ્કોર કરનાર ખેલાડી બની ગયો છે. તેણે સંજય માંજરેકરનો રેકોર્ડ તોડ્યો છે, જેણે 1991માં મુંબઈ તરફથી હૈદરાબાદ સામે 377 રન બનાવ્યા હતા. નોંધનીય છે કે ફર્સ્ટ ક્લાસ અને રણજીના ઈતિહાસમાં 400 રન બનાવવાનો રેકોર્ડ માત્ર એક જ વાર બન્યો છે. આ રેકોર્ડ મહારાષ્ટ્રના જ બીબી નિમ્બાલકરે બનાવ્યો હતો. તેણે 1948ની સીઝનમાં મહારાષ્ટ્ર તરફથી રમતી વખતે કાઠિયાવાડ સામે અણનમ 443 રન બનાવ્યા હતા. પૃથ્વી શૉએ મેચમાં 383 બોલમાં 379 રન બનાવ્યા હતા. આ ઈનિંગ્સમાં આ ઓપનરે 4 સિક્સર અને 49 ફોર ફટકારી હતી. તેનો સ્ટ્રાઈક રેટ પણ 98.96 હતો.



# અફઘાનિસ્તાન સાથે વનડે શ્રેણી નહીં રમે ઓસ્ટ્રેલિયા




■ મહિલાઓને લઈ તાલિબાનના આદેશ બાદ ક્રિકેટ ઓસ્ટ્રેલિયાનો નિર્ણય

ગુજરાત | વંદન

ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ મહિલાઓ અને છોકરીઓના શિક્ષણ અને રોજગાર પર તાલિબાનના વધતા પ્રતિબંધોના જવાબમાં માર્ચમાં અફઘાનિસ્તાન સામેની ODI શ્રેણીમાંથી ખસી જવાનો નિર્ણય કર્યો છે. ICC સુપર લીગના ભાગ રૂપે ઓસ્ટ્રેલિયન પુરૂષોની ટીમ સંયુક્ત આરબ અમીરાતમાં ત્રણ વનડેમાં અફઘાનિસ્તાન સામે ટકરાવાની હતી પરંતુ ગુરુવારની જાહેરાત બાદ યોજના મુજબ શ્રેણી આગળ વધશે નહીં.

અફઘાનિસ્તાનમાં જારી કરાયેલા તાલિબાનના ફરમાન મુજબ ત્યાંની મહિલાઓ અને છોકરીઓની સ્વતંત્રતા પર નિયંત્રણો લાદવામાં આવ્યા છે. વિશ્વભરમાં રમતગમતમાં મહિલાઓને પ્રોત્સાહન આપવા માટે સતત દબાણ કરી રહેલી ક્રિકેટ ઓસ્ટ્રેલિયાની પણ આ જ વાત સામે આવી છે. ઑસ્ટ્રેલિયા દ્વારા ODI સિરીઝ રમવાના ઈનકાર પાછળનું આ મુખ્ય કારણ છે.

માર્ચ 2023માં ઓસ્ટ્રેલિયા અને અફઘાનિસ્તાન વચ્ચે 3 મેચની ODI સિરીઝ રમવાની હતી. આ સીરીઝ UAEમાં યોજાવાની હતી. પરંતુ, ઓસ્ટ્રેલિયન સરકાર અને તેના હિતધારકો સાથે ચર્ચા કર્યા પછી, ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ આ 3 મેચની શ્રેણીમાં નહીં રમવાનો નિર્ણય લીધો છે.

ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ પોતાના નિવેદનમાં તાલિબાનમાં મહિલાઓ અને છોકરીઓ પરના પ્રતિબંધનો ખાસ ઉલ્લેખ કર્યો છે. તેણે કહ્યું કે ક્રિકેટ ઓસ્ટ્રેલિયા આવી વસ્તુઓનો વિરોધ કરે છે અને કરતો રહેશે.

અમે ઓસ્ટ્રેલિયન સરકારના આભારી છીએ જેણે અમારા આ નિર્ણયમાં અમને સંમતિ આપી અને સમર્થન આપ્યું છે.

# ભારતની શ્રીલંકા સામે 4 વિકેટે જીત, 3 મેચની શ્રેણીમાં ભારતે 2 -0થી શ્રેણી પોતાના નામે કરી

■ રવિવારે અંતિમ વનડે મેચ રમાશે

ગુજરાત | વંદન

ભારત અને શ્રીલંકા વચ્ચે ચાલી રહેલી વનડે શ્રેણીનો બીજો મેચ આજે કોલકત્તાના ઐતિહાસિક ઈડન ગાર્ડન સ્ટેડિયમમાં શરુ થઈ ગયો છે. શ્રીલંકાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો.

ભારત બીજી વનડે જીતીને સીરીઝ જીતવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરી છે જ્યારે શ્રીલંકા વળતો પ્રહાર કરવા મેદાનમાં ઉતરી છે. ભારતે પહેલો વનડે 67 રનથી જીત્યો હતો જેમા વિરાટ કોહલીએ શાનદાર સદી ફટકારી હતી. આજે ભારત સીરીઝ જીતવા જ્યારે શ્રીલંકા મેચ જીતી સીરીઝ જીવંત રાખવા મેદાનમાં ઉતરી છે.



ભારત તરફથી કુલદીપ અને સિરાજની ત્રણ-ત્રણ વિકેટ ઉપરાંત ઉમરાન મલિકે બે વિકેટ ઝડપી શ્રીલંકાની ઈનીગને આગળ વધતા અટકાવી હતી. અક્ષર પટેલને પણ સફળતા મળી હતી. જો ભારત આ મેચ જીતશે તો શ્રેણીમાં 2-0થી વિજય મેળવી લેશે..



ટીમ ઈન્ડિયાનો સ્ટાર લેગ સ્પિનર યુઝવેન્દ્ર ચહલ ઈજાગ્રસ્ત છે. ચહલ ગત મેચમાં ફિલ્ડિંગ કરતી વખતે ઈજાગ્રસ્ત થયો હતો. ચહલની જગ્યાએ કુલદીપ યાદવને રમવાની તક મળી છે. આ સિવાય ટીમ ઈન્ડિયામાં અન્ય કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

# ટુર્નામેન્ટ પહેલા જ આંચકો : પડોશીની ફરિયાદ બાદ 100 વર્ષ જુનું ક્રિકેટ ગ્રાઉન્ડ બંધ કરાયું...

■ ઈંગ્લેન્ડના કોલહિલ ક્રિકેટ ક્લબ પાસેથી ક્રિકેટ ગ્રાઉન્ડ છિનવાયું

ગુજરાત | વંદન

ઈંગ્લેન્ડના એક વ્યક્તિએ ફરિયાદ કરતા 100 વર્ષ જુનું ક્રિકેટ ગ્રાઉન્ડ બંધ કરી દેવામાં આવ્યું છે. ઈંગ્લેન્ડના ક્રિકેટ ક્લબ પાસેથી તેનું ક્રિકેટ ગ્રાઉન્ડ હવે છિનવાઈ ગયું છે. ઈંગ્લેન્ડના કોલહિલ ક્રિકેટ ક્લબ પાસેથી 100 વર્ષ જૂનું ક્રિકેટ ગ્રાઉન્ડ તેનું પોતાનું ન હતું. ગ્રાઉન્ડના માલિકે ગત ડિસેમ્બરમાં જ કોલહિલ ક્રિકેટ ક્લબને કહી દીધું હતું કે, હવે તેઓ અહીં ટુર્નામેન્ટ રમાડી શકશે નહીં. આ મેદાન પર 2023માં યોજાનાર એડલ્ટ ક્રિકેટ મેચ રમાડવાનું હવે સંભવ નથી, કારણ કે હાલમાં જ તે વિસ્તારમાં રહેવા આવેલા કેટલાક નવા પડોશીઓનું તેમના પર દબાણ છે.

**ક્લબને બંધ થવાથી બચાવવા માટે પિટિશન દાખલ કરાઈ**

જો કોલહિલ ક્રિકેટ ક્લબને હવે નવી જગ્યા નહીં મળે તો તેમના એડલ્ટ ક્રિકેટ પર પ્રતિબંધ મુકાશે. એટલે કે ક્લબ બંધ પણ થઈ શકે છે. ક્લબને બંધ થવાથી બચાવવા ક્લબ વતી એક પિટિશન દાખલ કરાઈ છે, જેના પર 10,000 લોકોએ સહી કરીને પોતાનું સમર્થન વ્યક્ત કર્યું છે.

## પડોશીઓની ફરિયાદથી ક્રિકેટ ક્લબ પરેશાન

1920માં કોલહિલ ક્રિકેટ ક્લબ બનાવાઈ હતી. તે દરમિયાન તેને ગામનું મેદાન ભેટમાં અપાયું હતું, ત્યારથી કોલહિલ ક્રિકેટ ક્લબ અહીંના મેદાન પર મેચો રમાડી રહી છે. 2014માં ગ્રાઉન્ડ પાસે લોકોએ રહેવાનું શરૂ કર્યું. 2018થી ફરિયાદો થવાનું શરૂ થયું. પડોશીઓએ ફરિયાદ કરતા કહ્યુ કે, બોલ તેમની દિવાલો પર ટકરાય છે, તેમના ઘરના આંગણામાં બોલ આવી જાય છે. જોકે કોલહિલ ક્રિકેટ ક્લબ પર એવું સંકટ આવ્યું છે કે, નવી સીઝન શરૂ થાય તેના સપ્તાહ પહેલા જ તેને નવું ઠેકાણું શોધવા કહી દેવામાં આવ્યું છે.

# બે મહિના પહેલા ટીમ ઈન્ડિયાનો કેપ્ટન હતો ધવન, સિલેક્ટરોએ અચાનક કાયમ માટે પડતો મુકી દીધો

ગુજરાત | વંદન

ભારતીય ક્રિકેટ ટીમમાં અત્યારે પરીવર્તનનો સમય ચાલી રહ્યો છે. આ સમયે ભારતમાં રમાનાર વનડે વર્લ્ડકપની તૈયારી પુરજોશમાં થઈ રહી છે. ટીમમાં સતત ખેલાડીઓમાં ફેરફાર ચાલુ છે. શ્રીલંકા સામે આજથી શરુ થઈ રહેલી વનડે સીરીઝમાં યુવા ચહેરાનો જ જલવો જોવા મળશે. આ ઉપરાંત સિલેક્ટર્સે એક એવા ખેલાડીને ટીમના બહારનો રસ્તો બતાવી દીધો હતો કે તે બે વર્ષ પહેલા સુધી ટીમ ઈન્ડિયાનો કેપ્ટન હતો.

## શું આ ખેલાડીનો સમય પૂરો થયો ?




ટીમ ઈન્ડિયાનો આ ખેલાડી કે જે એક સમયે ભારતીય ટીમનો કાયમી ટીમ સભ્ય હતો. ભારતના ઓપનર શિખર ધવનને શ્રીલંકા સીરીઝમાં સિલેક્ટ કરવામાં આવ્યો નથી. શિખર ધવનને પહેલાથી જ ટેસ્ટ અને ટી20 ટીમમાંથી પડતો મુકી દેવામાં આવ્યો છે. આ સાથે જ હવે શિખર ધવનનું કરિયર મુશકેલીમાં નજર આવી રહ્યુ છે. બીસીસીઆઈના આગામી વર્લ્ડકપ પ્લાનમાં ઈશાન કિશન અને શુભમન ગિલ જેવા યુવા ચહેરાઓ સામેલ છે. હવે ધવન માટે ટીમમાં આવવાની રાહ ખુબ જ મુશ્કેલ છે.

**પરફોમન્સ ખરાબ રહ્યુ છે** | શિખર ધવનનું પરફોન્સ છેલ્લા ઘણા સમયથી ખુબ જ ખરાબ રહ્યુ છે. તેણે છેલ્લી 5 વનડેમાં ફક્ત 49 રન જ બનાવ્યા છે. તેમની 5 વનડે ઈનિંગનો સ્કોર 3,8,7,28 અને 3 રહ્યો છે. આઈસીસી ટૂર્નામેન્ટમાં ભારતીય ટીમના સૌથી આધારસ્તંભ બેટ્સમેન તરીકે ઓળખાયેલા ધવનનો હવે ભારતમાં રમાનાર વનડે વર્લ્ડકપમાં રમવું ખુબ જ મુશકેલ બનશે.

# આઠમી અજાયબી: 4 હજાર મકાનો ગેરકાયદે બની ગયા, રેલવેને ખબર જ ના પડી...અરર ?!

■ 4 હજાર મકાનો બની ગયા ત્યાં સુધી રેલ્વેનું સ્થાનિક તંત્ર શું મંજિરા વગાડતું હતું..?

ગુજરાત | વંદન

ઉત્તરાખંડના હલ્દ્વાનીમાં રેલવેની જમીન પરના અતિક્રમણને દૂર કરવાના ઉત્તરાખંડ હાઈકોર્ટના આદેશ પર સ્ટે આપતાં સુપ્રીમ કોર્ટે ઠંડીની મોસમમાં બેઘર થઈ જવાના ભયનો સામનો કરી રહેલા હજારો લોકોને રાહત આપી છે. નિ:શંકપણે, આ રાહત અંતિમ નથી, પરંતુ આ નિર્ણય માનવતાવાદી પહેલ સમાન છે એમ કહેવું જોઈએ.

આ દરમિયાન સર્વોચ્ચ અદાલતની ટિપ્પણીઓ પણ શાસકો અને સ્થાનિક વહીવટીતંત્ર માટે એક મજબૂત સંદેશ છે કે આ અતિક્રમણ થોડા દિવસો કે વર્ષોની વાત નથી. વર્ષોથી ચાલતા આ અતિક્રમણને રોકવા માટે જવાબદાર લોકો દાયકાઓ સુધી કેમ ઊંઘતા રહ્યા? તેમજ દાયકાઓનું અતિક્રમણ રાતોરાત હટાવી શકાતું નથી. નિ:શંકપણે, લગભગ પચાસ હજાર લોકોને ઉતાવળમાં દૂર કરવા જોઈએ નહીં. અહીંના તમામ કાયમી રહેઠાણોની સાથે સાથે અનેક સરકારી શાળાઓ, બેંકો, વિભાગો, મંદિરો અને મસ્જિદો વગેરે બનાવવામાં આવ્યા છે. સૌથી મહત્વની વાત એ છે કે સુપ્રીમ કોર્ટે કહ્યું કે હજારો લોકોને હટાવતા પહેલા તેમના પુનર્વસનની વ્યવસ્થા કરવામાં આવે.

સુપ્રીમ કોર્ટ આ મામલે રેલવે અને સરકારની બાજુ 7 ફેબ્રુઆરીએ સાંભળશે. ઉત્તરાખંડ સરકારને પોતાનું વલણ રજૂ કરવા નોટિસ મોકલવામાં આવી છે. વિડંબના એ છે કે આખા દેશમાં આવા અતિક્રમણની સ્થિતિ યથાવત છે. તેમના મૂળમાંથી ઉખડી ગયેલા, રોજગારની શોધમાં શહેરોમાં આવેલા અને જમીન માફિયાઓના કાવતરાને કારણે વેચાયેલા પ્લોટ ખરીદનારા લોકો આ અતિક્રમણોના કેન્દ્રમાં રહે છે.




વાસ્તવમાં મતોનું રાજકારણ, સ્થાનિક વહીવટીતંત્રમાં પ્રવર્તતો ભ્રષ્ટાચાર અને તંત્રની ઉદાસીનતા આ ગેરકાયદે વસાહતોને વિકસવાનો મોકો આપે છે. પરંતુ જ્યારે પાણી માથા ઉપરથી પસાર થવા લાગે છે અને સરકાર કે કોર્ટ દ્વારા મામલો સામે આવે છે ત્યારે સ્થાનિક વહીવટીતંત્ર તાત્કાલિક ધોરણે વસાહતી લોકોને હટાવવાની કાર્યવાહીમાં લાગી જાય છે.

અલબત્ત, આવી કોઈપણ ક્રિયામાં માનવીય બાજુને પણ ધ્યાનમાં રાખવી જોઈએ. એ સાચુ છે કે, આ દબાણ સરકારી જમીન પર છે, પરંતુ આ મકાનો બનાવવામાં ગરીબ લોકોની જીવનકાળની મૂડી ખર્ચવામાં આવે છે.

હકીકતમાં, સરકારની ખાલી પડેલી જમીનો શા માટે વહેંચવામાં આવી તે અંગે રાષ્ટ્રીય સ્તરે આ સમસ્યાનો ઉકેલ લાવવાની જરૂર છે. આ સમસ્યાનો ઉકેલ શરૂઆતમાં જ કેમ નથી મળતો? સવાલ એ પણ છે કે હલ્દ્વાનીની બાનભૂલપુરાની 29 એકર જમીન, જેના પર અતિક્રમણની વાત કરવામાં આવી રહી છે, તેને રેલવે કેમ ભૂલી ગઈ? એવું તો નથી કે કાયમી બાંધકામો રાતોરાત આવી ગયા...

જ્યારે એક પછી એક મકાનો, શાળાઓ, મંદિરો બની રહ્યાં હતા અને વસ્તી વધતાં વધતાં 50 હજાર પર પહોંચી ગઇ ત્યારે રેલવેને એકાએક સીસોટી વગાડવાનું યાદ આવ્યું અને અ રેલવેની જમીન છે.. ખાલી કરો...એવા ફરમાનો નિકળવા લાગ્યા...?!

હકીકતમાં, આ વિસ્તારને અડીને આવેલી નદીમાં ગેરકાયદેસર રેતી ખનનની પ્રવૃતિના તાર આ વિસ્તારની વસાહતો સાથે જોડાયેલા હોવાનું બહાર આવ્યું ત્યારે આ અતિક્રમણ રેલવેના ધ્યાનમાં આવ્યું હતું. આ મામલો 2013 માં ઉઠાવવામાં આવ્યો હતો અને સુપ્રીમ કોર્ટમાં ગયા પછી દસ વર્ષ પછી ચર્ચાનો રાષ્ટ્રીય વિષય બન્યો હતો.

## 60 કિ.મી.ની રેન્જમાં હવે એક જ ટોલનાકું હશે

# હાઈવે આસપાસના લોકોએ ટોલ ટેક્ષ આપવો પડશે નહી: પાસ અપાશે

■ દેશમાં આગામી ત્રણ માસમાં નવા ટોલ પ્લાઝા નિયમો લાગુ થશે...

ગુજરાત | વંદન

દેશમાં હાઈવે સહિતની સફર થાય છે ત્યારે ટોલ ટેક્ષ ભરવો પડે છે તેમાં મોટી રાહત મળવા જઈ રહી છે. જેમાં હવે બે ટોલટેક્ષ નાકા વચ્ચે ઓછામાં ઓછું 60 કિ.મી.નું અંતર હશે. કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નિતીન ગડકરીએ જણાવ્યું હતું કે, હાઈવે પર ટોલનાકાની સંખ્યા મર્યાદીત કરવામાં આવશે અને સ્થાનિક લોકોએ ટોલટેક્ષ ભરવાનો રહેશે નહી.



ગડકરીએ જણાવ્યું કે, એવી અનેક ફરિયાદો આવી છે કે 10 કી.મી.ના રેન્જમાં બીજો ટોલટેક્ષ આવે છે. ફક્ત 10 કી.મી.ની રેન્જમાં ફરી ટોલ ટેક્ષ વસુલવો એ ખોટું છે. લોકોએ 60 કિ.મી.ની રેન્જમાં ફક્ત એક જ વખત ટોલ ટેક્ષ ચૂકવવો પડશે અને હાલ આ રેન્જમાં એકથી વધુ ટોલટેક્ષ હશે તે દૂર કરવામાં આવશે. આ કામગીરી આગામી ત્રણ માસમાં કરી લેવામાં આવશે.

ગડકરીએ જણાવ્યું કે, હાઈવેની આસપાસ રહેતા લોકોની પણ ફરિયાદ છે કે નજીકના એક ગામથી બીજા ગામમાં જતા હોય તેઓ પાસેથી પણ ટોલટેક્ષ વસુલવામાં આવે છે પણ સ્થાનિય લોકોને હ્વે આ રીતે પ્રવાસમાં ટોલટેક્ષ આપવાનો રહેશે નહી. તેઓને એક માસ અપાશે જે દેખાડી તે ટોલટેક્ષ ભર્યા વગર સફર કરી શકશે. ગડકરીએ જણાવ્યું કે આગામી ત્રણ માસમાં દેશમાં ટોલ પ્લાઝાની સંખ્યા ઘટાડી દેવાશે અને હાઈવે બહેતર-ઝડપી પ્રવાસ અને સલામત પ્રવાસ માટે સરકાર પ્રતિબદ્ધ છે.



# દુનિયાના અમીર શહેરોમાં ન્યૂયોર્ક નંબર વન, ભારતનું સ્થાન શૂન્ય

■ 3,45,600 કરોડપતિઓ વસે છે બીગ એપ્પલ નામના શહેરમાં...

ગુજરાત | વંદન

દુનિયાના 20 શહેરોની યાદી આવી છે, જ્યાં સૌથી અમીર લોકો રહે છે. હેનલી ગ્લોબલ સિટીઝન રિપોર્ટ અનુસાર, 2022માં ટોપ 20ની યાદીમાં યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા (યુએસએ) સૌથી વધુ શહેરો ધરાવે છે. 20 માંથી 6 જગ્યાઓ યુએસએના વિવિધ શહેરો દ્વારા કબજે કરવામાં આવી છે. સ્વિસ કેન્ટન્સે પણ આ યાદીમાં 2 સ્થાનોનાં નામ આપ્યાં છે. સમૃદ્ધ શહેરોની યાદીમાં એશિયા-પેસિફિક ક્ષેત્રના 8 શહેરોના નામ પણ સામેલ છે.

બિગ એપલ શહેર કરોડપતિઓની સંખ્યામાં ટોચ પર છે. તે 3,45,600 કરોડપતિઓનું ઘર છે, જેમાં 737 સેન્ટી-મિલિયોનેર ($100 મિલિયન કે તેથી વધુની સંપત્તિ) અને 59 અબજોપતિઓનો સમાવેશ થાય છે. ન્યૂયોર્કનું ટૂંકું નામ બિગ એપલ છે. ન્યૂયોર્ક એ અમેરિકાનું નાણાકીય કેન્દ્ર છે અને ઘણી રીતે વિશ્વનું સૌથી ધનિક શહેર છે. વિશ્વના 2 સૌથી મોટા સ્ટોક માર્કેટમાં સ્ટોક એક્સચેન્જો (ડાઉ જોન્સ અને નાસ્ડેક) પણ છે. તમને જાણીને નવાઈ લાગશે કે આ શહેરમાં રહેતા લોકોની કુલ અંદાજિત સંપત્તિ $3 ટ્રિલિયન છે. આ આંકડો ઘણા દેશોની અર્થવ્યવસ્થા કરતા ઘણો મોટો છે. લંડન શહેર ચોથા નંબરે છે. અહીં 2,72,400 કરોડપતિ છે. લોસ એન્જલસ (લોસ એન્જલસ) 1,92,400 લોકો કરોડપતિ છે. સિડની શહેરમાં 1,29,500 કરોડપતિઓનું રહે છે.

અહીં, એ ખાસ નોંધવું જોઈએ કે ન્યુ યોર્ક સિટીની બહાર અસંખ્ય સમૃદ્ધ પ્રવાસી નગરોમાં નોંધપાત્ર પ્રમાણમાં અમીર લોકો રહે છે. તેમાં ગ્રીનવિચ, ગ્રેટ નેક, સેન્ડ્સ પોઈન્ટ અને ઓલ્ડ વેસ્ટબરી વગેરેનો સમાવેશ થાય છે. જો આ શહેરોને ન્યૂયોર્કના આંકડામાં સામેલ કરવામાં આવે તો આ શહેરમાં અબજોપતિઓની સંખ્યા 120ને વટાવી જશે.

ત્રણ શહેરો દુબઈ, મુંબઈ અને શેનઝેન ઝડપથી વધી રહ્યા છે અને 2030 સુધીમાં ટોચના 20માં સ્થાન મેળવશે તેવી અપેક્ષા છે. દુબઈ હાલમાં વૈશ્વિક સ્તરે 23મા ક્રમે છે અને તે પહેલાથી જ 67,900 કરોડપતિ, 202 સેન્ટી-મિલિયોનેર અને 13 અબજોપતિઓનું ઘર છે. મુંબઈમાં 60,600 કરોડપતિ રહેવાસીઓ, 243 સેન્ટી-મિલિયોનેર અને 30 અબજોપતિ છે અને વૈશ્વિક સ્તરે 25માં ક્રમે છે. આ મેગાસિટી બોમ્બે સ્ટોક એક્સચેન્જ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ધરાવે છે. હાલમાં 30મા ક્રમે, શેનઝેન પાસે 43,600 કરોડપતિ છે, જેમાં 135 સેન્ટી-મિલિયોનેર અને 17 અબજોપતિ છે.

# 'એકમાત્ર હિન્દુ સમાજ જ એવો છે જે આક્રમક નથી': ભાગવતનો દાવો



ગુજરાત | વંદન

RSSના ચીફ મોહન ભાગવતે કહ્યું કે, હિંદુ ધર્મ એ આપણી ઓળખ, રાષ્ટ્રીયતા અને દરેકને પોતાનું માનવું અને ઈસ્લામને સાથે લેવાની વૃત્તિ છે અને દેશમાં ઈસ્લામને કોઈ ખતરો નથી પરંતુ તેમણે 'આપણે મોટા છીએ' ની લાગણી છોડવી પડશે. એ ઈન્ટરવ્યુ દરમિયાન સરસંઘચાલક ભાગવતે પણ LGBT સમુદાયને સમર્થન આપ્યું હતું અને કહ્યું હતું કે, તેમની ગોપનીયતાનું સન્માન કરવું જોઈએ અને સંઘ આ વિચારને પ્રોત્સાહિત કરશે. તેમણે કહ્યું કે, જ્યારેથી મનુષ્ય અસ્તિત્વ ધરાવે છે ત્યારથી આવા ઝોક ધરાવતા લોકો હંમેશા હતા. અમે ઈચ્છીએ છીએ કે તેમને તેની ગોપનીયતાનો અધિકાર મળે અને તેમને પણ એવો અનુભવ થાય કે, તેઓ પણ આ સમાજનો ભાગ છે.

## ઈસ્લામને કોઈ ખતરો નથી...

મોહન ભાગવતે કહ્યું કે ટ્રાન્સજેન્ડર સમસ્યા નથી. તેમનો પોતાનો સંપ્રદાય છે, તેમના પોતાના દેવી-દેવતાઓ છે. હવે તેમની પાસે મહામંડલેશ્વર છે. તેમણે કહ્યું કે, સંઘનો કોઈ અલગ દ્રષ્ટિકોણ નથી. હિન્દુ પરંપરાએ આ બાબતો પર વિચાર કર્યો છે. ભાગવતે કહ્યું કે હિંદુ આપણી ઓળખ છે, રાષ્ટ્રીયતા છે અને દરેકને પોતાના માનવા અને સાથે લઈ જવાની વૃત્તિ છે. સરસંઘચાલે કહ્યું કે, હિંદુસ્તાન એ હિંદુસ્તાન બની રહે સીધી વાત છે. તેનાથી આજે ભારતમાં જે મુસ્લિમો છે તેમને કોઈ નુકસાન નથી. તેમણે કહ્યું કે, ઈસ્લામને કોઈ ખતરો નથી પરંતુ અમે મોટા છીએ, અમે એક સમયે રાજા હતા, અમે ફરીથી રાજા બનીએ. આ ભાલ છોડવો પડશે. આ સાથે જ ભાગવતે કહ્યું કે, જો કોઈ હિંદુ આવું વિચારે છે તો તેણે પણ આ ભાવના છોડવી પડશે. કમ્યુનિસ્ટ છે તેમણે પણ આ ભાવના છોડવી પડશે.

## આ દેશ કેવી રીતે વિખેરાઈ ગયો...

ભાગવતે કહ્યું કે, એકમાત્ર હિન્દુ સમાજ જ એવો છે જે આક્રમક નથી તેથી અનાક્રમકતા, અહિંસા, લોકશાહી, ધર્મનિરપેક્ષતાને આ બધાને બચાવી રાખવાના છે. તેમણે કહ્યું કે આપણે તિમોર, સુદાન જોયું, પાકિસ્તાન બન્યું તે પણ આપણે જોયું. આવું કેમ થયું? રાજનીતિ છોડીને જો અને તટસ્થતાથી વિચાર કરીએ કે પાકિસ્તાન કેમ બન્યું?' તેમણે કહ્યું કે, ઈતિહાસમાં જ્યારથી આંખ ખોલી ત્યારથી ભારત અખંડ હતું. ઈસ્લામના આક્રમણ અને પછી અંગ્રેજોની વિદાય બાદ આ દેશ કેવી રીતે વિખેરાઈ ગયો. આપણે આ બધું ભોગવવું પડ્યું કારણ કે, આપણે હિંદુ ભાવના ભૂલી ગયા.

# પાક.ના આતંકી સંગઠનનું અયોધ્યા રામ મંદિર પર હુમલાનું ષડયંત્ર

ગુજરાત | વંદન



પાકિસ્તાનનું આતંકવાદી સંગઠન હવે અયોધ્યાના રામ જન્મભૂમિ મંદિર પર હુમલાની યોજના બનાવી રહ્યુ છે. ગુપ્ત સૂત્રો દ્વારા મળેલી જાણકારી પ્રમાણે પાકિસ્તાનમાં હાજર આતંકવાદી સમૂહ આ વખતે અયોધ્યામાં રામ જન્મભૂમિ પર મોટા હુમલાની યોજના બનાવી રહ્યુ છે. ગુપ્ત સૂત્રોના જણાવ્યા પ્રમાણે જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબા જ તે આતંકવાદી સંગઠન છે જે પ્રમુખ રૂપે રામ મંદિર પર આતંકવાદી હુમલાની યોજના બનાવી રહ્યા છે. ગુપ્ત સૂત્રોનું કહેવુ છે કે, આતંકવાદી સમૂહ નેપાળના રસ્તે શસ્ત્રો-દારૂગોળો અને આત્મઘાતી હુમલો કરવાની પણ યોજના બનાવી રહ્યા છે.સૂત્રોના જણાવ્યા પ્રમાણે 2024માં મંદિર તૈયાર થાય તે પહેલા રામ જન્મભૂમિ પર હુમલો કરવુ હવે આ આતંકવાદી સંગઠનોનો પ્રમુખ ટાર્ગેટ બની ગયો છે. આ આતંકવાદી સંગઠનોનો ઈરાદો આ હુમલાના કાવતરાને અંજામ આપવાનો છે અને સાથે જ તેને એક મોટી હિંદુ-મુસ્લિમ સાંપ્રદાયિક હિંસા તરીકે દુનિયાની સામે રજૂ કરવાનો છે.

# કેનેડા દ્વારા શ્રીલંકાના પૂર્વ રાષ્ટ્રપતિ અને મહિન્દા રાજપક્ષે સહિત 4 અધિકારીઓ પર પ્રતિબંધ

ગુજરાત | વંદન



કેનેડાની સરકારે પૂર્વ રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષે અને તેમના ભાઈ મહિન્દા રાજપક્ષે સહિત શ્રીલંકાના ચાર રાજ્ય અધિકારીઓ સામે નાગરિક સંઘર્ષમાં ગંભીર માનવાધિકાર ઉલ્લંઘન બદલ પ્રતિબંધો લાદ્યા છે. રાજપક્ષે ભાઈઓની સાથે સાથે સ્ટાફ સાર્જન્ટ સુનીલ રત્નાયકે અને લેફ્ટનન્ટ કમાન્ડર ચંદના પી હેટ્ટિયારાચિથે પર પણ પ્રતિબંધો લાદવામાં આવ્યા છે. કેનેડાના વિદેશમંત્રી મેલાની જોલીએ મંગળવારે જાહેરાત કરી હતી કે, દેશે શ્રીલંકામાં નાગરિક સંઘર્ષ દરમિયાન માનવ અધિકારોના ઘોર ઉલ્લંઘન માટે જવાબદાર શ્રીલંકાના ચાર રાજ્ય અધિકારીઓ સામે સ્પેશિયલ ઈકોનોમિક મેઝર્સ અધિનિયમ હેઠળ પ્રતિબંધો લાદ્યા છે.

વિદેશ મંત્રાલયે નોટિફિકેશનમાં જણાવ્યું કે, કેનેડા 1983થી 2009 સુધી ચાલેલા શ્રીલંકાના નાગરિક સંઘર્ષ દરમિયાન માનવાધિકારનું ગંભીર અને વ્યવસ્થિત ઉલ્લંઘન કરનાર વ્યક્તિઓ સામે પ્રતિબંધો લાદી રહ્યું છે. શિડ્યુલ ટુ ધ રેગ્યુલેશન્સમાં સૂચિબદ્ધ વ્યક્તિઓને ઈમિગ્રેશન એન્ડ રેફ્યુજી પ્રોટેક્શન એક્ટ હેઠળ કેનેડા માટે અસ્વીકાર્ય ગણવામાં આવે છે.

## ક્રાઇમનું ભેદભરમ : રેપ બાદ અશ્લિલ વીડિયો ઉતારી મહિલાઓને બ્લેકમેલ કરતો, 14 વર્ષની કેદ

# ...નશીલી ચા પીવડાવી 120 મહિલાઓને બનાવી હતી હવસનો શિકાર, જલેબી વેચતા વેચતા રાતોરાત બની ગયો 'જલેબી બાબા'

ગુજરાત | વંદન

હરિયાણાના ફતેહાબાદ જિલ્લાના કુખ્યાત હવસખોર જલેબી બાબાને કોર્ટે 120 મહિલાઓ સાથે રેપ કેસ મામલે 14 વર્ષની સજા ફટકારી છે. કોર્ટના આ ચૂકાદા બાદા ચારેતરફ જલેબી બાબાની ચર્ચાઓ શરૂ થઇ છે, ત્યારે સૌ કોઇ આ હવસખોર જલેબી બાબા ઉર્ફે બિલ્લૂરામ ઉર્ફે અમરપુરી વિશે જાણવા આતુર છે. બિલ્લૂરામની કહાની એકદમ ફિલ્મી છે, એક સમયે જલેબી વેચતા બિલ્લૂરામ તાંત્રિક બની રાતોરાત પ્રખ્યાત થયા હતા. અને લોકોના દુ:ખ, દર્દ દુર કરવાને બહાને મહિલાઓ, યુવતીઓને હવસનો શિકાર બનાવવા લાગ્યા.

19 જુલાઈ, 2018ના રોજ હરિયાણાના ટોહાનામાં એક બાતમીદારે સ્ટેશન હાઉસ ઓફિસર પ્રદીપ કુમારના મોબાઈલમાં જલેબી બાબાનો અશ્લીલ વીડિયો બતાવ્યો હતો. આ પછી પોલીસે તેને પકડી લીધો હતો અને તેના ફોનમાંથી 120 વીડિયો મળ્યા હતા, જેમાં તે મહિલાઓ સાથે શારીરિક સંબંધ બાંધતો જોવા મળ્યો હતો.

પૂછપરછ દરમિયાન જલેબી બાબાએ જણાવ્યું હતું કે, તે તેની પાસે આવતી મહિલાઓને લલચાવતો હતો, ડ્રગ્સ આપતો હતો અને તેમની સાથે ઘૃણાસ્પદ કામ કરતો હતો અને તેના મોબાઈલમાંથી વીડિયો બનાવતો હતો. બાદમાં તે તેમને બ્લેકમેઈલ કરતો હતો. તેમની પાસેથી પૈસા પડાવો. બદનામ થવાના ડરથી મહિલાઓ કોઈને કશું કહી શકતી ન હતી.

બિલ્લૂરામ ઉર્ફે અમરપુરી 20 વર્ષ પહેલા ટોહાના આવ્યો હતો અને ત્યાં તેણે જલેબીની દુકાન શરુ કરી હતી. 10 વર્ષ સુધી જલેબીનો ધંધો સારો ચાલ્યો હતો. પરંતુ પછીથી તે તાંત્રિક બન્યો હતો અને અહિંથી તેણે મહિલાઓને ફસાવવાનું શરુ કર્યું હતું.

મહિલાઓ પણ પોતાના દુખ લઈને બાબા પાસે આવતી અને બાબા તેમને નશીલી ચા પીવડાવીને તેમની સાથે કુકર્મ કરતો અને પછી વીડિયો ઉતારી લઈને તેમને બ્લેકમેલ કરતો અને પૈસા પડાવતો. અત્યાર સુધીમાં બાબાએ સગીરાઓ સહિત 120થી વધુ છોકરીઓ સાથે કુકર્મ કર્યું છે અને તેમના વીડિયો બનાવ્યાં હતા.

## બિલ્લૂરામથી બન્યો જલેબી બાબા...



જલેબી બાબા મહિલાઓને ચામાં કેફી પદાર્થ આપીને તેમનું યૌન શોષણ કરતો હતો અને દુષ્કર્મનો વીડિયો બનાવતો હતો. એટલું જ નહીં જલેબી બાબા દુષ્કર્મનો વીડિયો વાયરલ કરવાની ધમકી પણ આપતો હતો. તો કેટલીક મહિલાઓ પાસે પૈસા પણ પડાવતો હતો. વર્ષ 2018માં બાબાની કરતુતો બહાર આવી હતી. એક વ્યક્તિએ મહિલાના યૌન શોષણનો વીડિયો ટોહનાના તત્કાલિન SHO પ્રદીપ કુમારને બતાવ્યો હતો. એસએચઓએ ફરિયાદ કરતા જલેબી બાબા વિરુદ્ધ IPC અને IT એક્ટની અલગ-અલગ કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો.

## મોબાઈલ ન મળે ત્યારે રડે કે ગુસ્સો કરનાર બાળક જોખમકારક કહી શકાય, સાવધાન..

# મોડુ થાય તે પહેલાં બાળકોને મોબાઇલ ફોનથી દૂર રાખવાનું શરૂ કરી દો...

ગુજરાત | વંદન

આજકાલના બાળકોને જીભ અને પગ પછી આવે છે, પરંતુ મોબાઈલ ચલાવતા તો જાણે જન્મથી જ શીખીને આવે છે. ફોનમાં ગીતો કેવી રીતે વગાડવા, વિડીયો કેવી રીતે મૂકવા કે નાચતા-ગાતા લોકોની રીલ્સ ક્યાં જોવી તે પણ બાળકો શીખી લે છે.

પહેલી નજરમાં તો એવું લાગે છે કે વાહ, આપણા બાળકે આ નાની ઉંમરે જ ટેક્નોલોજીમાં મજબૂત પકડ બનાવી લીધી છે, પરંતુ માતાપિતાની મુશ્કેલીઓ ત્યારે શરૂ થાય છે, જ્યારે બાળક આખો દિવસ મોબાઈલ સાથે વળગી રહે છે અને જ્યારે તેને મોબાઈલ બંધ કરવાનું કહેવામાં આવે છે અથવા તેની પાસેથી છીનવી લેવામાં આવે છે, ત્યારે તે રડવાનું શરૂ કરી દે છે.

શું તમારા ઘરની પણ આવી જ સ્થિતિ છે અને તમારા બાળકને પણ મોબાઈલની લત લાગી ગઈ છે? તો અહીં અમે આપેલી કેટલીક ટિપ્સ તમારા માટે ખૂબ જ ઉપયોગી સાબિત થઈ શકે છે. આની મદદથી તમને બાળકની આ ખરાબ આદતને દૂર કરવામાં મદદ મળશે. તો ચાલો નજર કરીએ આ ટીપ્સ પર...

બાળકોને ફોસલાવવા માટે તમે તેમને થોડા સમય માટે ફોન આપી શકો છો. સાથે જ બાળકોએ આજકાલ સ્કૂલના કામમાં પણ ફોનનો ઉપયોગ કરવો જરૂરી બની ગયો છે. આવી સ્થિતિમાં, તેમને ફોનથી સંપૂર્ણપણે દૂર રાખી શકાતા નથી. તેથી જ તે મહત્વનું છે કે તમે બાળકો માટે સ્ક્રીનનો સમય મર્યાદિત કરો.



બાળકોને થોડા સમય માટે ફોન આપો અને તે પછી તેમને ફોનનો ઉપયોગ ન કરવા દો. આ તેમને દરેક સમયે ફોનમાં વ્યસ્ત રહેવાની આદતથી દૂર કરી રાખશે. ખાસ કરીને 2થી 5 વર્ષના બાળકો માટે સ્ક્રીન ટાઈમ રોજના 1 કલાકથી વધુ ન હોવો જોઈએ.

જ્યારે આપણે ઘરે ફોનનો ઉપયોગ કરીએ છીએ ત્યારે ફોનનો ઉપયોગ કઈ જગ્યાએ કરવો અને તેનો ઉપયોગ કેવી રીતે ન કરવો તે જોવા મળતું નથી. ઘરના કોઈ પણ ખૂણામાં આપણે ફોન લઈને બેસીએ છીએ. પરંતુ, બાળકોને આ વસ્તુની ટેવ પાડશો નહીં. ડાઈનિંગ ટેબલ, સ્ટડી ટેબલ અથવા બેડ પર મોબાઈલનો ઉપયોગ કરવા દેશો નહીં. આનાથી તેમને દરેક સમયે મોબાઈલ પર રહેવાની ખરાબ ટેવ લાગે છે.

જો તમે બાળકને એક વખત જીદ્દ કરવા પર તેના હાથમાં ફોન પકડાવી દેશો તો તેને મનમાં થશે કે જીદ્દ કરવાથી કે રિસાવાથી તેને ફોન મળી જશે. તેના તેનું ફોન એડિક્શન વધવાની સાથે તેને ગુસ્સો કરવાની આદત અને જીદ્દી સ્વભાવ થશે. તેથી બાળક ખોટી રીતે ગમે તેટલી જીદ્દ કરે તેને ફોન પકડાવવાનું ટાળશો.

મોબાઈલમાં હોવું જરૂરી નથી. એક-બે દિવસ માટે મોબાઈલમાંથી બ્રેક પણ લઈ શકાય છે. તેનાથી બાળકોમાં પણ ધીરજ આવશે. તમે તેમને આ સમયે રમવા અથવા કોઈ અન્ય પ્રવૃત્તિમાં જોડાવા માટે બહાર જવા માટે પ્રોત્સાહિત કરી શકો છો.

આ ભલે ખૂબ સાંભળેલી વાત લાગે, પરંતુ સત્ય એ છે કે બાળકો પણ માતાપિતાને જે કરતા જુએ છે તે શીખે છે. જો તમે પોતે દરેક સમયે મોબાઈલમાં વ્યસ્ત રહો છો, તો દરેક વાત પર મોબાઈલ (ફોન) તપાસતા રહો, દરેક બીજી ક્ષણે પર ફોટા અને વિડીયો લેતા રહો, તો બાળકો આ વસ્તુઓ શીખી જશે. એટલા માટે જરૂરી છે કે તમને પણ મોબાઈલથી દૂર રહેવાની આદત હોવી જોઈએ....





# ફ્લોપ સ્ટાર જાહ્વવીએ સાઉથમાં રશ્મિકા કરતાં પણ વધુ ફી માગી

હ્વવી કપૂરે સાઉથની એક ફિલ્મ માટે રશ્મિકા મંદાના કરતાં પણ વધારે ફી માગતાં નિર્માતાઓ અવાચક બની ગયા હતા. જાહ્વવી બોલીવૂડની એક ફ્લોપ સ્ટાર છે અને રશ્મિકા એકથી વધુ સુપરહિટ ફિલ્મો આપી ચુકી છે. તેમ છતાં પણ જાહ્વવીએ આ ડિમાન્ડ કરી હતી.

આરઆરઆરના હિરો જુનિયર એનટીઆર સાથે જાહ્વવીને ફિલ્મની ઓફર કરવામાં આવી છે. તેના માટે જાહ્વવીએ આ જંગી ફીની ડિમાન્ડ કરી હતી. જાહ્વવીએ નિર્માતાઓને એવું જણાવ્યું હતું કે સાઉથની કોઈપણ હિરોઈનની સરખામણીએ તેને કાસ્ટ કરવાથી ફિલ્મને પાન ઈન્ડિયા વધારે સારી ઓળખ મળશે. સાઉથના વર્તુળોના જણાવ્યા અનુસાર પુષ્પા જેવી સમગ્ર ભારતમાં સુપરડુપર હિટ થયેલી અને તે પછી નેશનલ ક્રશનું બિરુદ મેળવી ચુકેલી રશ્મિકા હાલ પાંચ કરોડ રુપિયાની ફી ચાર્જ કરે છે.

મૃણાલ ઠાકુર અગાઉ રુપિયા એક કરોડ ચાર્જ કરતી હતી પરંતુ સીતારામનની ભારતભરમાં સફળતા પછી તે વધારે જાણીતી બની છે અને તેની ફી પણ વધી છે. સામાન્ય રીતે સાઉથમાં સ્ટાર્સ પાછળ જંગી બજેટ ફાળવાતું હોતું નથી. જાહ્વવીના નામે હજુ સુધી એકેય સુપરહિટ ફિલ્મ નોંધાઈ નથી. અને તેના પોતાના દમ પર તો કોઈ ફિલ્મ ચાલી નથી.

# હવે દીપિકાના સપોર્ટમાં મલ્લિકાએ કેસરી બિકીનીમાં મચાવી બબાલ

## આંદામાનમાં વેકેશન મનાવી રહેલી મર્ડર ફેમ એક્ટ્રેસે સ્વિમિંગમાં પોઝ આપ્યા

શાહરુખ ખાનની ફિલ્મ પઠાનના બેશરમ ગીતમાં દીપિકાની ભગવા બિકિનીનો વિવાદ અટકવાનું નામ નથી લેતો. એક તરફ હિન્દુ સંગઠનો તેનો જોરદાર વિરોધ કરી રહ્યા છે તો બીજી બાજુ બોલીવૂડ સેલેબ્સ દીપિકાની પડખે આવી તેને સપોર્ટ કરી રહ્યા છે. ઉર્ફી જાવેદ પછી મલ્લિકા શેરાવતે હવે કેસરી બિકિનીમાં પોઝ આપી બબાલ મચાવી છે. મલ્લિકા શેરાવત હાલમાં આંદામાનમાં વેકેશન એન્જોય કરી રહી છે. તેણે સોશિયલ મીડિયા પર અમુક તસ્વીરો શેર કરી છે, જેમાં તેણે સ્વિમિંગ પૂલમાં એન્જોય કરતી જોઈ શકાય છે. આ તસ્વીરમાં મલ્લિકાએ તાજ એક્ઝોટિકા રિઝોર્ટ એન્ડ સ્પામાં ક્લિક કરાવી છે. 46 વર્ષિય એક્ટ્રેસે ફોટો શેર કરતા લખ્યું છે કે, અહીં રહેવાનું પસંદ છે, યૂનિક પ્લેસ. મલ્લિકા તસ્વીરોમાં ખૂબ જ હોટ લાગી રહી છે. જો કે, તેના કારણે તેને ટ્રોલ કરવામાં આવી રહી છે. મલ્લિકા શેરાવતે સ્વિમીંગ પૂલમાં એન્ટ્રી લેતી વખતે બ્લેક સ્ટ્રિપવાળી ભગવા બિકિની પહેરી હતી અન ઈન્ટરનેટ યુઝર્સ તેને પઠાનનું પ્રમોશન તરીકે જોઈ રહ્યા છે. મલાઈકાને ટ્રોલ કરતા ઈન્ટરનેટ યુઝર્સે લખ્યું છે કે, મને ખબર છે, કંઈ ન કહેતા પણ પઠાન મૂવીને સપોર્ટ કરી રહી છો, તુ મલ્લિકા. હેં નેં. ભગવા બિકિની. એક અન્ય યુઝર્સે લખ્યું છે કે, આને પણ ભગવા બિકિની બિકિની પહેરી છે, તેને પણ ટ્રોલ કરવી જોઈએ.



# ‘વોર’ના શૂટીંગ બાદ ઋત્વિક રોશન ડિપ્રેશનની નજીક પહોંચી ગયો હતો...

ઋત્વિક રોશન આજના સમયના શ્રેષ્ઠ કલાકારો પૈકીનો એક કલાકાર છે. તેની અનેક ફિલ્મોએ બોકસ ઓફિસ પર સારી કમાણી કરી છે. તેને ટોપ સ્ટાર્સની કેટેગરીમાં રાખવામાં આવે છે હાલ તે તેની આગામી ફિલ્મ ‘ફાઈટર’ના શૂટીંગમાં વ્યસ્ત છે.

હાલમાં જ તેણે પોતાના સંઘર્ષના દિવસોની વાત કરી હતી. ફિટનેસ ટ્રેનર ક્રિસ ગેથીન સાથે વાત કરતા ઋત્વિકે જણાવ્યું હતું કે તેને ફિલ્મ ‘વોર’ની તૈયારી માટે અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. ઋત્વિકે જણાવ્યું હતું કે ત્યારે મને લાગતું હતું કે ‘વોર’નું શૂટીંગ કરતી વખતે હું મરી જઈશ. કારણ કે ઋત્વિકને લાગતું હતું કે તે આવા ચેલેન્જીંગ રોલ માટે તૈયાર નથી. કે જેમાં આટલા પર્ફેકશનની જરૂર પડેલ. ઋત્વિકે જણાવ્યું હતું કે ‘વોર’ મને તનાવના કારણે થાક લાગતો હતો.મેં લગભગ ત્રણ મહિના સુધી કોઈ એકસરસાઈઝ નહોતી કરી, હું ડિપ્રેસનની નજીક હતો પણ મને ત્યારે લાગ્યું કે મારે વસ્તુઓ બદલવી જોઈએ. બાદમાં ઋત્વિકે તેની ફિટનેસ ટ્રેનીંગ શરૂ કરી દીધી હતી અને પછી કેટલાય વીક સુધી તેમાંથી રજા નહોતી લીધી. તાજેતરમાં ઋત્વિકે તેનો ફિટનેસ વાળો ફોટો પણ શેર કર્યો હતો. ઋત્વિકે લખ્યું હતું- તેને બોડી ટ્રાન્સફોમેશનની પ્રોસેસ મજેદાર લાગી. ઋત્વિક તેની આગામી ફિલ્મ ‘ફાઈટર’માં દીપિકા પડૂકોણ સામે ચમકે છે.



# સુભાષ ઘાઈ ફરી એક વાર અનિલ અને જેકીની જોડી જમાવવા આતુર



અનિલ કપૂર અને જેકી શ્રોફ એક દાયકા પછી મોટા પડદા પર એક ફિલ્મ સાથે કરે તેવી શક્યતા છે. તેમની જોડીની સુપરહિટ ફિલ્મ ‘રામ લખન’ના ડાયરેક્ટર સુભાષ ઘઈએ બંને કલાકારોનો આગામી ફિલ્મ માટે સંપર્ક કર્યો છે. અનિષ બઝમીએ આ ફિલ્મની પટકથા લખી છે. તેમણે ફિલ્મમાં ચોર અને પોલીસની મુખ્ય ભૂમિકા માટે અનિલ કપૂર અને જેકી શ્રોફનો સંપર્ક કરાયો હોવાની પુષ્ટિ કરી હતી.

અનિલ કપૂર અને જેકી શ્રોફે ૮૦-૯૦ના દાયકામાં લગભગ ૧૨ જેટલી ફિલ્મોમાં સાથે કામ કર્યું હતું. આ જોડી દર્શકોમાં લોકપ્રિય બની ગઇ હતી. બંને કલાકારો છેલ્લે ૨૦૧૩માં શૂટ આઉટ એટ વડાલા ફિલ્મમાં સાથે જોવા મળ્યા હતા. જોકે, બંનેમાંથી કોઈ કલાકારોએ હજુ સુધી નવી ફિલ્મ બાબતે સત્તાવાર રીતે કશું જણાવ્યું નથી.

# કંગનાની ‘ઈમર્જન્સી’માં 10 મિનિટ જેટલું લાંબુ ગીત હશે...!




કંગના રનૌત હાલ તેની આગામી ફિલ્મ ‘ઈમર્જન્સી’ પર જોરશોરથી કામ કરી રહી છે. તેણે આ ફિલ્મ વિષે વાત કરતા જણાવ્યું હતું કે તેની આ ફિલ્મ એક મ્યુઝિકલ ડ્રામા છે. જેમાં પાંચ ગીતો છે. ઉલ્લેખનીય છે કે ‘ઈમર્જન્સી’ ફિલ્મ 1975ની ઈમર્જન્સી રાષ્ટ્રીય કટોકટી પર આધારિત ફિલ્મ છે. કંગનાએ સોશિયલ મીડિયા પર ફિલ્મના સેટની તસ્વીર શેર કરીને કેપ્શનમાં લખ્યું છે- આજે સેટ પર કોરિયોગ્રાફર છે. નિર્દેશક આરામથી કામ કરી શકે છે. આમેય ‘ઈમર્જન્સી’માં 5 ગીત છે અને ફિલ્મ એક મ્યુઝિકલ ડ્રામા છે. મને નથી ખબર કે લોકો ઈમર્જન્સીમાં ગીતની અપેક્ષા શા માટે ન રાખી શકે. મને સંગીત પસંદ છે, ‘ઈમર્જન્સી’માં 10 મિનિટ પણ લાંબુ ગીત હોઈ શકે છે. આ પહેલા કંગનાએ પોતાના સોશિયલ મીડિયાથી જાણકારી આપી હતી કે મ્યુઝિક કમ્પોઝરી જી.વી. પ્રકાશ અને ગીતકાર મનોજ મુંતશિરની સાથે ‘ઈમર્જન્સી’માં મ્યુઝિક પર કામ કરવામાં આવશે. કંગના આ ફિલ્મમાં માત્ર મુખ્ય ભૂમિકા જ નથી ભજવતી બલકે ફિલ્મનું નિર્દેશન પણ કરી રહી છે. ફિલ્મમાં તે ઈન્દિરા ગાંધીની ભૂમિકા ભજવી રહી છે.



# ભોજપુરી અભિનેત્રી નમ્રતા બ્લેક બિકીનીમાં લાગી રહી છે સુપરબોલ્ડ

નમ્રતા મલ્લા એક ભોજપુરી અભિનેત્રી છે. નમ્રતા તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર દરરોજ ફોટો અને વીડિયો પોસ્ટ કરતી રહે છે. હાલમાં અભિનેત્રીએ લેટેસ્ટ તસવીરો શેર કરી છે. નમ્રતા ખૂબ જ હોટ અભિનેત્રીઓમાંની એક છે. ફેન્સ નમ્રતાને ખૂબ જ પસંદ કરે છે. અભિનેત્રીએ હાલમાં જ તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં નમ્રતા બ્લેક બિકીની પહેરેલી જોવા મળી રહી છે. નમ્રતાની આ તસવીરો સોશિયલ મીડિયા પર ખૂબ જ ખળભળાટ મચાવી રહી છે. ભોજપુરી અભિનેત્રીએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટને અપડેટ કરતી વખતે એક રીલ પણ શેર કરી છે, જેમાં તે જબરદસ્ત ડાન્સ કરતી જોવા મળી રહી છે. નમ્રતા બ્લેક બિકીનીમાં સુપરબોલ્ડ લાગી રહી છે. નમ્રતાની સ્ટાઈલ જોઈને ચાહકો ઘાયલ થાય છે.





# ‘માનવ તસ્કરી’નો શિકાર, ભૂખ્યા પેટે ત્રણ દિવસ રૂમમાં બંધ, હિબાની રૂવાટાં ઊભા કરી દે તેવી સ્ટોરી...

માનવ તસ્કરી સમગ્ર વિશ્વમાં એક મોટી સમસ્યા છે. ડેટિંગ આધારિત રિયાલિટી શો ‘સ્પ્લિટ્સવિલા 14’માં જોવા મળેલી હિબા ટ્રેબેલ્સી પણ આનો શિકાર બની છે. તાજેતરમાં હિબાએ એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે કે જ્યારે તે ભારત આવી ત્યારે તેનું અપહરણ કરવામાં આવ્યું હતું અને ત્રણ દિવસ સુધી ભોજન વિના તેને એક રૂમમાં બંધ કરી દેવામાં આવી હતી. જો કે તેણીએ હાર ન માની અને આ મુશ્કેલીમાંથી બહાર આવી. હિબાએ વાતચીતમાં તેની આ ભયંકર જર્ની વિશે જણાવ્યું હતું. હિબાએ શેર કર્યું કે જ્યારે તે ટ્યુનિશિયાથી ભારતમાં મોડલ બનવાનું સપનું લઈને આવી હતી. ત્યારે તેની સાથે એવી ઘટના બની જે તે ક્યારેય ભૂલી નહી શકે.

હિબા કહે છે કે તેણીએ એક વ્યક્તિ પર વિશ્વાસ કર્યો જેણે તેણીને ‘માનવ તસ્કરી’માં ધકેલી દીધી હતી.

હિબાએ કહ્યું, “જ્યારે હું મોડલિંગ ઈન્ડસ્ટ્રીમાં કરિયર બનાવવા માટે ભારત આવી ત્યારે મારી સાથે છેતરપિંડી થઈ. હું આનાથી સંપૂર્ણપણે ભાંગી પડી હતી. મને ખ્યાલ નહોતો કે હું માનવ તસ્કરીનો શિકાર બની ગઇ છું. આ મારા જીવનની સૌથી ડરામણી ઘટના હતી. જેના પર મેં સૌથી વધુ ભરોસો કર્યો તેણે મારો ભરોસો તોડ્યો અને આ વાતે મને હચમચાવી દીધી. તે ખૂબ જ જટિલ હતી. મારી સાથે અમાનવીય વર્તન કરવામાં આવ્યું. મારું અપહરણ કરીને ત્રણ દિવસ સુધી ખોરાક અને પાણી વિના રૂમમાં બંધ કરી દેવામાં આવી હતી.

હિબાએ જણાવ્યું કે આ ઘટના બાદ તે કેવી રીતે તેમાંથી બહાર આવી. હિબાએ કહ્યું, “મેં હાર ન માની અને આ દુ:સ્વપ્નમાંથી માંડ માંડ બહાર આવી. હું આ અનુભવથી ડરી ગઇ હતી. જો કે આ ઘટના બાદ હું ખૂબ જ મજબૂત બની ગઈ. આ ઘટનાએ મને શારીરિક અને માનસિક રીતે ખૂબ જ ખરાબ અસર કરી. મારા જીવનના સારા દિવસોનો ભાગ બનવા માટે હું સ્પ્લિટ્સવિલા સીઝન 4ની આભારી છું. અહીંથી હવે માત્ર ઊંચે જવાનું છે. તમને જણાવી દઈએ કે તેણે શોમાં વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી કરી છે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com



# ગુજરાતમાં ઠંડીનો ફરી વધુ એક રાઉન્ડનો પ્રારંભ

■ તાપમાન ત્રણથી છ ડિગ્રી સુધી ઘટવાની હવામાન વિભાગની આગાહી

ગુજરાત | વંદન

ગુજરાતમાં એક વાર ફરી ઠંડીનો વધુ એક રાઉન્ડનો પ્રારંભ શરૂ થયો છે. આગામી ત્રણ ચાર દિવસ દરમિયાન રાજ્યભરમાં તાપમાન સામાન્ય કરતા ત્રણથી છ ડિગ્રી સુધી ઘટવાની હવામાન વિભાગે આગાહી કરી છે. ગુરૂવારે રાત્રે રાજ્યમાં ઠંડીમાં ઘટાડો નોંધાયો હતો અને મોટાભાગના શહેરોમાં લઘુતમ તાપમાન 14 ડિગ્રીથી વધારે હતુ. કચ્છમાં 14 અને 15 જાન્યુઆરીએ કોલ્ડવેવની આગાહી કરવામાં આવી છે.

તો અમદાવાદમાં પણ ઠંડીનો પારો દસ ડિગ્રીથી નીચે જવાની શક્યતા છે. રાજ્યના અલગ અલગ શહેરોમાં ઠંડીના આંકડાની વાત કરીએ તો વલસાડમાં સૌથી નીચુ 13 ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ. તો વડોદરામાં ઠંડીનો પારો 14.4 ડિગ્રી પર પહોંચી ગયો હતો. વલ્લભવિદ્યાનગરમાં ઠંડીનો પારો 14.5 ડિગ્રી પર પહોંચ્યો હતો. તો નલિયામાં ઠંડીનો પારો 14.8 ડિગ્રી પર પહોંચ્યો હતો.

જો કે આગામી 14 અને 15 જાન્યુઆરીના રોજ નલિયામાં ઠંડીનો પારો ચાર ડિગ્રી સુધી જવાની હવામાન વિભાગે આગાહી વ્યક્ત કરી છે. કેશોદમાં ઠંડીનો પારો 15.7 ડિગ્રી, સુરત અને સંઘ પ્રદેશ દમણમાં ઠંડીનો પારો 16 ડિગ્રી પર પહોંચ્યો છે. તો ગાંધીનગરમાં ઠંડીનું તાપમાન 16.2 ડિગ્રી નોંધાયુ. મહુવામાં ઠંડીનો પારો 16.3 ડિગ્રી પર પહોંચ્યો હતો. તો પોરબંદર, અમદાવાદ અને સંઘ પ્રદેશ દિવમાં ઠંડીનો પારો 17 ડિગ્રી પર પહોંચ્યો છે. હવામાન વિભાગની આગાહી અનુસાર અમદાવાદમાં 14થી 16 જાન્યુઆરીમાં ઠંડીનો પારો નવ ડિગ્રી સુધી ગગડી શકે છે. અમરેલીમાં ઠંડીનો પારો 17.3 ડિગ્રી, ભાવનગરમાં 17.4 ડિગ્રી, ભૂજમાં 17.6 ડિગ્રી અને ડીસામાં ઠંડીનો પારો 17.8 ડિગ્રી સુધી નોંધાયો. તો રાજકોટમાં 18.7 ડિગ્રી અને વેરાવળમાં ઠંડીનો પારો 19.3 ડિગ્રી પર પહોંચ્યો હતો.

# સુરતમાં પતંગ ઉડાવી રહેલ કિશોરનું પાંચમાં માળેથી નીચે પટકાતા મોત

પતંગ લૂંટવા જતા કિશોર કુવામાં ખાબક્યો

ગુજરાત | વંદન



ઉત્તરાયણ પહેલા સુરતમાં પણ માતા-પિતા માટે ચોંકાવનારી એવી ઘટના બની છે. ધાબા પર પતંગ ઉડાવવા ગયેલા કિશોરનું ધાબા પરથી નીચે પટકાતા મોત થયુ છે. પલસાણાના વાંકાનેડા ગામે આવેલા શિવ શક્તિ કોમ્પ્લેક્સના ફ્લેટમાં આ ઘટના બની છે. ત્યારે પોલીસે સમગ્ર ઘટના મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સુરત જિલ્લાના વાંકાનેડા ગામમાં એક કિશોરનું ધાબા પરથી નીચે પટકાતા મોત થયાની ઘટના સામે આવી છે. ઉત્તરાયણનો પર્વ નજીક છે ત્યારે આ ઘટનાએ લોકોમાં ભયનો માહોલ ફેલાવી દીધો છે. ખાસ કરીને માતા-પિતા માટે ચોંકાવનારી ઘટના સામે આવી છે. કારણકે બાળક જ્યારે ધાબા ઉપર પતંગ ઉડાવવા જતો હોય છે ત્યારે માતા-પિતા રોજ તેની સાથે તેનું ધ્યાન રાખવા ધાબા પર જઈ શકતા નથી. ત્યારે બાળકે કરેલી નાની અમથી ભુલ માતા-પિતા પર પણ ભારે પડી જાય છે અને માતા-પિતાએ બાળકને ખોવાનો વારો આવે છે. ત્યારે સુરતમાં 5માં માળેથી એક કિશોર નીચે પટકાતા તેનું મોત થયુ છે. પલસાણાના વાંકાનેડા ગામે આવેલા શિવ શક્તિ કોમ્પ્લેક્સના ફ્લેટમાં આ ઘટના બની છે. આ કિશોર પતંગ ઉડાવવા માટે એક ધાબેથી બીજા ધાબા પર જતો હતો, તે દરમિયાન તે ધાબા પરથી નીચે પટકાયો હતો. ત્યારે આ બાબતે સ્થાનિક પોલીસે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

**મહેસાણાઃ પતંગ લૂંટવા જતા કિશોર કુવામાં ખાબક્યો**

ઉત્તરાયણ ટાળે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. મહેસાણાના ઊંઝા શહેરમાં એક ચેતવણીરૂપ ઘટના બની છે. અહીં પતંગ લૂંટતો

..અનુસંધાન પેજ નં. 6 પર

# ભારતીય રેલવે ગુજરાતના મુસાફરો માટે દોડાવવા જઈ રહી છે આ સ્પેશિયલ ટ્રેનો

ગુજરાત | વંદન

ભારતીય રેલવેએ મુસાફરોની સમસ્યાઓના નિરાકરણ માટે વિશેષ ટ્રેનો ચલાવવાનો નિર્ણય કર્યો છે. જેથી રેલવે મુસાફરોને રાહત મળી શકે. રેલવેએ ધુમ્મસના કારણે ઘણી ટ્રેનો રદ કરવામાં આવતા સ્ટેશનો પર મુસાફરોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. જેના કારણે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

ટ્રેન નંબર 09414 અમદાવાદથી મુંબઈ સેન્ટ્રલ સુપરફાસ્ટ સ્પેશિયલ 15મી જાન્યુઆરી, 2023ના રોજ રવિવારે અમદાવાદથી સવારે 06:00 કલાકે ઉપડશે અને તે જ દિવસે બપોરે 12.55 કલાકે મુંબઈ સેન્ટ્રલ પહોંચશે. આ ટ્રેન વડોદરા, સુરત, વાપી અને બોરીવલી સ્ટેશન પર ઉભી રહેશે. આ ટ્રેનમાં એસી 2-ટાયર, એસી 3-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.

ટ્રેન નંબર 09141 અને 09414નું બુકિંગ 13 જાન્યુઆરી, 2023થી પેસેન્જર રિઝર્વેશન સેન્ટર્સ અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનના સમય, સ્ટોપેજ અને કમ્પોઝિશન વિશે વિગતવાર માહિતી માટે મુસાફરો enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકો છો.



અમદાવાદથી મુંબઈ અને મુંબઈથી અમદાવાદ ટ્રેન

આ સમસ્યાને ધ્યાનમાં રાખીને, પશ્ચિમ રેલવેએ મુસાફરોની સુવિધા માટે અને વધારે મુસાફરોને જોઈ બાંદ્રા ટર્મિનસથી અમદાવાદ અને અમદાવાદથી મુંબઈ સેન્ટ્રલ સુધી વિશેષ ભાડા સાથે સુપરફાસ્ટ વિશેષ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લીધો છે. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી સુમિત ઠાકુરએ ટ્રેનોની વિગતો આપી હતી.

## સ્પેશ્યલ ટ્રેનનો સમય અને તારીખ

ટ્રેન નંબર 09141 બાંદ્રા ટર્મિનસથી અમદાવાદ સુપરફાસ્ટ સ્પેશિયલ 14મી જાન્યુઆરી, 2023ના રોજ સવારે 05.30 કલાકે બાંદ્રા ટર્મિનસથી ઉપડશે અને તે જ દિવસે બપોરે 2.10 કલાકે અમદાવાદ પહોંચશે. આ ટ્રેન બોરીવલી, સુરત અને વડોદરા સ્ટેશન પર ઉભી રહેશે. આ ટ્રેનમાં એસી 2-ટાયર, એસી 3-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.

**સુરતથી અમરાવતી ટ્રેન**

પશ્ચિમ રેલવે ટ્રેન નંબર 20925/26 સુરતથી અમરાવતી એક્સપ્રેસને બે અઠવાડિયાથી ત્રિ અઠવાડિયા સુધી વધી છે. પશ્ચિમ રેલ્વેએ મુસાફરોની સુવિધા માટે ટ્રેન નંબર 20925/20926 સુરતથી અમરાવતી એક્સપ્રેસને બે અઠવાડિયાથી ત્રણ અઠવાડિયા સુધી વધારી છે.પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી સુમિત ઠાકુરના જણાવ્યા મુજબ, ટ્રેન નંબર 20925 સુરતથી અમરાવતી એક્સપ્રેસ 19 જાન્યુઆરી, 2023થી શુક્રવાર અને રવિવાર તેમજ ગુરુવારે સુરતથી નિકળશે. આ ઉપરાંત, ટ્રેન નંબર 20926 અમરાવતીથી સુરત એક્સપ્રેસ 20 જાન્યુઆરી, 2023થી સોમવાર અને શનિવાર તેમજ શુક્રવારે અમરાવતીથી દોડશે.

## હાઈકોર્ટની ટકોર બાદ તંત્ર હરકતમાં

# ભાવનગરમાં એક જ સપ્તાહમાં 500થી વધુ રખડતા ઢોર ડબ્બામાં!

■ અત્યાર સુધીમાં 1400 ઢોર પૂરવામાં આવ્યા!

ગુજરાત | વંદન

હાઈકોર્ટે કરેલી ટકોર બાદ રાજ્યની વિવિધ મહાનગર પાલિકાઓ તેમજ નગરપાલિકાઓ હરકતમાં આવી ઢોર પકડવા માટે સક્રિય થઈ ગઈ છે. ભાવનગરમાં પણ અન્ય શહેર અને જિલ્લાઓની જેમ જ રખડતા ઢોરનો ત્રાસ છે ત્યારે કોર્પોરેશને સઘન કામગીરી હાથ ધરતા આશરે 500 જેટલા ઢોર પકડીને ડબ્બામાં પૂરી દીધા હતા અને હજી પણ આ કામગીરી યથાવત્ છે.

ત્યારે છેલ્લા એક અઠવાડિયામાં 500થી વધારે ઢોરને પકડીને ડબ્બામાં પૂરી દેવાયા છે. ત્યારે સ્થાનિકોના જણાવ્યા પ્રમાણે ભાવનગરના કોર્પોરેશનના ઈતિહાસમાં પ્રથમ વાર ઘટના બની છે કે આટલા બધા ઢોર પકડવામાં આવ્યા હોય. અત્યાર સુધીમાં 1400 થી વધારે રખડતા ઢોર ડબ્બામાં પુરવામાં આવ્યા છે અન જો આ રીતે એક મહીનો ઢોર પકડવાની કામગીરી કડક રીતે ચાલશે તો કદાચ ભાવનગર શહેરની પ્રજા રખડતા ઢોરના ત્રાસ માંથી મુક્તિ પામશે.



હાઈકોર્ટની ફટકાર બાદ ભાવનગર કમિશનરે ઢોર પકડવાની કામગીરી ખૂબ જ ઝડપી રીતે ચલાવી છે. જાહેરનામું પ્રસિદ્ધ થયા બાદ શહેરમાંથી 525 ગાય અને આખલાને પકડીને પૂરવામાં આવ્યા છે. હાલમાં કોર્પોરેશનના એરપોર્ટ રોડ તેમજ અખીલ સર્કલના ઢોર ડબ્બા પણ ભરચક થઈ ગયા છે. તેમજ વધુ એક ઢોર ડબ્બો કોર્પોરેશનની ટાઉન પ્લાનિંગની જગ્યામાં ઉભો કરવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે.

## ચલી...ચલી....રે પતંગ મેરી પ્લેન કે પાસ...!



મકરસંક્રાંતિ. ઉત્તરાયણ. પતંગ-દોરી, ફિરકી, લપેટ લે, એ...કાઈપ્યો... ચિક્કી, બોર, તલ-સાંકળી, ડીજે, ઊંધિયું...પર્વ એટલે મોજ-મજા-મસ્તી અને સાથે સાથે દાન પુણ્યનો મહિમા. અમદાવાદના છેડે એક મકાન પર પતંગ રસિયાઓ આકાશમાં પતંગ ચગાવી એજ વખતે એક વિમાન ઉતરી રહ્યું હતું એ આબાદ તસ્વીર કેમેરામાં કેદ થઈ, જાણે કે પતંગ વિમાન તરફ જઈ રહી છે. ઈનસેન્ટ તસ્વીરમાં નવી પેઢીના યુવક-યુવતીઓ પતંગની મોજ માણી રહ્યાં છે. (તસ્વીરઃ મૌર્ય ભાગ્યવાન)

# વ્યાજખોરો સામે સરકારની ઝુંબેશ, 316ની ધરપકડ

ગુજરાત | વંદન

રાજ્ય સરકારે સામાજિક દૂષણ વ્યાજખોરો સામે શરુ કરેલી ઝુંબેશના પગલે 316 વ્યાજખોરોની ધરપકડ થઈ છે. પોલીસ દ્વારા આયોજિત લોકદરબારમા રજૂ થયેલી પીડિતોની આપવીતી સાંભળીને પોલીસ સત્તાવાળાઓ પણ ચોંકી ઉઠ્યા હતા.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે રાજ્ય વ્યાજખોરોનો આતંક છે. જેના કારણે કેટલાક લોકોને આત્મહત્યા પર કરવી પડી છે. રાજ્ય સરકારે વ્યાજખોરોના આતંકના પગલે એક એક્શન પ્લાન તૈયાર કર્યો છે. જેના ભાગરુપે પોલીસ અત્યાર સુધી રાજ્યમાં કુલ 939 લોક ફરિયાદના

...અનુસંધાન પેજ નં. 6 પર

## રખડતા પશુઓ અને આખલાના ત્રાસમાંથી લોકોને મુક્તિ અપાવવા

# રાજ્યમાં 50,000 રખડતાં આખલાનું ખસીકરણ કરવાનો નિર્ણય, 8 મનપા અને 156 નપામાં અમલ

■ કેબિનેટની બેઠકમાં નિર્ણય

ગુજરાત | વંદન

રાજ્યમાં રખડતા પશુઓ અને આખલાના ત્રાસમાંથી લોકોને મુક્તિ અપાવવા મહત્વનો નિર્ણય લીધો છે. સમગ્ર રાજ્યમાં આખલાઓના ખસીકરણ માટે ઝુંબેશ ચલાવવાનો કેબિનેટની બેઠકમાં નિર્ણય લેવાયો છે. જે અંતર્ગત રાજ્યની 8 મહાનગરપાલિકા, 156 નગરપાલિકાઓ અને ગ્રામ્ય વિસ્તારમાં ખસીકરણની કાર્યવાહી કરાશે.



આ ઝુંબેશ અંતર્ગત એક વર્ષથી વધુ ઉંમરના અંદાજે 50 હજાર રખડતા આખલાઓનું ખસીકરણ કરવામાં આવશે. એટલું જ નહીં, ખસીકરણ બાદ એક અઠવાડિયા માટે પશુઓના નિભાવ અને સાર-સંભાળની વ્યવસ્થા પણ કરવામાં આવશે. જેના માટે રાજ્યની 8 મહાનગરપાલિકાઓમાં કુલ 105 કેટલ પોન્ડ કાર્યરત કરવામાં આવ્યા છે.

આખલાઓના ખસીકરણની કામગીરી નિષ્ણાંતોની ટીમ દ્વારા કરવામાં આવશે. સમગ્ર ખસીકરણ કામગીરી વેટેરનરી કૉલેજોના અધ્યાપકો તથા પશુપાલન ખાતાના પશુચિકિત્સા અધિકારીઓના સંકલનથી હાથ ધરાશે. આ ટીમમાં 1 પશુચિકિત્સા અધિકારી, 2 પશુધન નિરિક્ષક અને 2 હેન્ડલરનો સમાવેશ કરવામાં આવશે. ખસીકરણ બાદ આખલાઓને ગૌ માતા પોષણ યોજનાની સહાય મેળવતી સંસ્થાઓમાં મોકલાશે.



# અમદાવાદઃ મહાનગરપાલિકાની શાળામાં હવે ભગવદ્ ગીતાના પાઠ પણ ભણાવાશે

ગુજરાત | વંદન

આગામી શૈક્ષણિક વર્ષથી મહાનગરપાલિકાઓની શાળામાં હવે ભગવત ગીતાના પાઠ પણ ભણાવાશે. રાજય સરકાર દ્વારા આ અંગે કરાઈ રહેલા પ્રયાસોમાં અમદાવાદ મ્યુ. કોર્પોરેશન સ્કુલ બોર્ડે પહેલ કરી છે અને મ્યુનિસીપાલીટીની શાળાઓમાં ભગવદ ગીતાના પાઠ ભણાવવા માટે અને તેના નિષ્ણાંતોને રોકવા માટે રૂા.10 લાખનું બજેટ નિશ્ચિત કર્યુ છે.

સ્કુલબોર્ડના દ્વારા તેમના મંજુર કરાયેલા બજેટમાં આ જોગવાઈ કરવામાં આવી છે. જો કે ભગવદ ગીતાનો અભ્યાસ એ તમામ માટે ફરજીયાત હશે અને તે એવી રીતે ભણાવાશે કે વિદ્યાર્થીઓ ભગવદગીતાના શ્લોકોનું ઉચ્ચારણ કરી શકશે અને લખી પણ શકશે. અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના સ્કુલબોર્ડ દ્વારા રાજયોના અન્ય સ્કુલબોર્ડ પણ આ અંગે આગળ વધશે તેવા સંકેત છે.

અમદાવાદ મ્યુ. સ્કુલબોર્ડની 469 શાળા ચાલે છે અને તેમાં 1.66 લાખ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ગત વર્ષે માર્ચમાં ભગવદ ગીતાના અભ્યાસક્રમ રાજયોમાં ધો.6થી ધો.12 ના વિદ્યાર્થીઓ માટે દાખલ કરવા નિર્ણય લીધો હતો. આ માટે સરકાર ઓકેશ્નલ ટ્રેનીંગ પણ શરુ કરશે.

/gujaratvandan

ગુજરાત વંદન

ગુજરાત વંદન તરફથી આકર્ષક ઓફર

અમદાવાદથી પ્રસિદ્ધ "ગુજરાત વંદન" સાપ્તાહિક અખબાર દ્વારા વાર્ષિક લવાજમની આકર્ષક ઓફર જાહેર કરવામાં આવે છે.

રૂા.260ના વાર્ષિક લવાજમમાં તમને મળશે

આખું વરસ ગુજરાત વંદન અખબાર + ઘરવપરાશની ઉપયોગી ચીજવસ્તુ + જાણીતા સલૂન સિક્રેટ સેવન્ટીનનો 30 ટકા ડિસ્કાઉન્ટ સાથેનો વાઉચર

વહેલા તે પહેલાના ધોરણે આપના અખબાર વિતરકનો સંપર્ક કરવા વિનંતી.

ગુજરાત વંદન
વ્યવસ્થાપક માર્કેટિંગ

સંપર્ક : 63572-63573

820, સાકાર-9, આશ્રમ રોડ સીટી ગોલ્ડની બાજુમાં, અમદાવાદ-380009

www.gujaratvandan.com

Secret 7ટીન™
Hair & Nails Studio